RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 405 Dt. 21-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ચીન-નાપાક આતંકીઓની ઢાલ બનવાનું બંધ કરે...!

## ગ્લોબલ લિસ્ટિંગમાં રાજકીય દખલગીરી ક્યારેય સાંખી નહીં લેવાય; વૈશ્વિક આતંકીઓને બચાવવાની બેવડી નીતિનો પર્દાફાશ કરી UNSCના ૮૦ વર્ષ જૂના માળખામાં ધરખમ સુધારાની ભારતની જોરદાર માંગ

નવી દિલ્હી, તા.૨૦

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં ભારતે આતંકવાદના મુદ્દે પાકિસ્તાન અને ચીન પર આકરા પ્રહારો કર્યા છે. ભારતે કડક શબ્દોમાં સ્પષ્ટ સંકેત આપ્યો છે કે બંને દેશો આતંકવાદીઓની ઢાલ બનવાનું બંધ કરે. ભારતે ભારપૂર્વક જણાવ્યું છે કે સંયુક્ત રાષ્ટ્રને પોતાના સંકીર્ણ રાજકીય સ્વાર્થ સાધવાનું મંચ ન બનાવવું જોઈએ અને આતંકવાદીઓની ગ્લોબલ લિસ્ટિંગ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારનો રાજકીય હસ્તક્ષેપ બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં.

સુરક્ષા પરિષદની કાર્યપ્રણાલી પર આયોજિત એક મહત્વપૂર્ણ ચર્ચા દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ યોજના પટેલે કોઈ દેશનું સીધું નામ લીધા વિના પાકિસ્તાન અને ચીનની બેવડી નીતિ પર પરોક્ષ પ્રહારો કર્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે કોઈપણ આતંકવાદીને પ્રતિબંધિત યાદીમાં ઉમેરવાની કે તેમાંથી હટાવવાની પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને નિષ્પક્ષતા હોવી અત્યંત જરૂરી છે. આ ઉપરાંત, તેમણે આતંકવાદ અને પ્રતિબંધો સાથે જોડાયેલા મામલાઓ જોતી સહાયક સમિતિઓની વર્તમાન સ્થિતિ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. પરિષદના આંતરિક મતભેદોના કારણે આ કમિટીઓના અધ્યક્ષોની નિમણૂક અટકેલી છે,



જેનાથી આતંકવાદ વિરોધી કામગીરી પર માઠી અસર પડી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાને તાજેતરમાં પોતાના દેશમાં આશરો લઈ રહેલા કેટલાક આતંકીઓને યુએન પ્રતિબંધિત યાદીમાંથી હટાવવાના અને અન્ય સંગઠનોને ઉમેરવાના પ્રયાસો કર્યા હતા. બીજી તરફ, ચીને ભૂતકાળમાં જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર અને લશ્કર-એ-તૈયબાના નેતા સાજિદ મીર જેવા ખુંખાર આતંકીઓને 'વૈશ્વિક આતંકવાદી' જાહેર કરવાના ભારત અને અમેરિકાના સંયુક્ત પ્રયાસોમાં વારંવાર અડચણો ઊભી કરી છે. ભારતે સ્પષ્ટ કર્યું કે સુરક્ષા પરિષદની સદસ્યતા પોતાની સાથે મોટી જવાબદારીઓ લાવે છે અને તેને પોતાના અંગત રાજકીય હિતો માટે વાપરવી એ સંપૂર્ણપણે અયોગ્ય છે.

આ ચર્ચા દરમિયાન ભારતે સિક્યોરિટી કાઉન્સિલના કાયમી અને અસ્થાયી બંને માળખામાં સુધારાની પોતાની જૂની અને વાજબી માંગણીને ફરીથી દોહરાવી હતી. ભારતે જણાવ્યું કે ૧૯૪૫ ના દ્વિતીય વિશ્વયુદ્ધ સમયની ૮૦ વર્ષ જૂની સંરચનાને આજના સમયની સુરક્ષા પરિષદ પર લાદવી એ વાસ્તવિકતાથી વિપરીત છે. ૧૯૪૫ પછી યુએનના સભ્ય દેશોની સંખ્યામાં ચાર ગણો વધારો થયો છે. તેથી, વર્તમાન સમયની જરૂરિયાતો મુજબ સુરક્ષા પરિષદમાં કાયમી અને અસ્થાયી બંને શ્રેણીઓમાં અન્ય દેશોનો સમાવેશ કરવો જોઈએ, જેથી વિકાસશીલ દેશોને પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળી શકે.

વધુમાં, વિશ્વના વિવિધ સંઘર્ષો અને યુદ્ધો ઉકેલવામાં UNSC ની નિષ્ફળતા પર સવાલ ઉઠાવતા ભારતે જણાવ્યું કે પરિષદની નિષ્ક્રિયતાના કારણે આજે વૈશ્વિક સ્તરે તેની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ઊભો થયો છે અને વિશ્વએ તેની ભારે માનવીય કિંમત ચૂકવવી પડી છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી લોકશાહી સંસ્થા એવી 'મહાસભા' (UNGA) સાથે શ્રેષ્ઠ તાલમેલ જાળવવા પણ અનુરોધ કર્યો હતો.

### ૧૦૦% શુદ્ધતાનો દાવો કરવો ભારે પડ્યો

# FSSAIની કાર્યવાહીની ઝપેટમાં ૬ ફૂડ કંપની

## ફૂડ સેફ્ટી વિભાગે લાલ આંખ કરતા જ ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી કંપનીઓએ પોતાના પ્રોડક્ટ લેબલ તાત્કાલિક બદલાવ્યા

નવી દિલ્હી, તા.૨૦

શું તમે બજારમાંથી '૧૦૦% શુદ્ધ', '૧૦૦% નેચરલ' કે '૧૦૦% અસલી' લખેલું વાંચીને કોઈ પ્રોડક્ટ ખરીદો છો? જો હા, તો સાવધાન થઈ જાવ! આવી લોભામણી જાહેરાતોથી ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી કંપનીઓ પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરિટી ઑફ ઇન્ડિયા(FSSAI) એ લાલ આંખ કરી છે. FSSAIના કડક પગલાંને કારણે એમવે ઈન્ડિયા, ઈમામી અને બોન બિસ્કિટ્સ સહિત ૬ મોટી ફૂડ કંપનીએ તેમના પેકેજિંગ અને જાહેરાતોમાંથી '૧૦૦%' શબ્દ હટાવવાની ફરજ પડી છે.

હાલમાં જ FSSAI એ ફૂડ બિઝનેસ સાથે જોડાયેલી કંપનીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે તેઓ લેબલ, પેકેજિંગ કે પ્રમોશનલ મટિરિયલ પર ''૧૦૦%'' શબ્દનો ઉપયોગ કરવાનું તાત્કાલિક બંધ કરે. નિયમનકારના મતે, આ શબ્દ ગ્રાહકોના મનમાં પ્રોડક્ટની સંપૂર્ણ શુદ્ધતા કે શ્રેષ્ઠતા અંગે ખોટી છાપ ઊભી કરે છે. ખાદ્ય સુરક્ષા અને



ધોરણો (જાહેરાત અને દાવાઓ) નિયમો, ૨૦૧૮ મુજબ, ખોરાકના દાવા સાચા, સ્પષ્ટ, અર્થપૂર્ણ અને ભ્રામક ન હોવા જરૂરી છે.

FSSAI ના હસ્તક્ષેપ બાદ ૬ કંપનીઓએ ભૂલ સ્વીકારીને તેમના દાવા પાછા ખેંચ્યા છે. Bonn Biscuits: કંપનીએ પોતાની વેબસાઈટ પરથી 'બોન ક્યૂમિન ફ્લેવર જીરા બાઈટ બિસ્કિટ'ની જાહેરાતમાંથી ''૧૦૦%''નો દાવો હટાવ્યો. Emami અને આશત India: ઝંડુ હની (Emami) અને એપિસ હનીના વેચાણકર્તાઓએ નિયમનકારની ચેતવણી બાદ લેબલ પરથી ''100% Honey''નો દાવો દૂર કરી દીધો છે. Amway India: તેમના 'પર્સોના ૧૦૦% શુદ્ધ નાળિયેર તેલ'ના પેકેજિંગ અને માર્કેટિંગમાંથી આ શબ્દ હટાવ્યો. કંપનીએ બજારમાંથી જૂનો સ્ટોક પાછો ખેંચી લીધો છે અને સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૨૬ સુધીમાંતબક્કાવાર નવું પેકેજિંગ લાવવાની યોજના બનાવી છે.

### સેલેરીમાં વધારો, પેન્શન યોજના અને ૬૪ રજાઓ સહિતના ચાવીરૂપ મુદ્દાઓ પર બેઠકમાં થઈ વિસ્તૃત ચર્ચા

# ૮મા પગાર પંચને લઈને દિલ્હીમાં મહામંથન

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીમાં જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં ૮મા કેન્દ્રીય પગાર પંચની બેઠક મળી હતી. NC-JCM સહિત વિવિધ કર્મચારી અને પેન્શનર્સ સંગઠનોએ પગાર, પેન્શન, ભથ્થાં અને ફીટમેન્ટ ફેક્ટર જેવા મુદ્દાઓ પર રજૂઆત કરી. AINPSEF એ OPS, UTs માટે સ્પષ્ટ વ્યવસ્થા અને શિક્ષકોના સેવા નિયમોમાં સમાનતા પર ભાર મૂક્યો. ન્યૂનતમ પગાર ₹૧૮,૦૦૦થી વધારીને ₹૬૯,૦૦૦ અને વાર્ષિક ઇન્ક્રીમેન્ટ ૬% કરવાની માંગ કરાઈ.

આઠમા કેન્દ્રીય પગાર પંચ(8th CPC)ની દિલ્હી ખાતે જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં નેશનલ કાઉન્સિલ-જેસીએમ(NC-JCM) સહિત વિવિધ કર્મચારી મંડળો અને પેન્શનર્સ સંગઠનોએ પગાર, પેન્શન, ભથ્થાં, અને ફીટમેન્ટ ફેક્ટર જેવા મુદ્દાઓ પર રજૂઆત કરી હતી. આ ક્રમમાં ઓલ ઈન્ડિયા એનપીએસ એમ્પ્લોઈઝ ફેડરેશન(AI-NPS-EF) પણ પોતાની માંગણીઓ સાથે કમિશન




સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

NC-JCMએ ૮મા પગાર પંચમાં ૩.૮૩ના ફીટમેન્ટ ફેક્ટરનો પ્રસ્તાવ મૂક્યો છે. હાલમાં ૭મા પગાર પંચ હેઠળ કર્મચારીઓનો ન્યૂનતમ બેઝિક પે રૂપિયા ૧૮,૦૦૦ છે, જેને સીધો વધારીને રૂપિયા ૬૯,૦૦૦ કરવાનો પ્રસ્તાવ રજૂ કરાયો છે. આ સિવાય, મહત્તમ પગાર રૂપિયા ૨,૧૫,૦૦૦ રાખવાનું સૂચન કરાયું છે. અત્યાર સુધી કેન્દ્રીય કર્મચારીઓને વાર્ષિક ૩ ટકાના દરે ઈન્ક્રીમેન્ટ મળે છે, જેને વધારીને ડબલ એટલે કે ૬ ટકા કરવાની માંગ રજૂ કરવામાં આવી છે.

AINPSEFના નેશનલ પ્રેસિડેન્ટ ડો. મંજિત સિંહ પટેલે જણાવ્યું કે તેમણે NC-JCMની મોટાભાગની માંગણીઓ પર સહમતિ દર્શાવવા સાથે ૩ મુખ્ય મુદ્દાઓ પર ખાસ ભાર મૂક્યો છે.જૂની પેન્શન યોજના(OPS)ની પુનઃસ્થાપનાઃ ૨૦૦૩ પછી સેવામાં આવેલા તમામ ગઝ્જ કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે અને GPF ની સુવિધા પૂરી પાડવામાં આવે. કેન્દ્ર સરકારના તમામ નોટિફિકેશન, આદેશો અને ગેઝેટ સીધા કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્વાયત્ત સંસ્થાઓ પર લાગુ થાય, સાથે જ કર્મચારીઓ માટે ઈન્ટર-ટ્રાન્સફર અને નિવૃત્તિ પછી CGHSની સુવિધા મળે.શિક્ષકોના સેવા નિયમોમાં સમાનતાઃ સ્કૂલના શિક્ષકોની નિવૃત્તિ વય પણ UGC અને મેડિકલ પ્રેક્ટિશનર્સની તર્જ પર ૬૫ વર્ષ કરવામાં આવે. આ સિવાય દર વર્ષે ૧૪ કેઝ્યુઅલ લીવ (CL), ૨૦ મેડિકલ લીવ અને ૩૦ અર્નિંગ લીવ (EL) આપવામાં આવે.

### પેન્શનર્સ માટે મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવો

સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે 'ફેમિલી યુનિટ'ની સંખ્યા ૩થી વધારીને ૫ કરવાની અને તેમાં માતા-પિતાનો પણ સમાવેશ કરવાની માંગ મૂકવામાં આવી છે. તે સિવાય, પેન્શનર્સ માટે નીચે મુજબના પ્રસ્તાવો રજૂ કરાયા છે. નિવૃત્તિ સમયે છેલ્લે મેળવેલા પગારના (Last Drawn Pay) ૬૭% પેન્શન તરીકે મળે. ફેમિલી પેન્શન છેલ્લે મેળવેલા પગારના ૫૦% નક્કી કરવામાં આવે.દર ૧૦ વર્ષના બદલે દર ૫ વર્ષે પેન્શનનું રિવિઝન કરવામાં આવે. ન્યૂનતમ HRA વધારીને 30% કરવામાં આવે તથા લીવ એનકેશમેન્ટની સીમા હટાવી દેવાય.જો કેન્દ્ર સરકાર આ સૂચનો અને માંગણીઓનો આંશિક રીતે પણ સ્વીકાર કરશે તો આઝાદી પછીનો આ સૌથી મોટો પગાર વધારો સાબિત થઈ શકે તેવું મનાય છે.

# ભારત ટૂંક સમયમાં ૫૦૦ કિલોના બંકર બસ્ટર બોંબનું કરશે પરીક્ષણ

## પાકિસ્તાનનું વધ્યું ટેન્શન : સફળતા બાદ તેને સેનામાં સામેલ કરશે

નવી દિલ્હી, તા.૨૦

ભારતનું ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઑર્ગેનાઇઝેશન એટલે કે(DRDO) અને ભારતીય વાયુસેના(IAF) સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૨૬માં દેશી PGB-૫૦૦ પ્રિસિઝન ગાઈડેડ બોંબનું Su-30MKI ફાઈટર વિમાન પર ફ્લાઈટ ટેસ્ટિંગ કરવા જઈ રહ્યા છે. ૫૦૦ કિલોગ્રામના વોરહેડ ધરાવતો આ બોંબ મજબૂત બંકરો, કમાન્ડ સેન્ટર્સ અને વ્યૂહાત્મક માળખાકીય સુવિધાઓને નિશાન બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

પરીક્ષણ દરમિયાન વિમાન પર બોંબનું વહન, એરોડાયનેમિક બેલેન્સ અને સુરક્ષિત રિલીઝની તપાસ કરવામાં આવશે. ગાઇડન્સ સિસ્ટમમાં GPS/INS સાથે પ્રિસિઝન ટર્મિનલ ટાર્ગેટિંગ સામેલ હોવાની શક્યતા છે. PGB-૫૦૦ એ સ્વદેશી પ્રિસિઝન



ગાઈડેડ બોંબ પરિવારનો એક ભાગ છે. આ ભારે શ્રેણીનું શસ્ત્ર છે, જે અત્યંત ચોકસાઈ સાથે મજબૂત લક્ષ્યોને ભેદી શકે છે. સફળ પરીક્ષણ બાદ તેને સેનામાં સામેલ કરવામાં આવશે.

પડોશી દેશો એવા પાકિસ્તાન, બાંગ્લાદેશ કે મ્યાનમારમાં છુપાયેલા આતંકવાદીઓના બંકરો અથવા જમીનની અંદરના ઠેકાણા હવે સંપૂર્ણપણે નષ્ટ થઈ જશે. Su-30MKI પહેલાથી જ બ્રહ્મોસ, અસ્ત્ર અને રુદ્રમ જેવા શસ્ત્રો વહન કરે છે. આ બોંબ ઉમેરાવાથી વિમાનની સ્ટ્રાઇક ક્ષમતામાં વધુ વધારો થશે. પરીક્ષણ સફળ થયા બાદ તેને સેનામાં સામેલ કરાશે.

પહેલા કેરેજ ટેસ્ટ થશે જેમાં બોંબ વિમાનના પાઈલોન પર લગાવવામાં આવશે. આમાં એરોડાયનેમિક લોડ, ડ્રેગ અને હેન્ડલિંગની ચકાસણી થશે. ત્યારબાદ રીલીઝ ટેસ્ટમાં સુરક્ષિત અલગીકરણ, નેવિગેશન બેલેન્સ અને ગાઇડન્સ ચોકસાઈ જોવામાં આવશે. આ પરીક્ષણો DRDO અને IAFના સંયુક્ત પ્રયાસથી હાથ ધરાશે. સફળ ટેસ્ટિંગ બાદ ઓપરેશનલ મૂલ્યાંકન કરવામાં આવશે. Su-30MKI જેવા મલ્ટી-રોલ પ્લેટફોર્મ પર આ શસ્ત્ર નેટવર્ક-સેન્ટ્રિક યુદ્ધમાં પણ ખૂબ ઉપયોગી સાબિત થશે.

આ પ્રોજેક્ટ 'મેક ઇન ઇન્ડિયા'નો એક ભાગ છે. DRDO હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ(HAL) અને ખાનગી ઉદ્યોગો સાથે મળીને કામ કરી રહ્યું છે. ઘરેલુ ઉત્પાદનથી સપ્લાય ચેઈન મજબૂત થશે અને ખર્ચ ઘટશે. ભારતની પ્રિસિઝન સ્ટ્રાઇક ક્ષમતા વધશે જેનાથી સરહદ સુરક્ષા અને વ્યૂહાત્મક સક્ષમતા મજબૂત બનશે. અન્ય સ્વદેશી શસ્ત્રો સાથે આ વાયુસેનાને વધુ સક્ષમ બનાવશે. સફળ પરીક્ષણ બાદ ઇન્ડક્શન અને મોટા પાયે ઉત્પાદનની પ્રક્રિયા શરૂ થશે. આ ભારતની સંરક્ષણ ઔદ્યોગિક ક્ષમતાની પરિપક્વતા દર્શાવે છે. ક્ષેત્રીય સુરક્ષા પડકારો વચ્ચે સ્વદેશી શસ્ત્રોનો વિકાસ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

# ૧૦ લાખ ટન ડ્યૂટી ફ્રી આયાતને લીલી ઝંડી

## ખાંડના ભાવને કાબૂમાં લેવા કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય : જથ્થાબંધ ખરીદદારો માટે સ્ટોક મર્યાદા પણ ઘટાડી ૧૫ દિવસની કરી દેવાઈ

નવી દિલ્હી, તા.૨૦

બજારમાં સંગ્રહખોરી અને કૃત્રિમ અછત ડામવા સરકારની લાલ આંખઃ જથ્થાબંધ ખરીદદારો પર કડક નિયંત્રણો લાગુ કરાયાકેન્દ્ર સરકારે તહેવારો પૂર્વે ખાંડના વધતા ભાવને નિયંત્રિત કરવા ૧૦ લાખ મેટ્રિક ટન ડ્યૂટી-ફ્રી ખાંડની આયાતને મંજૂરી આપી છે. આ નિર્ણય ગ્રાહકોને મોંઘવારીથી બચાવવા અને રસોડાનું બજેટ જાળવી રાખવા લેવાયો છે. જથ્થાબંધ ખરીદદારો માટે સ્ટોક મર્યાદા પણ ઘટાડી ૧૫ દિવસની કરી દેવાઈ છે. છેલ્લા ૨ મહિનામાં ખાંડના ભાવમાં ૪૦% નો ઉછાળો આવ્યો હતો, જેથી સરકારે આ કડક પગલું ભર્યું છે.

તહેવારોની શરૂઆત પહેલાં ખાંડના વધી રહેલા ભાવ પર કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. સામાન્ય નાગરિકોના રસોડાનું બજેટ ન બગડે તે માટે સરકારે ૧૦ લાખ (૧ મિલિયન) મેટ્રિક ટન શુલ્ક-મુક્ત(ડ્યૂટી-ફ્રી) ખાંડની આયાતને મંજૂરી આપી છે, અને જથ્થાબંધ ખરીદદારો માટે સ્ટોક મર્યાદા ઘટાડી દીધી છે. તહેવારોની સીઝન શરૂ થતાં પહેલાં ગ્રાહકોને મોંઘવારીનો માર ન પડે તે માટે સરકારે આ કડક પગલું ભર્યું છે. છેલ્લા બે મહિનામાં ખાંડના ભાવમાં લગભગ ૪૦%નો તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ તહેવારો દરમિયાન ઘરઆંગણે ખાંડનો પૂરતો પુરવઠો જાળવી રાખવાનો અને કિંમતોને નિયંત્રણમાં રાખવાનો છે.

ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ખાંડ ઉત્પાદક દેશ છે, અને સામાન્ય રીતે આયાત પર નિર્ભર નથી રહેતો. ભારતે અગાઉ ૨૦૧૭-૧૮માં




મોટા પાયે ખાંડની આયાત કરી હતી. જોકે, આ વર્ષે સ્થિતિ અલગ છે. ઑગસ્ટના અંતથી જાન્યુઆરી સુધી તહેવારોને કારણે મીઠાઈ, બેકરી અને સોફ્ટ ડ્રિંક્સમાં ખાંડની માંગ ટોચ પર હોય છે. આ વર્ષે માંગ વધતા પહેલાં જ પુરવઠા પર દબાણ ઊભું થતાં સરકારે આયાત નીતિ બદલવી પડી છે.

છેલ્લા બે મહિનામાં ખાંડના ભાવમાં લગભગ ૪૦%નો વધારો થયો છે, જ્યારે છેલ્લા એક મહિનામાં જ ભાવ ૧૦% વધીને રેકોર્ડ સ્તરે પહોંચ્યા છે. ઇન્ડિયન સુગર ઍન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન અનુસાર, મહારાષ્ટ્રમાં એક્સ-મિલ ખાંડના ભાવ રેકોર્ડ ₹૪૬ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. શેરડીના પાક માટે મહત્ત્વપૂર્ણ ચોમાસાનો વરસાદ સામાન્ય કરતાં ૧૩% ઓછો રહ્યો છે (જે જૂનના અંત સુધી ૪૦%થી વધુ ઓછો હતો).કૃષિ મંત્રાલય અનુસાર, ૧૪ ઑગસ્ટ સુધી શેરડીનું વાવેતર ૫૮.૩ લાખ હેક્ટર રહ્યું છે, જે ગત વર્ષ કરતાં થોડું ઓછું છે.જમાખોરી રોકવા માટે સરકારે બુધવારે નવો આદેશ જારી કર્યો છે. ૧ સપ્ટેમ્બરથી ૩૦ નવેમ્બર ૨૦૨૬ સુધી, મહિનામાં ૧૦ મેટ્રિક ટનથી વધુ ખાંડ વાપરતા મોટા ખરીદદારો માત્ર ૧૫ દિવસની વપરાશ જેટલો જ સ્ટોક રાખી શકશે. અગાઉ આ મર્યાદા ૩૦ દિવસની હતી, જેને ઘટાડીને ૧૫ દિવસ કરી દેવાઈ છે.

ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની સુગર મિલોએ ખાદ્ય મંત્રાલય સાથેની ચર્ચા બાદ આ વર્ષે પિલાણની સીઝન સામાન્ય સમય કરતાં ૧૦થી ૧૫ દિવસ વહેલી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સામાન્ય રીતે પિલાણ નવેમ્બરમાં શરૂ થાય છે, પરંતુ આ વખતે ઑક્ટોબરના મધ્યમાં જ શરૂ કરી દેવાશે, જેથી તહેવારોની માંગ વખતે નવી ખાંડ બજારમાં આવી જાય. સરકારની ૧૦ લાખ ટન ડ્યૂટી-ફ્રી આયાતની નીતિ અને જથ્થાબંધ વેપારીઓ પર સ્ટોક લિમિટથી તહેવારો દરમિયાન ખાંડના ભાવમાં સ્થિરતા આવવાની પૂરી શક્યતા છે.

# સિવિલમાં ડો. ક્રિષા શિંગાળાને ફડાકો ઝીંકતા ડો. અશ્વિન રામાણી

## પ્રનગરમાં ગુનો : જુનિયર તબીબો મહિલા તબીબના સમર્થનમાં ઉતરી ગયા હડતાલ પર





રાજકોટ તા. ૨૦

સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટ સરકારી સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. મેડિસિન વિભાગમાં ફરજ બજાવતા ૨૬ વર્ષીય મહિલા રેસિડેન્ટ ડોક્ટર ક્રિશાબેન સિંગાળા પર હોસ્પિટલના જ અન્ય સિનિયર ડોક્ટર અશ્વિન રામાણી દ્વારા ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપીને લાફો મારી દેવાનો સળગતો બનાવ સામે આવ્યો છે. ગંભીર દર્દીની સારવાર સબંધી ચર્ચા દરમિયાન આ સમગ્ર હુમલો થયો હોવાનું બહાર આવ્યું છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ડો. ક્રિશાબેન ૨૪ કલાકની ઈમરજન્સી શિફ્ટમાં ફરજ પર હતા. આ દરમિયાન સાંજના આશરે સાડા સાતથી પોણા આઠ વાગ્યાના સુમારે એક વૃદ્ધા (માજી) અત્યંત ગંભીર હાલતમાં સારવાર અર્થે આવ્યા હતા. દર્દીની સ્થિતિ નાજુક હોવાથી તેમને ઈમરજન્સી વોર્ડમાં વેન્ટિલેટર પર રાખવા જરૂરી હતા. આ અંગે ડો. ક્રિશાબેને ત્યાં હાજર ડો. અશ્વિન રામાણીનું ધ્યાન દોર્યું હતું. પરંતુ ડો. રામાણીએ દર્દીને ઈમરજન્સીને બદલે જનરલ વોર્ડમાં ખસેડવા જણાવ્યું હતું.

મહિલા ડોક્ટરે દર્દીની સ્થિતિ ગંભીર હોવાનું કહી ફરીથી રજૂઆત કરતા ડો. અશ્વિન રામાણી ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે આવેશમાં આવીને મહિલા ડોક્ટર સાથે ઉગ્ર બોલાચાલી કરી, ગંદી ગાળો આપી હતી અને જાહેરમાં લાફો ચોડી દીધો હતો. એટલું જ નહીં, ''અહીં તારા બાપનું રાજ નથી, હું તને જોઈ લઈશ'' તેવી ધમકી પણ આપી હતી. આ ઘટના બનતા જ અન્ય સ્ટાફ અને સિક્યુરિટી કર્મચારીઓ દોડી આવ્યા હતા અને ડો. રામાણીને પકડીને અંદર લઈ ગયા હતા.

આ હુમલાની તમામ દર્દનાક અને શરમજનક ઘટના ઈમરજન્સી રૂમમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. પીડિત મહિલા ડોક્ટરે ખુલાસો કર્યો છે કે, અગાઉ તારીખ ૦૧/૦૭/૨૦૨૬ ના રોજ પણ તેમણે આ જ ડો. અશ્વિન રામાણી વિરુદ્ધ સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ મારફતે RMOને લેખિત અરજી આપી હતી. પરંતુ હોસ્પિટલ તંત્ર દ્વારા તે સમયે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી.

હોસ્પિટલ તંત્રની બેદરકારી અને આરોપી ડોક્ટરના વધતા જતાં ત્રાસથી કંટાળીને અંતે ડો. ક્રિશાબેન પોતાના પિતા નિલેશકુમાર અને કાકા જયેશભાઈ સાથે રૂબરૂ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે આરોપી ડો. અશ્વિન રામાણી સામે કાયદેસરની ધોરણસરની કાર્યવાહી કરવા લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે CCTV ફૂટેજ કબજે કરી, અશ્વિન રામાણી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દેશી પિસ્તોલ સાથે 'પારલેજી' ઝડપાયો

## પંડિત દીનદયાળ રોડ પર નર્મદા પાર્કમાં દરોડોઃ પિસ્તોલ અને એપલ ફોન સહિત રૂ. ૪૦ હજારનો મુદ્દામાલ જપ્ત, કરતી SOG




રાજકોટ, તા.૨૦

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ હથિયાર અને ડ્રગ્સની હેરાફેરી કરતા તત્વોને ડામી દેવા પોલીસ કમિશનરની કડક સૂચના બાદ રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ એક મોટી કાર્યવાહી કરી છે. SOG ની ટીમે બાતમીના આધારે પંડિત દીનદયાળ રોડ પર આવેલા નર્મદા પાર્કમાંથી એક શખ્સને ગેરકાયદેસર દેશી બનાવટની પિસ્તોલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે.

SOG ના પી.આઈ. એન. બી. ચૌધરી અને પી.એસ.આઈ. બી.વી. ચુડાસમાની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન એ.એસ.આઇ. રાજેશભાઇ બાળા, સિધ્ધરાજસિંહ જાડેજા અને હે.કો. સ્નેશભાઇ ભાદરકાને મળેલી ચોક્કસ બાતમીના આધારે પંડીત દીનદયાળ રોડ પર નર્મદા પાર્કના બીજા માળે ફ્લેટ નં. ૪ માં દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં પારસ ઉર્ફે પારલેજી લક્ષ્મણ પરમાર (ઉ.વ. ૨૬, હાલ રહે. નર્મદા પાર્ક ફ્લેટ નં. ૪, મૂળ રહે. ગુરૂજીનગર ક્વાર્ટર ૩૪/૬૦૬, સાધુવાસવાણી રોડ, રાજકોટ) ને પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી 'પારલેજી' ની તલાશી લેતા તેની પાસેથી રૂ. ૧૦,૦૦૦ ની કિંમતની એક દેશી બનાવટની પિસ્તોલ અને રૂ. ૩૦,૦૦૦ ની કિંમતનો એપલ (આાહય) કંપનીનો મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૪૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી વિરુદ્ધ ડી.સી.બી. (DCB) પોલીસ સ્ટેશન ખાતે આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧-બી)એ મુજબ ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, પકડાયેલ આરોપી પારસ ઉર્ફે પારલેજીનો ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે. અગાઉ તેની સામે થોરાળા પોલીસ સ્ટેશનમાં પણ બી.એન.એસ. ની અલગ-અલગ કલમો ૧૧૮(૧), ૧૧૮, ૩૫૧(૩), ૩૫૨, ૫૦૩-૧૩૫(૧) હેઠળ ગુનો નોંધાઈ ચુક્યો હોવાનું પોલીસની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

## માઁ ખોડલથી માઁ અંબા સુધીનો સીધો ભક્તિમય સેતુ જોડતું ગોંડલ ST તંત્ર

# 'ખોડલધામથી અંબાજી' નવી ડાયરેક્ટ બસ શરૂ

## સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાતને જોડતી નવી પરિવહન સેવાના પ્રારંભથી મુસાફરોમાં રાજીપો



ગોંડલ, તા.૨૦

''સલામત સવારી, એસટીની સવારી'' ના સૂત્રને વધુ એક વખત સાર્થક કરતા ગોંડલ એસટી ડેપો દ્વારા મુસાફરો અને ખાસ કરીને ધાર્મિક પ્રવાસીઓ માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના પ્રવાસન અને ધાર્મિક સ્થળોને વધુ વેગ મળે તથા શ્રદ્ધાળુઓને આરામદાયક, સુરક્ષિત અને સુવિધાયુક્ત પરિવહન સેવાઓ મળી રહે તે માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. જેના સુખદ પરિણામ સ્વરૂપે, ગોંડલ એસટી ડેપો દ્વારા ભક્તોની ભારે માંગને ધ્યાનમાં રાખીને 'ખોડલધામ-અંબાજી' નો નવો ડાયરેક્ટ એસટી બસ રૂટ શરૂ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્રનું આસ્થાનું મોટું કેન્દ્ર એવું કાગવડ સ્થિત 'ખોડલધામ' અને ઉત્તર ગુજરાતમાં આવેલું આદ્યશક્તિ પીઠ 'અંબાજી' લાખો ગુજરાતીઓ માટે શ્રદ્ધાના પ્રતીક છે. આ બંને મોટા ધાર્મિક સ્થળો વચ્ચે સીધી કનેક્ટિવિટી ન હોવાથી અગાઉ શ્રદ્ધાળુઓએ રાજકોટ કે અમદાવાદ જઈને બસ બદલવી પડતી હતી. પરંતુ હવે આ નવી બસ સેવા શરૂ થવાથી મુસાફરો સીધા જ મા ખોડલના દર્શન કરી મા અંબાના આશીર્વાદ લેવા પહોંચી શકશે.નવી એસટી બસ સેવા ભક્તોના સમય અને સગવડને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવી છે.

ખોડલધામથી દરરોજ સાંજે ૬ કલાકે ઉપડીને ખોડલધામ - અંબાજી રૂટની બસ ગોંડલ, રાજકોટ, ચોટીલા, અમદાવાદ (બાયપાસ) અને ગાંધીનગર થઈને અંબાજી પહોંચશે. (જેના કારણે રસ્તામાં આવતા ચોટીલા ચામુંડા માતાજીના દર્શનાર્થીઓને પણ મોટો લાભ મળશે). અંબાજીથી પણ આ બસ દરરોજ સાંજે ૬:૦૦ કલાકે ઉપડશે અને આ જ રૂટ મારફતે પરત ફરશે. રાત્રિ મુસાફરી હોવાથી લોકોનો દિવસનો કિંમતી સમય બચશે.આ નવા રૂટના પ્રારંભ પ્રસંગે ગોંડલ એસટી ડેપો ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ એસટી વિભાગના વિભાગીય નિયામક શ્રી એમ.પી. રાજ, વિભાગીય યાંત્રિક ઈજનેર એમ. સી. સોની અને ગોંડલ ડેપોના મેનેજર એસ.એ. મોમીન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ રીબીન કાપી અને બસને લીલી ઝંડી આપી મંગળમય પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગને વધાવી લેવા માટે એસટી વિભાગના ત્રણેય માન્ય યુનિયનોના હોદ્દેદારો, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં એસટી નિગમના કર્મચારીઓ અને સ્થાનિક મુસાફરો ઉપસ્થિત રહ્યા હતા. નવી બસને ફૂલહારથી શણગારવામાં આવી હતી અને ડ્રાઈવર-કંડક્ટરનું મોં મીઠું કરાવીને રૂટનો શુભારંભ કરવામાં આવ્યો હતો.ગોંડલ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં આ નવી બસ સેવાને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ રૂટ માત્ર શ્રદ્ધાળુઓ માટે જ નહીં, પરંતુ ગાંધીનગર સચિવાલય કે અમદાવાદ તરફ જતા નોકરિયાત વર્ગ અને વિદ્યાર્થીઓ માટે પણ આશીર્વાદરૂપ સાબિત થશે. સીધી બસ હોવાથી મુસાફરોને આર્થિક બચતની સાથે સાથે મુસાફરીના થાકમાંથી પણ મુક્તિ મળશે.

**યુવાને પોતાના મકાનમાં ભાડે રહેતાં યુવાનના બનેવી સાથે પરિચય થયા બાદ તેની જાળમાં ફસાઇ કરોડો ગુમાવ્યા**

# ૧૦ દિ'માં ૨૦ હજારનો નફો, પછી ગુમાવ્યા ૯ા કરોડ!

## આનંદનગરના યુવાને આંધળો વિશ્વાસ કરી રોકાણ પર દસ ટકા નફો લેવાના નામે પોતાના, સગાવ્હાલાના અને મિત્રો પાસેથી નાણા લઇ આપી દીધાઃ છેલ્લે ફદીયુંય ન મળતાં યુનિવર્સિટી પોલીસમાં દાખલ કરાવી એફઆઇઆર




**સાગર મોરવાડીયાએ ધંધાની બચતના નાણા તેમજ પર્સનલ અને મકાન પર લાખોની લોનો લઇ લઇને નાણા ધરી દીધા હતાંઃ છેલ્લે ખબર પડી કે ફ્રોડ થયું છે**

ગાંધીનગર, તા.૨૦

રોકાણ પર નફાની લાલચ અનેકને લઇ ડુબી છે. હજુ પણ લેભાગુઓ સતત લોકોને લાલચની જાળમાં લપેટીને લાખો કરોડો ઉસેડી જવામાં સફળ થઇ રહ્યા છે. રાજકોટમાં આવી જ એક મોટી ઠગાઇની ઘટના સામે આવી હતી. જેમાં પોલીસે વિસ્તૃત તપાસ કરતાં ચોંકાવનારી વિગતો ખુલી હતી. કઇ રીતે માણસ લાલચમાં આવી કરોડો રૂપિયા રોકાણના નામે ગમે તેની સામે ધરી દેતા હોય છે તે હકિકત ખુલી હતી. એક યુવાનને શરૂઆતમાં એંસી હજારના રોકાણ સામે દસ જ દિવસમાં એક લાખ પાછા મળતાં એટલે કે વીસ હજારનો નફો થતાં બાદમાં તે એવો વિશ્વાસમાં અને લાલચમાં આવી ગયો હતો કે તેણે પોતાના ત્રણ કરોડથી વધુ અને સગાવ્હાલના પાંચ કરોડ તેમજ મિત્રોના પોણા બે કરોડથી વધુ મળી ન કરોડ અડસઠ લાખ જેવી રકમ રોકાણના નામે ધરી દીધી હતી. શીતલ પાર્ક પાસે ઓફિસ ખોલનારો શખ્સ આ રોકડ ઉસેડી જતાં આ તમામ રોકાણકરોને માથે ઓઢી રડવાનો વારો આવ્યો હતો.

વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે કોઠારીયા રોડ આનંદનગર કોલોની બ્લોક નં. ૩૧ ક્વાર્ટર નં. ૨૧૯માં રહેતાં સાડત્રીસ વર્ષના સાગરભાઇ રાજેશભાઇ મોરવાડીયની ફરિયાદ પરથી માધાપર ચોકડી નજીક ગોલ્ડ પોર્ટીકો ટાવર ડી-૧૦૦૨/૧૦માં રહેતાં હાર્દિક તુલસીદાસભાઇ તન્ના વિરૂધ્ધ ૯ કરોડ ૬૧ લાખથી વધુની ઠગાઇ કરવાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સાગરભાઇ મોરવાડીયા-પ્રજાપતિ પરિવાર સાથે રહે છે અને બનેવી હિરેનભાઇ સાથે ફેબ્રીકેશનનું કામ કરે છે. અગાઉ તે શ્રી હરિ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં હાર્ડવેરનું કારખાનુ ચલાવતાં હતાં. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૦૨૨માં અમારા મકાનમાં નૈમિષભાઇ નગદીયા ભાડેથી રહેતા હતા.

તેના સગા બનેવી હાર્દિક તુલસીદાસભાઇ તન્ના અવારનવાર તેમના ઘરે આવતા જતા હોવાથી મારે તેની સાથે પરીચય થયેલ હતો. હાર્દિક ઢેબર રોડ ખાતે આવેલ અજય એજનસી નામની ફર્નીચરની દુકાનમાં નોકરી કરતો હતો.૨૦૨૨ના અંતમાં હાર્દિક તેના સાળા નૈમિષઇના ઘરે આવેલ ત્યારે મારી પાસે રૂા. રૂ.૧,૦૦,૦૦૦ હાથઉછીના માંગેલ હતા. પણ મારી પાસે સગવડ ના હોવાથી મે તેમને ના પાડેલ હતી. જેથી હાર્દિકે કહેલું કે હું અજય એજન્સીની નોકરીની સાથે સાથે ડેબીટકાર્ટ ઉપર પ્રિએપ્રુવ્ડ લોનનુ પણ કામ કરૂ છુ અને ક્રેડીટકાર્ડ સ્વાઇપ પણ કરી આપુ છુ.

આ કહી તેણે મને તેમની ડેબીટકાર્ડ ઉપર પ્રિએપ્રુવ લોન અંગેની વિગતવારની સ્કીમ સમજાવેલ હતી. બાદમાં કહેલું કે ડેબીટકા ર્ડ ઉપર પ્રિએપ્રુવ લોન થાય છે જેમા કોઇને વસ્તુ ના લેવી હોય અને રોકડા રૂપીયાની જરૂરત હોય તો લોનની રકમના ૮ ૦ ટકા રોકડા કસ્ટમરને આપવાના અને ૨૦ ટકા મારૂ કમિશન હોય છે. તેમજ કોઈને રૂપીયાની જરૂરત હોય અને તેના ડેબીટકાર્ડ ઉપર રૂ.૧,૦૦,૦૦૦ની પ્રિએપ્રુવ લોન કરાવી આપુ તેમાંથી ૨૦ ટકા મારા કમિશનના બાદ કરી મારે રૂ.૮૦,૦૦૦ કસ્ટમરને આપવાના અને આ લોનના રૂપીયા રોકડા આપવાના હોય છે તેને કોઇ વસ્તુની ખરીદી કરાવવાની નથી હોતી. તેવુ પણ હાર્દિકે મને સમજાવ્યું હતું. આ પછી તેણે કહેલું કે મારે અત્યારે એ ક કસ્ટમરને રૂ. ૧,૦૦,૦૦૦ની લોન કરાવવાની છે જેમાંથી ૨૦ ટકા બાદ કરી તેને રોકડા રૂ.૮૦,૦૦૦ આપવાના છે તો તમે મને હાલ રૂ.૮૦,૦૦૦ રોકાણ અર્થે આપો.

જેથી હું મારા કસ્ટમરને આ રોકડા રૂપીયા આપી શકુ અને તમને હું ૧૦ ટકા વળતર સાથે રૂ.૯૦,૦૦૦ દશ દિવસ પછી આપી દઇશ. જેથી મેં વિશ્વાસ રાખી ધંધાની બચતમાંથી સૌ પ્રથમ વખત રૂ.૮૦,૦૦૦ રોકડા આપેલ હતા. તેના દશેક દિવસમા મને હાર્દિકે રૂ.૧,૦૦,૦૦૦ પાછા આપ્યા હતાં. મેં તેને પુછતાં કહેલું કે મને સારુ કમિશન મળે છે, અત્યારે ૨૦ ટકા વળતર રાખો. ત્યારબાદ તેના બીજા દિવસે ફરીવખત રૂ.૧,૫૦,૦૦૦ મારી પાસે માંગેલ અને મે તેઓ ને રૂ.૧,૫૦,૦૦૦ રોકડા આપેલ જેમાં ૨૦ ટકા વળતર સાથે રૂ.૧,૮૦,૦૦૦ દસ દિવસમાં પાછા આપ્યા હતાં. આ રીતે તેણે મારો વિશ્વાસ જીત્યોહ તો. એ પછી મેં કટકે કટકે રકમ આપી હતી. આ પછી હાર્દિકે કહેલું કે મારે ધંધામા રૂપીયાની વધુ જરૂર પડતી હોવાથી હવે તમને દરમહિને માત્ર ૧૦ ટકા વળતર જ મળશે.

તેમજ કહેલું કે તમારા રોકાણની મુડી મારી પાસે જમા રહેશે પરંતુ તમને દર મહિને તમારૂ વળતર મળી રહેશે. મારે કસ્ટમરને રોકડા રૂપીયા જ આવવાના થતા હોઇ જેથી તમે મારા ધંધામા રોકડમા વધુ રૂપીયાનુ રોકાણ કરો. ત્યારબાદ મે તેઓને મારા ધંધાની બચતમાંથી કટકે કટકે અલગ અલગ રકમ આપેલ હતી. જેમા મે કોટક બેંકમાંથી રૂ.૩,૦૦,૦૦૦ની પર્સનલ લોન તથા આઇડીએફસી બેંકમાંથી રૂ.૧,૨૦,૦૦૦ની પર્સનલ લોન તથા આઇસીઆઇસીઆઇ બેંકમાંથી રૂ.૪,૫૩,૦૦૦ની બે વખત એટલે કુલ રૂ.૯,૦૬,૦૦૦ની પર્સનલ લોન તથા આઇસીઆઇસીઆઇ બેંકમા અમારા મકાન ઉપર મોર્ગેજ લોન રૂ.૭,૦૦,૦૦૦ની લીધેલ હતી. આ ઉપરાંત ઓનલાઇન ગુગલ પે માં આવતી એપ્લીકેશનમાંથી રૂ.૧,૮૦,૦૦૦ની પર્સનલ લોન લીધી હતી.

તેમજ મારી બીજી બચતના રૂપીયા જે મળી અલગ અલગ સમયે કટકે કટકે મારા બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ. ૨,૭૦,૦૩,૭૯૧(બે કરોડ, સિત્તેર લા ખ, ત્રણ હજાર, સાતસો એકાણુ રૂપીયા પુરા) સને-૨૦૨૫ સુધીમાં હાર્દિક તન્નાને તેના લોનના ધંધામાં રોકાણ માટે દીધા હતાં. ત્યારબાદ હાર્દિકે શીતલ પાર્ક પાસે આરકે વર્લ્ડમાં ઓફિસ નં. ૫૧૯ ખાતે દ્વારકાધીશ એન્ટરપ્રાઇઝ નામે ઓફિસ શરૂ કરી હતી. તેની આ ઓફિસના ઓપનીંગ સમયે મને મારા મિત્રોને આમંત્રણ આપતા હું તથા મારા મિત્ર મહેશભાઈ શંભુભાઈ બોઘરા તથા મારા કૌટુબિક ભાઇ હાર્દિક પરસોત્તમભાઇ મોરવાડીયા તથા અભિજીતભાઇ મહેશભાઇ મોરવાડીયા એમ બધા તેની ઓફિસના ઓપનીંગમા ગયેલ હતા. ત્યા ઓફિસમાં આ હાર્દિક તન્નાએ ક્રેડીટકાર્ડ સ્વાઇપ કરવાના બે મશીનો રાખેલ હતાં.

ત્યા ઓફિસમા બેસીને ક્રેડીટકાર્ડ સ્વાઇપ કરવાનુ તથા ડેબીટકાર્ડ ઉપર લોન કરી આપવાનુ કામ કરતા હતા. મે મારા રૂપીયા રોકાણ કરેલ તેની સાથે સાથે હાર્દિક તન્નાએ મને રોકડમા વધુ રૂપીયાની જરૂરત હોવાની અને વ ધુ રૂપીયા રોકાણ કરવાની વાત કરતા મારા મોટા બાપુગીરીશભાઇ રમણીકલાલ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ.૬૧,૭૫,૦૦૦ તથા મારા મોટા બાપુના દિકરા પ્રફુલભાઇ પરસોત્તમભાઈ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે રૂ.૩ ૫,૫૦,૦૦૦, હાર્દિકભાઈ પરસોત્તમભાઈ મોરવાડીયા પાસેથી રૂ. ૮૦,૯ ૦,૦૦૦ તથા કાકાના દિકરા અભિજીતભાઈ મહેશભાઈ મોરવાડીયા પાસેથી રોકડા રૂ. ૧,૧૦,૬૦,૦૦૦ તથા મારા સગા બનેવી હિરેનભાઈ ધીરૂભાઈ મુળાસીયા પાસેથી રૂ.૧૫,૩૦,૦૦૦ લઇને હાર્દિકને આપ્યા હતાં. આ ઉપરાંત બીજા બીજા બનેવી મનીષભાઇ જેન્તીભાઇ વીરડીયા પાસેથી અલગ અલગ રોકડા રૂ.૧,૯૯, ૧૦,૦૦૦ મળીને કુલ રૂ.૫,૦૩,૧૫,૦૦૦ મે મારા સગા સબંધીઓ પાસેથી ઉછીના લઇને મારા પણ રૂપિયા મળી કુલ રૂ.૭,૭૩,૧૮,૭૯૧ સાત કરોડ, તોતેર લાખ, અઢાર હજાર, સાતસો એકાણુ રૂપીયા પુરા) હાર્દિકને આપ્યા છે.

આ તમામ રકમ સામે તેણે મને માત્ર રૂ.૩,૬૧,૮૭,૩૫ ૮ (ત્રણ કરોડ, એકછઠ્ઠ લાખ, સતીયાસી હજાર, ત્રણ સો અઠ્ઠાવન રૂપીયા પુરા) જ વળતર પેટે આપેલ છે. બાકીના રૂ.૭, ૭૩, ૧૮, ૭૯૧ આજ સુધી પરત આપેલ નથી. આ સિવાય મે હાર્દિક પાસે ક્રેડીટકાર્ડ સ્વાઇપ કરાવીને પણ રૂપીયા આપી રોકાણ કરેલ છે. પરંતુ તે રકમ મને યાદ નથી. આ ઉપરાંત મારા મિત્રો પીરચીતો પાસેથી પણ રકમ લીધી હતી. જેમાં મયંક અનીલભાઇ રાઠોડ નાએ રૂ.૧૧,૫૭, ૭૦૧, મહેશભાઈ શંભુભાઈ બોઘરા પાસેથી રૂ.૯૨,૧૫,૦૦૦, રવિભાઇ દિનેશભાઇ પરમાર પાસેથી રૂ.૮૫,૦૦,૦૦૦ લઇ હાર્દિકને રોકાણ માટે આપ્યા હતાં. આ ત્રણેયના મળી કુલ રૂ.૧,૮૮,૭૨, ૭૦૧ થાય છે. મારા અન્ય એક મિત્ર અભિષેક નરેશભાઇ દુદકીયાએ પણ અમુક રકમનું રોકાણ કરેલ છે. આ રીતે હાર્દિકે દ્વારકાધીશ એન્ટરપ્રાઇઝ પેઢીના ડેબીટ કાર્ડ પરની લોનના ધંધામાં રોકાણ કરવાથી ૧૦ ટકા વળતરની લાલચ આપી મારી પાસેથી ૨ કરોડ ૭૦ લાખથી વધુ, મારા સગા સંબંધીઓ પાસેથી ૫ કરોડ ૩ લાખથી વધુ અને મારા મિત્રો પાસેથી ૧ કરોડ ૮૮ લાખથી વધુ રકમ મળી કુલ રૂા. ૯,૬૧,૯૧,૪૯૨ મેળવી લઇ મને વળતર પેટેના માત્ર રૂ.૩,૬ ૧,૮૭,૩૫૮ આપી બાકીની રકમ ન આપી ઠગાઇ કરી છે. તેમ વધુમાં સાગરભાઇએ જણાવતાં ઇન્સપેક્ટર કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં પીએસઆઇ આર. આર. કોઠીયાએ તપાસ હાથ ધરી હતી. આમ શરૂઆતમાં એંસી હજાર સામે વીસ હજારનો નફો થતાં બાદમાં લલચાયેલા યુવાને પોતાના અને સગા, મિત્રોના મળી નવ કરોડથી વધુ નાણા ગુમાવી દીધા હતાં.

મનપાનો ઐતિહાસિક નિર્ણય

# બે ડઝન રાજમાર્ગો 'નો-હોકર્સ ઝોન' જાહેર

## ફેરિયાઓ માટે નવી સર્વગ્રાહી નીતિ અને રાઇડ્સ ધારકો માટે ઝોનિંગ સિસ્ટમ લાગુ

રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરમાં વર્ષો જૂની ટ્રાફિક અને આડેધડ દબાણોની જટિલ સમસ્યાનો ઉકેલ લાવવા માટે આજે રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. બોર્ડના એજન્ડા પરની તમામ નિયમિત દરખાસ્તો મંજૂર થયા બાદ, અધ્યક્ષસ્થાનેથી મેયર ડો. નેહલ શુકલ દ્વારા શહેરના હિતમાં બે મહત્ત્વના ઠરાવો મંજૂર કરવામાં આવ્યા છે. આ નવી નીતિનો મુખ્ય હેતુ રાજમાર્ગો પરથી દબાણો દૂર કરી ટ્રાફિક સમસ્યા હળવી કરવાનો છે, સાથે સાથે નાના રેંકડી ધારકો (હોકર્સ)ની રોજીરોટી પણ છીનવાય નહીં તે રીતે તેમને વૈકલ્પિક જગ્યા ફાળવીને આજીવિકા પૂરી પાડવાનો છે.

શહેરના સૌથી વધુ ટ્રાફિકથી ધમધમતા અને દબાણોની સમસ્યાથી ઘેરાયેલા નવા તેમજ જૂના રાજકોટના બે ડઝન જેટલા મુખ્ય રાજમાર્ગો પર હવે કાયમી ધોરણે હોકર્સને ઊભા રહેવા પર મંજૂરી આપવામાં આવશે નહીં. જે વિસ્તારોમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં પરાબજાર, કેનાલ રોડ, યાજ્ઞિક રોડ, ગુંદાવાડી, પેડક રોડ, સોની બજાર, ધર્મેન્દ્ર રોડ, રૈયા રોડ, પુષ્કરધામ, યુનિવર્સિટી રોડ, સાધુ વાસવાણી રોડ, અમીન માર્ગ અને કોઠારીયા રોડ જેવા મુખ્ય આર્ટિરીયલ રોડનો સમાવેશ થાય છે. જો આ બે ડઝન રોડ પર હાલમાં કોઈ અધિકૃત કે અનધિકૃત હોકર્સ ઝોન ચાલતા હોય અથવા ફેરીયાઓ ઊભા રહેતા હોય, તો તેમને આગામી ત્રણ મહિનાની અંદર નજીકમાં નિર્ધારીત કરાયેલા વૈકલ્પિક પ્લોટમાં શિફ્ટ કરી દેવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. સામાન્ય સભામાં આ મહત્ત્વનો ઠરાવ માર્કેટ સમિતિના ચેરમેન મોહિતસિંહ જાડેજા દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો, જેને ઘનશ્યામભાઈ હેરભાએ જાનકીબેન કાટોડીયાના ટેકાથી બોર્ડમાં રજૂ કર્યો હતો. મેયર ડો. નેહલ શુકલના નેતૃત્વમાં પસાર કરાયેલા આ ઠરાવમાં પ્રવર્તમાન હોકર્સ નીતિનો ઊંડો અભ્યાસ કરીને સમયાનુકૂળ અને વ્યાપક સુધારા-વધારા સૂચવવામાં આવ્યા છે. રાઇડ્સ ધારકો માટે ખાસ એસોસિએશન બનાવવામાં આવશે અને આના હોદ્દેદારો જ સમગ્ર ઝોનનું વહીવટી સંચાલન કરશે. આ ઉપરાંત, સિક્યોરિટી ડિપોઝિટ, નિયમિત ભાડું, સલામતીના સાધનો, જરૂરી લાયસન્સ, ટેકનિકલ ઈન્સ્પેક્શન અને તમામ સરકારી નિયમોના પાલનની સંપૂર્ણ જવાબદારી જે તે ધંધાર્થીની વ્યક્તિગત રહેશે.




### ૨૪ માર્ગો પર કોઇ હોકર્સને મંજૂરી નહીં

૧. યુનિવર્સિટી રોડ(કોટેચા ચોક થી યુનિવર્સિટી ગેઇટ સુધી)
૨. રૈયા રોડ(કિશાનપરા ચોક થી સાધુ વાસવાણી રોડ સુધી)
૩. નાના મવા મેઈન રોડ(લક્ષ્મીનગર નાલા થી મોકાજી સર્કલ સુધી)
૪. પુષ્કરધામ મેઈન રોડ(યુનિવર્સિટી રોડ થી કાલાવડ રોડ સુધી)
૫. નાણાવટી ચોકથી મીરાનગર મેઈન રોડ
૬. સાધુ વાસવાણી રોડ(યુનિવર્સિટી રોડ થી રૈયા રોડ સુધી)
૭. સોનીબજાર રોડ
૮. ધર્મેન્દ્ર રોડ, લાખાજીરાજ રોડ, ઘી કાંટા રોડ
૯. પરાબજાર રોડ
૧૦. કેનાલ રોડ લોધાવાડ ચોક થી જિલ્લા ગાર્ડન સુધી
૧૧. ડો. યાજ્ઞિક રોડ (ત્રિકોણબાગ થી જિલ્લા પંચાયત ચોક સુધી)
૧૨. જંકશન સ્ટેશનવાળો રોડ (હોસ્પિટલ ચોક બ્રિજ થી પોપટપરા નાલા સુધી)
૧૩. ગુંદાવાડી મેઈન રોડ
૧૪. ઢેબરભાઇ રોડ(ત્રિકોણ બાગ થી પી.ડી.એમ ફાટક સુધી)
૧૫. કસ્તુરબા રોડ જ્યુબીલી થી બહુમાળી ભવન ચોક સુધી)
૧૬. કુવાડવા રોડ(હોસ્પીટલ ચોક થી ગ્રીનલેન્ડ ચોકડી સુધી)
૧૭. પેડક રોડ(ભાવનગર રોડ થી પેડોક સુધી)

દૂષિત પાણી, તૂટેલા રસ્તા અને ભ્રષ્ટાચારના મુદ્દે મેયર ચેમ્બર બહાર ધામા

# મનપામાં કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકા ખાતે આજે જનરલ બોર્ડના દિવસે શહેરના પ્રજાલક્ષી વિકટ પ્રશ્નોને લઈને વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો. વિપક્ષી નેતાઓએ મહાનગરપાલિકા શાસકો અને તંત્રની નિષ્ક્રિયતા સામે આકરા પ્રહારો કરી મેયર ચેમ્બર બહાર ધરણા યોજ્યા હતા. સુત્રોચ્ચાર અને ઘર્ષણ વચ્ચે પોલીસે કોંગ્રેસ પ્રમુખ સહિત ૩૦ જેટલા આગેવાનોની અટકાયત કરી હતી. શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ કોંગ્રેસના નેતાઓ અને મહિલા કાર્યકર્તાઓ મેયર ચેમ્બર બહાર ધરણા પર બેસી ગયા હતા. વાતાવરણ ઉગ્ર બનતા વિજીલન્સ અને વિશિષ્ટ પોલીસ બંદોબસ્ત દ્વારા પ્રમુખ સહિતના નેતાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરવામાં આવી હતી, જ્યારે મહિલા કાર્યકર્તાઓને મહિલા પોલીસે કસ્ટડીમાં લીધી હતી.



ચોમાસાની શરૂઆત સાથે જ શહેરના અનેક વિસ્તારોમાં ગંદુ અને દુર્ગંધયુક્ત પીવાનું પાણી વિતરણ થઈ રહ્યું છે. આ દૂષિત પાણીના કારણે શહેરમાં રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે. કોંગ્રેસે ''જનતાને ઝેર નહીં, શુદ્ધ પાણી આપો''ના નારા લગાવી તંત્ર પર આરોગ્ય સાથે ચેડાં કરવાનો આક્ષેપ મૂક્યો હતો. શહેરના મોટાભાગના રસ્તાઓ પર અસંખ્ય ખાડાઓ પડી જવાથી વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તંત્ર દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીના જે મોટા દાવો કરવામાં આવ્યા હતા, તે માત્ર કાગળ પર સીમિત સાબિત થયા છે અને વાસ્તવિકતામાં 'પ્રી-મોન્સૂન'ના નામે માત્ર 'પ્રી-પ્રચાર' જ થયો છે.

મેગા ડિમોલેશન અને તાજેતરના કથિત ભ્રષ્ટાચાર જેમ કે કાજુકતરી મામલો બાદ જવાબદારી નક્કી કરવા માટે એસ.આઈ.ટી.ની રચના કરવામાં આવી હતી. પરંતુ આજદિન સુધી કોઈ પણ જવાબદાર અધિકારી કે શાસક સામે અસરકારક પગલાં લેવાયા નથી. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે આ જીંઈઝ માત્ર પ્રજાને ગેરમાર્ગે દોરવાનું એક નાટક જ છે. ગત બોર્ડ બેઠકમાં પણ આ તમામ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા, છતાં પરિસ્થિતિ જસની તસ રહી છે. ચૂંટણી સમયે મોટા વચનો આપનારા શાસકો આજે પોતાના જ વોર્ડમાંથી ગાયબ થઈ ગયા છે અને પ્રજાને સમસ્યાઓના વંટોળમાં છોડી દીધી છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રસ્તાઓનું સમારકામ, શુદ્ધ પીવાનું પાણી અને ગંદકીનું નિવારણ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા આ આંદોલન વધુ આક્રમક બનાવવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી હતી.

રાજકોટની જનતાને શુદ્ધ પીવાનું પાણી, સારા રસ્તાઓ અને જરૂરી પ્રાથમિક સુવિધાઓ નહીં મળે ત્યાં સુધી કોંગ્રેસની લડત ચાલુ રહેશે. આ કાર્યક્રમમાં જશવંતસિંહ ભટ્ટી, વશરામભાઈ સાગઠીયા, ડીપી મકવાણા, ગોપાલભાઈ અનડકટ, સંજયભાઈ અજુડીયા, નીતિન ભંડેરી, વૈશાલીબેન શિંદે, મેહુલ મકવાણા, જયદીપ મયાત્રા, હરદીપભાઇ રાઠોડ, આર્યનભાઈ કુરેશી, કરીનાબેન કુરેશી, હરેશભાઈ ભારાઈ, રણજીતભાઈ મુંધવા, હિરલબેન રાઠોડ, ગૌરવભાઈ પુજારા, મયુરભાઈ શાહ, અલ્તાફભાઈ મેમોન, જયાબેન ચૌહાણ, અનીશભાઈ જોશી, દીપેનભાઈ ભગદેવ, તુષારભાઈ નંદાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પરિણીતા પર દુષ્કર્મ ગુજારી પતિ-પુત્રને જાનથી મારી નાખવાની હવસખોરની ધમકી

### ૫૩ વારીયા ક્વાર્ટરમાં અગાશી પર કપડાં સૂકવવા ગયેલી મહિલાનું મોં દબાવી ઓરડીમાં ખેંચી ગયોઃ નરાધમ પિયુષ ડંડૈયા સામે પ્ર.નગર પોલીસમાં ગુનો દાખલ

રાજકોટ, તા.૨૦

શહેરમાં મહિલાઓની સુરક્ષા સામે સવાલો ઉભા કરતી એક અત્યંત ગંભીર અને ચકચારભરી ઘટના સામે આવી છે. શહેરના માઉન્ટેડ પોલીસ લાઈન પાછળ આવેલા ૫૩ વારીયા ક્વાર્ટર વિસ્તારમાં એક નરાધમે પડોશમાં જ રહેતી પરિણીતાના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી, બળજબરીથી દુષ્કર્મ આચરતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.



પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો અનુસાર, ગઈકાલે બપોરે આશરે અઢી વાગ્યાના સુમારે પીડિત મહિલા પોતાના ઘરની અગાશી પર કપડાં સૂકવવા ગઈ હતી. આ જ સમયે પડોશમાં રહેતો પીયુષ ભુપત ડંડૈયા નામનો શખ્સ ત્યાં ઘૂસી આવ્યો હતો. નરાધમે પાછળથી આવીને એકાએક મહિલાનું મોં દબાવી દીધું હતું અને 'જો બૂમાબૂમ કરીશ તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપીને તેને બળજબરીથી અગાશી પર આવેલી ઓરડીમાં ખેંચી ગયો હતો.

પરિણીતાએ પોતાની ઈજ્જત બચાવવા આરોપીની ચુંગાલમાંથી છૂટીને બહાર ભાગવાનો સખત પ્રયાસ કર્યો હતો, પરંતુ હેવાનિયત પર ઉતરી આવેલા આરોપી પીયુષે મહિલાને જોરથી પકડીને પલંગ પર પછાડી દીધી હતી. પલંગ પર પછડાવાને કારણે મહિલાને શરીરે ઈજાઓ પણ પહોંચી હતી. ત્યારબાદ નરાધમે મહિલાની મરજી વિરુદ્ધ તેની સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો.

પોતાનું કાળું કામ પાર પાડ્યા બાદ હવસખોર પીયુષે પરિણીતાને ડરાવતા ધમકી આપી હતી કે, ''જો આ ઘટના અંગે કોઈને પણ જાણ કરીશ તો તારા પતિ અને પુત્રને જાનથી મારી નાખીશ.'' આટલું કહીને આરોપી અગાશી પરથી જ કૂદકો મારીને ફરાર થઈ ગયો હતો.

આ ગંભીર બનાવ અંગે ભોગ બનનાર મહિલાએ હિંમત દાખવીને પોલીસનો સંપર્ક કરતા, પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આરોપી પીયુષ ડંડૈયા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (ઈગજ) ની કલમ ૬૪(૧), ૩૫૧(૩) અને ૩૨૯(૩) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે નાસી છૂટેલા આરોપીને સળિયા પાછળ ધકેલી દેવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

બલેનો કાર અને મોબાઈલ સહિત ૭.૮૯ લાખનો મુદ્દામાલ જપ્તઃ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો

# સૂર્યોદય સોસાયટીનો 'કાઠી' MD ડ્રગ્સ સાથે ઝડપાયો



રાજકોટ, તા.૨૦

શહેરમાં યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સના દૂષણને ડામવા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એસઓજીની ટીમે કુવાડવા-વાંકાનેર ચોકડી પાસે બાતમીના આધારે દરોડો પાડીને ૨૪.૯૪૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે સૂર્યોદય સોસાયટીના એક નામચીન શખ્સ મહાવીરસિંહ ઉર્ફે કાઠી જોરૂભા વાળાને ઝડપી પાડ્યો છે.

એસઓજીના પોલીસ ઈન્સપેક્ટર એન.બી. ચૌધરી અને પી.એસ.આઈ. એમ.વી. જાડેજાની રાહબરી હેઠળ ટીમને ડ્રગ્સની હેરાફેરી અંગે એક ચોક્કસ અને સંયુક્ત બાતમી મળી હતી. જેના આધારે ભગીરથ એસોસીએટ પ્રોજેક્ટ બેસ કેમ્પ સામે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન ત્યાં એક સફેદ કલરની બલેનો કાર (નંબર GJ-03-PM-૫૪૪૫) લઈને આવેલા મહાવીરસિંહ ઉર્ફે કાઠી જોરૂભા વાળા (ઉ.વ. ૨૭, રહે. સૂર્યોદય સોસાયટી, કોઠારીયા રોડ, રાજકોટ) ને પોલીસે ચારેતરફથી કોર્ડન કરીને ઝડપી લીધો હતો. આરોપીની અંગજડતી અને તેની કારની સઘન તલાશી લેતાં તેની પાસેથી ૨૪.૯૪૦ ગ્રામ મેફેડ્રોન (એમ.ડી. ડ્રગ્સ) નો જથ્થો મળી આવ્યો હતો. આ શંકાસ્પદ પાવડરનું FSL અધિકારી કે.એમ. તાવીયા દ્વારા સ્થળ પર જ પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવતા તે ખઉ ડ્રગ્સ હોવાનું કન્ફર્મ થયું હતું. પોલીસે ૭૪, ૮૨૦નું, ૨૪.૯૪૦ ગ્રામ ડ્રગ્સ, ૭ લાખની કાર, ૧૦ હજારના ૨ મોબાઈલ મળી ૭,૮૯,૮૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે વધુ વિગતો આપી હતી કે, પકડાયેલો મહાવીરસિંહ ઉર્ફે કાઠી અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. તેનો ગુનાહિત ઈતિહાસ તપાસતા તેની સામે અગાઉ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં હુમલો અને એટ્રોસિટી એક્ટ, યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં હત્યા (કલમ ૩૦૨) અને હત્યાના પ્રયાસ (કલમ ૩૦૭), તેમજ છેક અમદાવાદના ઓઢવ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપિંડી સહિતના ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલ આ નામચીન આરોપી વિરુદ્ધ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ગઉક્જ એક્ટ હેઠળ ગુનો નોંધીને પોલીસે ડ્રગ્સના નેટવર્કનાં મૂળિયાં સુધી પહોંચવા કાયદેસરની સઘન તપાસ હાથ ધરી છે.

# ૩૩ આંગણવાડીને જમીન ફાળવાઈ

### જિલ્લા કલેક્ટર તંત્રની ગતિશીલ કામગીરી : સૌથી વધુ ધોરાજીમાં એક માસમાં ૨૨ આંગણવાડીને જમીન અપાઈ

રાજકોટ, તા.૨૦

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના નિર્દેશમાં વહીવટી તંત્ર દ્વારા વિવિધ યોજનાઓનું સફળ અમલીકરણ કરાઈ રહ્યું છે. આ સાથે વહીવટી પ્રક્રિયાને ગતિશીલ બનાવીને માળખાકીય સુવિધાઓના કામોને વેગ અપાઈ રહ્યો છે. કલેક્ટરના નિર્દેશ અને માર્ગદર્શનમાં છેલ્લા એક માસમાં જિલ્લાની ૩૩ આંગણવાડીઓને જમીન ફાળવવામાં આવી છે.

રાજકોટ (ગ્રામ્ય) જિલ્લા સંકલિત બાળ વિકાસ યોજના વિભાગ દ્વારા બાળકો અને માતાઓના કલ્યાણ તેમજ પ્રાથમિક શિક્ષણને વધુ મજબૂત કરવા માટે અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. આ માટે આંગણવાડી કેન્દ્રોનું નવીનીકરણ કરીને વધુ સુવિધાજનક અને મજબુત બનાવવામાં આવી રહ્યા છે. આ સાથે આંગણવાડીઓની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. તાજેતરમાં એપ્રિલથી જૂન દરમિયાન વધુ ૨૯ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જ્યારે આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ અંતર્ગત રાજકોટ જિલ્લાના ૮૭૮ આંગણવાડી કેન્દ્રમાં નવીનીકરણ કરવામાં આવ્યું છે.



દરમિયાન રાજકોટ જિલ્લામાં વિવિધ આંગણવાડીઓના જમીનનો પ્રશ્ન જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના ધ્યાને આવ્યો હતો. આથી તેમણે વિવિધ પ્રાંત અધિકારીઓને આંગણવાડીઓને વહેલીતકે જમીન ઉપલબ્ધ કરાવવા ખાસ ઝુંબેશ હાથ ધરવા નિર્દેશ આપ્યો અને આ પ્રશ્નો સત્વરે નિકાલ લાવવા સૂચના આપી હતી.

આ સાથે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના સીધા માર્ગદર્શન તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારી જનકસિંહ ગોહિલ, સ્થાનિક સ્તરે પ્રાંત અધિકારી સક્રિય સહયોગ અને આઈ.સી.ડી.એસ.ના વિવિધ અધિકારીઓના સંયુક્ત પ્રયાસોથી મિશન મોડમાં કામગીરી કરીને આંગણવાડીની જમીન અંગેની સમસ્યાનું માત્ર એક જ મહિનામાં નિરાકરણ લાવવામાં આવ્યું છે.

તંત્રના સઘન પ્રયાસોના પરિણામે જિલ્લાના કુલ ૩૩ આંગણવાડી કેન્દ્રોને જમીન ફાળવવામાં આવી છે. આ સમગ્ર ઝુંબેશ દરમિયાન ધોરાજી તાલુકામાં પ્રાંત અધિકારી શ્રી નાગાજણ તરખલાએ વિશેષ કવાયત હાથ ધરીને આંગણવાડી ૨૨ કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ કરાવી હતી. જ્યારે જસદણ તાલુકામાં પ્રાંત અધિકારી શ્રી રાહુલ ખાંભરા દ્વારા અગાઉ નગરપાલિકા વિસ્તારમાં આવેલા જમીનવિહોણા ૧૦ કેન્દ્રોમાંથી ૬ કેન્દ્રો માટે જમીન ફાળવવામાં આવી છે.

જેતપુર તાલુકામાં અગાઉ નગરપાલિકા વિસ્તારમાં આવેલા જમીન વિહોણા ૫ કેન્દ્રોમાંથી ૪ કેન્દ્રો માટે જ્યારે ગોંડલ તાલુકામાં અગાઉ ગ્રામ્ય વિસ્તારમાં આવેલા જમીન વિહોણા એક આંગણવાડી કેન્દ્ર માટે પણ જમીનની ફાળવણી કરવામાં આવી છે. આમ, કુલ ૩૮માંથી ૩૩ આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ થતાં સુવિધાજનક આંગણવાડીઓના નિર્માણનો માર્ગ મોકળો થયો છે. જ્યારે બાકી રહેલા માત્ર ૦૫ કેન્દ્રો માટે પણ વહીવટી તંત્ર દ્વારા પ્રક્રિયા હાલ ગતિમાન છે. જિલ્લા વહીવટી તંત્રની આ લોકાભિમુખ અને ત્વરિત કામગીરીને સ્થાનિક રજૂઆતકર્તાઓ અને ગ્રામજનોએ વધાવી લીધી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# નિર્ણાયકતા તરફ વળો

## લોકોની હાડમારી ઓછી નથી, વિપક્ષને ખૂબ મોટી તક, પણ..



રાજકોટ મહાપાલિકાની જનરલ બોર્ડમાં વિપક્ષ કોંગ્રેસે મહાપાલિકા સંકુલમાં વિવિધ પ્રશ્ને જોરદાર દેખાવો કર્યા હતા. સ્થાનિક સ્તરે પ્રજાની હાડમારીઓ અને દૈનિક સમસ્યાઓને લઈને વિપક્ષ દ્વારા ઉગ્ર અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. જોકે, આ સ્થિતિને વ્યાપક દ્રષ્ટિકોણથી જોઈએ તો સમગ્ર ગુજરાતમાં રાજકીય હલચલ તેજ બની છે. રાજ્યમાં શાસક પક્ષ ભાજપે આગામી ધારાસભાની ચૂંટણીની તૈયારીઓ અત્યારથી જ શરુ કરી દીધી છે.

ગુજરાતમાં ભાજપ છેલ્લા ૩૦ વર્ષથી સતત સત્તામાં છે. કોઈપણ રાજ્યમાં આટલા લાંબા શાસન બાદ સ્વાભાવિક રીતે જ અમુક અંશે વિપરીત લોકમત સર્જાયો હોય છે. આ ઉપરાંત રાજ્યસ્તરની અનેક જટિલ બાબતો અને સ્થાનિક લોકસમસ્યાઓનો કોઈ પાર નથી. રસ્તા, પાણી, મોંઘવારી, સફાઈ અને વહીવટી નિષ્ફળતાઓ જેવા મુદ્દાઓથી સામાન્ય જનતા પીડાઈ રહી છે. આ પરિસ્થિતિ કોઈપણ જીવંત લોકશાહીમાં વિપક્ષ માટે એક મોટો આશીર્વાદ ગણાય.

મુખ્ય વિપક્ષ તરીકે કોંગ્રેસ રાજકોટમાં વિરોધ પ્રદર્શન માટે પૂરતી સ્ફૂર્તિ દાખવે છે. અવારનવાર હલ્લાબોલ થાય છે અને જનહિતના સારા મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવે છે. જોકે, આ સમગ્ર વિરોધ પ્રદર્શન પાછળ મોટાભાગે મીડિયામાં માત્ર હાઈલાઈટ થવાનો ઉદ્દેશ હોય તેવું સ્પષ્ટ લાગે છે. રાજકીય પાર્ટીએ પોતાના મુદ્દાઓ પ્રજા સુધી પહોંચાડવા મીડિયાનો લાભ લેવો જ જોઈએ, પરંતુ માત્ર પબ્લિસિટી મેળવવી એ જ એકમાત્ર ઉદ્દેશ્ય હોય તે યોગ્ય નથી.

રાજકીય સત્તા કે પ્રજાનો વિશ્વાસ મેળવવા માટે મુખ્ય ઉદ્દેશ નિર્ણાયક વિરોધનો હોવો અત્યંત જરૂરી છે. આ માટે પક્ષે વિશેષ તાકાત અને સંગઠનાત્મક બળ લગાવવું પડે. લોકોને સંપૂર્ણ વિશ્વાસમાં લઈને, પ્રજાને સાથે રાખીને સમસ્યાઓના કાયમી ઉકેલ માટે મરણિયા અને સનિષ્ઠ પ્રયાસો કરવા જરૂરી છે. માત્ર કરવા ખાતર વિરોધ દર્શાવવો કે પછી પક્ષના કોઈ એકાદ નેતાને પ્રસિદ્ધ કરવાના હેતુથી વિરોધ કાર્યક્રમો યોજાય, તો તેનો વાસ્તવિક લાભ પક્ષને ક્યારેય મળતો નથી.


જ્યાં સુધી સામૂહિક પ્રચંડ શક્તિ અને નક્કર રણનીતિ સાથે નિર્ણાયક વિરોધ કરવામાં ન આવે, ત્યાં સુધી જનતાના દિલમાં સ્થાન બનાવી શકાતું નથી. પ્રજાની હાડમારી દૂર કરવા માટે આક્રમક અને પરિણામલક્ષી લડત જ વિપક્ષનો રાજકીય પ્રભાવ વધારી શકે તેમ છે. વર્તમાન સ્થિતિમાં વિપક્ષ પાસે મોટો રાજકીય અવકાશ અને તક ચોક્કસ છે, પણ જો તે કેવળ દેખાડા પૂરતો વિરોધ છોડીને નિર્ણાયક લડાઈ તરફ વળશે તો જ સફળ થશે.

# કોંગ્રેસે વંદે માતરમને બે ભાગમાં વહેંચ્યું

## શ્લોક ગાવાનો નિર્ણય રાષ્ટ્રવિરોધી : અમિત શાહે રાષ્ટ્રગીત વિવાદ પર પ્રહાર કર્યા

નવીદિલ્હી, તા. ૨૦

વંદે માતરમ વિવાદ પર ચાલી રહેલા રાજકીય યુદ્ધ વચ્ચે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પાર્ટી પર મોટો હુમલો કર્યો છે. ગુરુવારે મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ ગઈકાલે રાષ્ટ્ર વિરોધી નિર્ણય લીધો છે. વંદે માતરમના બે શ્લોક ગાવાનો નિર્ણય રાષ્ટ્ર વિરોધી છે. શાહે જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીએ મુસ્લિમોને ખુશ કરવા માટે ૧૯૩૭ માં દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો. આનાથી બે રાષ્ટ્ર સિદ્ધાંત મજબૂત થયો, જેના કારણે દેશના ભાગલા પડ્યા અને પાકિસ્તાનનો જન્મ થયો. શાહે જણાવ્યું હતું કે મોદી સરકારે કોંગ્રેસ પાર્ટીની તે ઐતિહાસિક ભૂલ સુધારી છે.



ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે મોદી સરકારે આખું ગીત ગાઈને ભૂતકાળની ભૂલ સુધારી છે, રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી છે. અમે તમામ સરકારી કાર્યક્રમોમાં તેને સંપૂર્ણ રીતે ગાવાના નિર્ણયને પણ કાયદેસર બનાવ્યો છે. કોંગ્રેસે આ નિર્ણયને અવગણવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય તેમની તુષ્ટિકરણ નીતિને સ્પષ્ટપણે દર્શાવે છે. વોટ બેંક ખાતર, તેઓએ બંકિમ બાબુની અમર રચનાનું અપમાન કર્યું છે અને લાખો શહીદોનું પણ અપમાન કર્યું છે, જેમણે સ્વતંત્રતાનો નારા લગાવતી વખતે ફાંસી આપવામાં આવી હતી અથવા વર્ષો જેલમાં વિતાવ્યા હતા.

શાહે કહ્યું કે આજે કોંગ્રેસ ૧૯૩૭ના પોતાના જૂના ઠરાવનું પાલન કરી રહી છે, પરંતુ સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાનું પાલન કરી રહી નથી. આશ્ચર્યજનક વાત છે કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ ફરીથી તુષ્ટિકરણની રાજનીતિમાં જોડાઈ રહી છે. દેશે 'વંદે માતરમ'ને બે ભાગમાં વહેંચવાની ભૂલ કરી છે અને તેના પરિણામો ભોગવ્યા છે. હવે, દેશે કોંગ્રેસના આ નિર્ણય સામે એક થવું જોઈએ અને કહેવું જોઈએ કે તેમની તુષ્ટિકરણની રાજનીતિ હવે કામ કરશે નહીં. ભાજપ કોંગ્રેસના આ નિર્ણયની નિંદા કરે છે.

શાહ અને ભાજપના આ નિવેદન પર પ્રતિક્રિયા આપતા, કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે કહ્યું કે તેઓ (ભાજપ) પેપર લીક, દાન ચોરી અને અરુણાચલ પ્રદેશમાં ચીની ઘૂસણખોરી જેવા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માંગે છે. આ હાલમાં રાષ્ટ્રીય મુદ્દાઓ પર દબાણ લાવી રહ્યા છે, અને તેઓ તેમના પરથી ધ્યાન હટાવવા માટે આ બધું કરી રહ્યા છે. અમે ૧૯૩૭ થી વંદે માતરમ ગાઈ રહ્યા છીએ. અમારા માટે આમાં નવું શું છે? રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગીત બંને આપણા માટે ભાવનાત્મક છે કારણ કે તેઓ ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો ભાગ હતા. ભાજપ સ્વતંત્રતા સંગ્રામ વિશે કંઈ જાણતો નથી. અમિત શાહે કહ્યું કે કોંગ્રેસે વંદે માતરમને બે ભાગમાં વહેંચી દીધું. બે શ્લોક ગાવાનો નિર્ણય રાષ્ટ્રવિરોધી છે. કોંગ્રેસે સંસદના નિર્ણયનો અનાદર કર્યો છે. કોંગ્રેસે લાખો શહીદોનું અપમાન કર્યું છે.

# ચીન અરુણાચલ પ્રદેશમાં ૬૦ કિમી અંદર ઘૂસ્યું

## કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ દાવાને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો.

નવીદિલ્હી, તા. ૨૦

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ અંગે વાયરલ થયેલા દાવાઓનો સ્પષ્ટ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ચીની સેનાએ અરુણાચલ પ્રદેશમાં ૬૦ કિલોમીટર સુધી ઘૂસણખોરી કરી હોવાનો દાવો સંપૂર્ણપણે ખોટો છે. રિજિજુએ કહ્યું કે




અરુણાચલ પ્રદેશમાં ભારત અને ચીન લાંબી સરહદ ધરાવે છે, પરંતુ આ સરહદ હજુ સુધી યોગ્ય રીતે સીમાંકિત કરવામાં આવી નથી. ત્યાં કોઈ સરહદી થાંભલા નથી અને જમીન પર કોઈ સ્પષ્ટ રેખાઓ નથી. આ સમસ્યા નવી નથી. તેમણે સમજાવ્યું કે સરહદી ગામડાઓમાં લોકોની ચિંતા વાજબી છે કારણ કે સરહદ સીમાંકિત કરવામાં આવી નથી. જોકે, એવો દાવો કરવો ખોટો છે કે ચીને કોઈ ભારતીય ગામ પર કબજો કર્યો છે અથવા ૬૦ કિલોમીટર અંદર પ્રવેશ કર્યો છે. કેટલાક લોકો બાંગ્લાદેશ જેવા સ્થળોએથી નકલી ફોટા અને વીડિયો શેર કરીને ખોટી માહિતી ફેલાવી રહ્યા છે.

રિજિજુએ સ્પષ્ટપણે કહ્યું કે આવા ખોટા દાવાઓ દેશમાં મૂંઝવણ પેદા કરે છે. સરકાર સ્થાનિક લોકોની ચિંતાઓને ગંભીરતાથી લેશે અને ભારતીય પ્રદેશનું રક્ષણ કરશે. તેમણે કહ્યું કે અમે ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન કરવા માંગતા નથી. મંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે ભારત-ચીન સરહદ મુદ્દો ખૂબ જ સંવેદનશીલ છે અને તેના પર ખોટા દાવાઓ ન કરવા જોઈએ. રિજિજુએ કહ્યું, ''તેઓ ૬૦ કિલોમીટર સુધી ઘૂસણખોરી કરી છે તેવા જુઠ્ઠાણા ફેલાવવા અને બાંગ્લાદેશ અથવા અન્યત્રથી છબીઓ પોસ્ટ કરીને દાવો કરવો કે ચીની સેનાએ અરુણાચલ પ્રદેશમાં ૬૦ કિલોમીટર સુધી ઘૂસણખોરી કરી છે, આવી ખોટી માહિતી આપણા સૈન્ય કર્મચારીઓ અને ત્યાં તૈનાત સુરક્ષા દળોના મનોબળને નબળી પાડે છે અને દેશમાં મૂંઝવણ પેદા કરે છે. આ યોગ્ય નથી.''

તેમણે કહ્યું કે ભારતે સરહદ પર સુરક્ષા મજબૂત બનાવી છે, અને સેના અને ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ (ઈઝઈ઼) એ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દીધું છે. ભારત-ચીન સરહદ પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવાના સરકારના નિર્ણય બાદ તેમની ટિપ્પણીઓ આવી છે, જેમાં અરુણાચલ પ્રદેશના ૨૭ સ્થળો અને ભૌગોલિક સુવિધાઓને સત્તાવાર સર્વે ઓફ ઈન્ડિયા નકશા પર તેમના માનક નામો સાથે માન્યતા આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર ઘૂસણખોરીના દાવાઓને ખોટા ગણાવ્યા. તેમણે સ્પષ્ટતા કરી કે આ સંવેદનશીલતા સીમાચિહ્ન વિનાની સરહદને કારણે રહે છે.

## માતા-પિતા કે સગા-સંબંધીઓ હસ્તક્ષેપ કરી શકે નહીં : દિલ્હી હાઈકોર્ટ

# સંમતિથી લિવ-ઇન-રિલેશનશિપનો સંબંધ લગ્ન સમાન

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હી હાઈકોર્ટે લિવ-ઇન રિલેશનશિપને લગ્ન સમાન ગણાવ્યું છે. કોર્ટે જણાવ્યું કે, સંમતિથી સાથે રહેતા પુખ્ત વયના લોકોના સંબંધમાં માતા-પિતા કે સગા-સંબંધીઓ હસ્તક્ષેપ કરી શકે નહીં. પરિવારે ધમકાવતા એક લિવ-ઇન કપલને કોર્ટે પોલીસ સુરક્ષા પૂરી પાડી હતી. ન્યાયમૂર્તિ સૌરભ બેનરજીએ ૧૩ ઑગસ્ટે ૩૦થી વધુ ઉંમરના દંપતિની અરજી પર આ આદેશ આપ્યો હતો.

દિલ્હી હાઈકોર્ટે લિવ-ઇન રિલેશનશિપને લઇને મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. અદાલતે કહ્યું કે, સંમતિથી સાથે રહેતા પુખ્ત વયના લોકોના સંબંધમાં માતા-પિતા, સગા-સંબંધીઓ કે મિત્રો હસ્તક્ષેપ કરી શકે નહીં. પરિવારની ધમકીઓથી પરેશાન કપલને પોલીસ સુરક્ષા આપતાં કોર્ટે તેને લગ્ન સમાન ગણાવ્યું છે. દિલ્હી હાઈકોર્ટે કહ્યું છે કે, સંમતિથી લિવ-ઇન રિલેશનશિપમાં રહી રહેલા પુખ્ત વયના લોકોનો સંબંધ લગ્ન સમાન છે. માતા-પિતા, સગા-સંબંધીઓ કે મિત્રો તેમની પસંદગીમાં હસ્તક્ષેપ કરી શકે નહીં, અને ન તો તેમના જીવન કે સ્વતંત્રતાને જોખમ પહોંચાડી શકે છે. અદાલતે પરિવાર તરફથી ધમકીઓનો સામનો કરી રહેલા એક લિવ-ઇન કપલને પોલીસ સુરક્ષા પણ પૂરી પાડી છે.

ન્યાયમૂર્તિ સૌરભ બેનરજીએ ૧૩ ઑગસ્ટે દંપતિની અરજી પર આ આદેશ પસાર કર્યો. અરજદાર દંપતિની ઉંમર ૩૦ વર્ષથી વધુ છે. તેમણે અદાલતને જણાવ્યું કે, તેઓ કેટલાક સમયથી સાથે રહી રહ્યા છે અને એકબીજા સાથે લગ્ન કરવાનો પણ ઈરાદો ધરાવે છે. અદાલતને જણાવવામાં આવ્યું કે, છોકરીના પિતા અને ભાઈ આ સંબંધથી ખુશ નહોતા, અને તેઓ સતત બંનેને હિંસાની ધમકી આપી રહ્યા હતા. અરજદારોએ સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ(SHO)ને પણ ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નહોતી.




અદાલતનું કહેવું છે કે, 'અરજદારોએ પોતાની ઇચ્છા, સંમતિ અને પૂરી જવાબદારી સાથે એકબીજા સાથે લિવ-ઇન રિલેશનશિપમાં રહેવાનો નિર્ણય કર્યો છે, તેથી કોઈ પણ વ્યક્તિ, ઇચ્છે તો તે તેમના માતા-પિતા, સગા-સંબંધીઓ કે મિત્રો હોય, તેમની પસંદગીમાં અડચણ નાખવાનો કે, હસ્તક્ષેપ કરવાનો અધિકાર અથવા ક્ષેત્રાધિકાર ધરાવતા નથી. તેમને તેમના જીવન કે, સ્વતંત્રતા માટે ધમકી આપવાનો તો બિલકુલ પણ અધિકાર નથી. અરજદારો લિવ-ઇન રિલેશનશિપમાં છે, અને કાયદાકીય રીતે એકબીજા સાથે પરિણિત નથી, પરંતુ બંને સંમતિથી પુખ્ત છે, તેથી તેમનો સંબંધ લગ્ન સમાન છે.'

ન્યાયમૂર્તિ સૌરભ બેનર્જીએ કહ્યું કે, સંમતિથી લગ્ન કરનારા પુખ્ત વયના લોકોના લગ્નોને જ્ઞાતિ, સંપ્રદાય, રંગ, ધર્મ કે આસ્થાના આધારે માન્યતાથી વંચિત રાખી શકાય નહીં. તેમણે કહ્યું કે, બંધારણ દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારોને 'સામાજિક નૈતિકતા અને પૂર્વગ્રહો'ના આધારે સિમિત કરવા તે વ્યક્તિની સ્વતંત્ર ઓળખથી વંચિત કરવા સમાન છે.

દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે, સુપ્રીમ કોર્ટે માન્યું છે કે, લગ્ન ન થયા હોવા છતાં પુખ્ત વયના લોકોને પોતાની ઈચ્છા અનુસાર એકબીજા સાથે રહેવાનો અસિમિત અધિકાર છે. અદાલતે કહ્યું કે, હવે કાયદાની નજરમાં આ અધિકારને માન્યતા પ્રાપ્ત છે, અને કાયદાએ પણ તેને ઘરેલુ હિંસા સામે મહિલાઓનું સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૫ની જોગવાઈઓ હેઠળ માન્યતા આપી છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શ્રાવણી સત્સંગ

## શિવ કહે છે, સર્ગ,પાલન,સંહાર, તિરોભાવ,અને અનુગ્રહ આ પાંચ જગત સંબંધી મારા કાર્યો છે.



હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણી સત્સંગમાં આપણે શિવ પુરાણનો સંદર્ભ લઈને શિવત્વને આત્મસાત કરવાની કોશિશ કરી રહ્યા છીએ, ત્યારે શિવલિંગનાં અસ્તિત્વની કથા આપણે જાણી. શિવ પુરાણ મુજબ આર્દ્રા નક્ષત્રમા એટલે કે માગશર પૂર્ણિમા કે પ્રતિપદાથી એટલે કે મહા વદ ચૌદશ બ્રહ્મા અને વિષ્ણુ એ શિવતત્વની તપસ્યા કરી, અને પછી એ પ્રસન્ન થયાં, એ રાત્રિ શિવરાત્રી તરીકે આપણે ઉજવીએ છીએ. શિવજી પ્રસન્ન થયા ત્યારે એમણે સ્વ મુખે પાંચ કૃત્યનું પ્રતિપાદન કર્યું, પ્રણવ મંત્ર અને શિવ પંચાક્ષર મંત્રની મહત્તા બતાવી, ત્યાર બાદ બંને દેવો એ શિવની સ્તુતિ કરી અને શિવ અંતર્ધ્યાન થયાં.

શિવ પુરાણના દસમા અધ્યાયમાં તપસ્યાથી પ્રસન્ન થયેલા શિવજીને પુછે કે સૃષ્ટિ આદિ પાંચ કૃત્ય છે, એનાં લક્ષણો શાં છે ? એ અમને સમજાવો. ત્યારે ભગવાન શિવ કહે છે આ પાંચ કૃત્યો એ મારા કર્તવ્યો છે! જેને સમજવું થોડું અઘરું છે, છતાં કહું તો આપ બંનેની તપસ્યાથી યુદ્ધથી હું તત્કાલ પ્રગટ થયો અને એ દ્રશ્યમાન હતું, એટલે એ પરમ ઈશ તત્વને સકલ રુપ એટલે કે સાકર કહ્યું, જ્યારે બંને વચ્ચેના વિવાદ વખતે જે સ્તંભ સ્વરૂપ હતું એ મારું નિઃસકલ કે નિરાકાર સ્વરૂપ છે, જે મારા બ્રહ્મરૂપનો બોધક છે. આ મારાં ચિન્હ સ્વરૂપ લિંગની આપ અહીં રહીને પૂજા કરો! મારું આ રૂપ મારા નિત્ય સ્વરૂપ સાથે સામિપ્ય ધરાવે છે, અને અભેદ્ય પણ છે. લિંગ સ્વરૂપ સાથે મારું સાયુજ્ય વધુ હોવાથી મૂર્તિ કરતાં લિંગની સ્થાપના વધુ થવી જોઈએ.

શિવજીએ કહ્યું કે સૃષ્ટિ એટલે કે સર્ગ, પાલન, સંહાર, તિરોભાવ, અને અનુગ્રહ આ પાંચ જગત સંબંધી મારા કાર્યો છે, જે નિત્યસિદ્ધ છે. સંસારની રચનાનો જે આરંભ છે એને સર્ગ એટલે કે સૃષ્ટિ કહે છે. મારા દ્વારા પાલિત થઈને સૃષ્ટિને સૃષ્ટિ રૂપે રહેવાની જે સ્થિતિ છે, એને પાલન કહેવાય, એનો વિનાશ થાય એને સંહાર, અને પ્રાણોનું ઉત્ક્રમણ, એટલે મૃત્યુ કે સંહાર સમયે પ્રાણ બહાર નીકળી જવો, એને તિરોભાવ કહે છે, અને આ સર્વથી છુટકારો મળી જવો, એ જ મારો અનુગ્રહ છે. જન્મ છે એનું મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ મૃત્યુની વેદના વગર પ્રાણ દેહમાંથી નીકળી જાય, તો એ મારો અનુગ્રહ એટલે કે મોક્ષનો હેતુ છે, તે સદા મારા જ અવિચલ ભાવથી સ્થિર રહે છે. જીવ અથવા ભક્ત આ પાંચેક કૃત્યોને પાંચ મહાભૂતોમાં જુએ છે, સૃષ્ટિ એટલે કે ભૂતલ અથવા પૃથ્વીમાં સ્થિતિ એટલે જળમાં સંભાર અગ્નિમાં વાયુમાં અને અનુગ્રહ આકાશમાં સ્થિત છે. પૃથ્વીથી સૃષ્ટિની રચના થાય છે, જળથી એ સૃષ્ટિની વૃદ્ધિ થાય છે, અને જીવનની રક્ષા થાય છે. અગ્નિ સર્વને ભસ્મીભૂત કરી દે છે, વાયુ સર્વને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જાય છે, અને આકાશ સર્વને અનુગ્રહિત કરે છે સર્વ પર ઉપકાર કરે છે.

પોતાના પાંચ મુખ માટે કહે છે બ્રહ્મા અને વિષ્ણુ તમે બંને તપસ્યા કરી મને પ્રસન્ન કરી સૃષ્ટિ અને સ્થિતિ નામના બે કૃતિઓ પ્રાપ્ત કર્યા છે. એટલે કે બ્રહ્મા દ્વારા સૃષ્ટિનું સર્જન થાય છે, અને વિષ્ણુ દ્વારા આ સૃષ્ટિનું પાલન થાય છે. પણ એવી જ રીતે મારી વિભૂતિ સ્વરૂપ રુદ્ર, અને મહેશ્વરે બીજા બે ઉત્તમ કૃત્ય, સંહાર અને તિરોભાવ પ્રાપ્ત કર્યા છે. પરંતુ અનુગ્રહ નામક કૃત્ય મેં બીજા કોઈને આપ્યું નથી, અને એ બીજો કોઈ મેળવી શકતો પણ નથી. રુદ્ર અને મહેશ્વર પોતાના કર્મને ભૂલ્યા નથી, એટલા માટે મેં એમને મારી સમાનતા પ્રદાન કરી છે, તે રૂપ,વેશ, કૃત્ય, વાહન, આસન, અને આયુધ વગેરેમાં મુજ સમાન જ છે.

ત્યારબાદ ઓમકાર મંત્રની મહત્તા પ્રગટ કરી જે આપણે સ્વતંત્ર લેખ રૂપે જોયું. ઓમકાર મંત્રનું નિરંતર સ્મરણ કરનાર મારું જ સ્મરણ કરી રહ્યો છે. ત્યારબાદ શિવ પંચાક્ષર મંત્ર ''ઓમ નમઃ શિવાય'' એ મંત્ર માતૃકા વર્ણ પ્રગટ થયા છે, જે પાંચ ભેદવાળા છે, અને એમાંથી જ શિરોમંત્ર સહિત ત્રિપદા ગાયત્રીનું પ્રાગટ્ય થયું છે. આ ગાયત્રીથી સંપૂર્ણ વેદ અને વેદોમાંથી કરોડો મંત્ર નીકળ્યાં, એ મંત્રોથી ભિન્ન ભિન્ન કાર્યોની સિદ્ધિ થઈ! પરંતુ પ્રણવ અને પંચાક્ષરથી સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ થાય છે. આ બંને મંત્ર ભોગ અને મોક્ષ બંને માટે સિદ્ધ છે. ૐ મંત્ર એ મારા સકલ,કે સાકાર સ્વરૂપ સાથે સંબંધ રાખે છે, જ્યારે શિવ પંચાક્ષર મંત્ર મારા નિષ્કલ કે નિરાકાર સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે.

ત્યારબાદનાં અધ્યાય શિવલિંગની સ્થાપના, તેનાં પ્રકારો, લક્ષણો અને પૂજનની વિધિનું વર્ણન તથા શિવપદની પ્રાપ્તિ કરાવનારા સત્કર્મોનું વિવેચન કરે છે. મોક્ષદાયક પુણ્ય ક્ષેત્રનું વર્ણન કાલ વિશેષમાં વિભિન્ન નદીઓમાં સ્નાનનાં ઉત્તમ ફળનું નિર્દેશ અને તીર્થોમાં પાપ ન કરવાની ચેતવણી. સદાચાર, સ્નાન, ભસ્મધારણ સંધ્યા વંદન, ગાયત્રી જપદાન, અને અગ્નિહોત્રની વિધિ, પણ જેમાં નિયમને નામે આગ્રહ વધુ જોડાય એવી વાતમાં આપણે જવું નથી.

વિપ્ર એટલે કે વૈશ્નવનું નિત્યક્રમ કેવું હોવું જોઈએ, એ વિશે પ્રકાશ પાડતા સૂતજી કહે છે, અગ્નિ યજ્ઞ, દેવ યજ્ઞ, ગુરુપૂજા અને બ્રહ્મ તૃપ્તિ આ ચાર જેના નિત્યક્રમ છે, એ વિપ્ર અથવા દ્વિજ કહેવાય છે. જે ગૃહસ્થ પ્રાતઃકાળ અને સાયંકાળ ચોખા વગેરે દ્રવ્યની આહુતિ આપી જે હોમ કરે છે, એને અગ્નિ યજ્ઞ કહે છે. જે આશ્રમમાં સ્થિત છે, એ બ્રહ્મચારીઓ યજ્ઞ સમયે જે સમિધને અગ્નિમાં હોમે એ પણ અગ્નિયજ્ઞ છે. સૂર્યદેવને અર્ધ્ય આપીને ગાયત્રી પાઠ કરનાર પણ અગ્નિ યજ્ઞ કરી રહ્યો છે, કારણ કે દિવસનાં ભાગમાં અગ્નિદેવ સૂર્યમાં જ પ્રવેશ કરી જાય છે. અને પ્રાતઃકાળ સૂર્યને આપેલું અર્ધ્ય એ આયુષ્યને વધારનાર છે. સાયનકાળે અગ્નિને આપેલી આહુતિ સંપત્તિ પ્રદાન કરનારી છે. અગ્નિ યજ્ઞ સમયે બ્રહ્મ કે બ્રહ્મ સ્વરૂપ અન્ય દેવતા ને આહુતિ આપવી એ દેવ યજ્ઞ છે અને તેનાથી બ્રહ્મ તૃપ્તિ થાય છે.

સૃષ્ટિના આરંભમાં સર્વેશ્વર મહાદેવ એ સમસ્ત લોક પર ઉપકાર કરવા સાત વારની રચના કરી. સંસારરૂપી રોગને દૂર કરનાર વૈદ, એવા સર્વના જ્ઞાતા, સમસ્ત ઔષધોના ઔષધ, ભગવાન શિવે પ્રથમ વાર સોમવાર પોતાને નામે રાખ્યો, જેનો સ્વામી સૂર્ય દેવ છે. ત્યારબાદ માયા શક્તિનો વિસ્તાર કરનાર, એટલે સંપત્તિદાયક વાર મંગળવાર બનાવ્યો, જેનાં સ્વામી સોમ દેવ છે. આળસ અને પાપની નિવૃત્તિ તથા સમસ્ત લોકના હિતની ઈચ્છાથી લોકરક્ષક ભગવાન વિષ્ણુનો વાર બનાવ્યો, જેનાં સ્વામી બુધ છે. ત્રિલોક સૃષ્ટિનું સર્જન કરનારા પરમ ઈશથી બ્રહ્માનો આયુષ્યકારક વાર બનાવ્યો, જેનું આધિપત્ય બૃહસ્પતિ કરે છે. ત્રણે લોકની વૃદ્ધિ માટે પહેલાં પાપ પુણ્યની રચના થઈ, અને એ પાપ પુણ્ય કરનારા લોકોના શુભાશુભ ફળ માટે ઈન્દ્રને યમના વારનું નિર્માણ કર્યું. ઈન્દ્રનાં વારનું આધિપત્ય શુક્ર કરે છે, અને યમ નાં વારનું શનિશ્વર કરે છે. દેવતાનું નિત્ય પૂજન, દાન, જપ, હોમ, એ રવિ એટલે સૂર્યને અર્પિત છે, અને એનું આધિપત્ય સ્વયં શિવ કરે છે.

ઉપર જણાવ્યાં મુજબ સમયની રીતે આપણે જે કાળમાં હોઈએ, અને વારની રીતે પણ જે વાર હોય એ, પણ કાળનાં મહાકાળ જ સર્વથી સમર્થ છે, અને એમણે આપણી માટે ભક્તિની ઉત્તમ ઘડીનું નિર્માણ કર્યું છે, માટે આપણે શિવને ભજતાં ભજતાં જ આ ભવ તરી શકીએ. ૐ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### ઠેકઠેકાણે મોસમ પુરબહારે ખીલી રહી છે, પોલીસ પણ સતત ત્રાટકી રહી છેઃ વધુ ૧૦ દરોડા

# પંચાવત 'પત્તાપ્રેમીઓ'એ કર્યા 'પોલીસમથક'ના દર્શન

## રાજકોટ જીલ્લામાં સડક પીપળીયા, સાંગણવા ગામે, સમઢીયાળા, શાપર, અમરનગર, દેસાઈવાડી વિસ્તાર, અરણી ગામ, દેરડીધાર, વાદીપરા અને વાસાવડ ગામે પોલીસના દરોડા

રાજકોટ, તા. ૧૯

રાજકોટઃ શહેર જીલ્લામાં ઠેકઠેકાણે પત્તાપ્રેમીઓ બાવન પત્તા લઈને હારજીત કરવા રોજબરોજ બેસી જાય છે. પોલીસ રોજ દરોડા પાડે છે છતાં જૂગાર અટકી રહ્યા નથી. શ્રાવણીયા જૂગારના રાજકોટ જીલ્લામાં અલગ અલગ ગામો શહેરોમાં દસ દરોડા પાડી પોલીસે પંચાવન પત્તાપ્રેમીઓને પોલીસ સ્ટેશનના દર્શન કરાવ્યા હતાં.

વિગતો જોઈએ તો રાજકોટ જીલ્લામાં ગોંડલ તાલુકા પોલીસે, સડક પીપળીયા ગામે, લોધીકા પોલીસે સાંગણવા ગામે, વિંછીયા પોલીસે સમઢીયાળા ગામની સીમમાં, શાપર પોલીસે ગંગા ફોર્જીંગ ગેઈટ અંદર, જેતપુર તાલુકા પોલીસે અમરનગર ગામે, જેતપુર સીટી પોલીસે દેસાઇવાડી વિસ્તારમાં અને ભાયાવદર પોલીસે અરણી ગામ, જેતપુર પોલીસે દેરડીધાર, કોટડાસાંગણી પોલીસે વાદીપરા અને સુલતાનપુર પોલીસે વાસાવડ ગામે દરોડા પાડી ૫૫ પતાપ્રેમીને લાખોના મુદામાલ સાથે ઝડપી લઇ ફરાર પાંચની શોધખોળ શરૂ કરી હતી. પોલીસે સડક પિપળીયા ગામે જાહેરમાં જુગાર રમતા વિરેન્દ્ર કેદાર રાજભર (ઉં.વ.૨૩ રહે. લીયોની સ્ટીલ કંપની, ભરૂડી તા-ગોંડલ મુળ યુ.પી). ધર્મેન્દ્ર મહેન્દ્રભાઇ ભારતી (ઉ.વ.૨૨,રહે.લીયોની સ્ટીલ કંપની, ભરૂડી તા-ગોંડલ મુળ યુ.પી) , સુનિલ રાજેન્દ્ર રાજભર (ઉં.વ.૨૦,રહે.લીયોની સ્ટીલ કંપની, ભરૂડી તા-ગોંડલ મુળ, બિરજુ જમના બિંદ, (ઉં.વ.૩૭, રહે. લીયોની સ્ટીલ કંપની, ભરૂડી તા-ગોંડલ મુળ યુ.પી.), અશ્વિન કાનજીભાઇ ભીલ (ઉ.વ.૩૧, રહે.લીયોની સ્ટીલ કંપની, ભરૂડી તા-ગોંડલ મુળ છોટાઉદેપુરને જુગાર રમતા રોકડ રૂ.૪૦૬૦ સાથે ઝડપી લીધા હતા.

આ ઉપરાંત બીજા દરોડામાં સાંગણવા ગામના છેવાડાની શેરીમાં જાહેરમાં જુગાર રમતા મનોજ માવજીભાઈ દાફડા (ઉ.વ-૪૫ રહે-સંગણવા ગામ તા.લોધીકા) કિશોર મોહનભાઈ બગડા (ઉ.વ-૪૦ રહે-સંગણવા ગામ તા.લોધીકા) જયદીપ મનસુખભાઈ રાખૈયા (ઉ.વ-૨૪ રહે-સંગણવા ગામ તા.લોધીકા) કાનજી દેવાભાઈ મકવાણા (ઉ.વ-૪૩ રહે-સંગણવા ગામ તા.લોધીકા) ખોડા દુદાભાઈ ખીમસુરીયા (ઉ.વ-૩૪ રહે-સંગણવા ગામ તા.લોધીકા) રવી મનસુખભાઈ રાખૈયા ( ઉ.વ-૨૭ રહે-સંગણવા ગામ તા.લોધીકા)ને ૧૩, ૯૭૦ની રોકડ અને ૫ ફોન મળી કુલ રૂા.૧,૦૫,૯૭૦ના મુદામાલ સાથે પકડી લીધા હતા.

જ્યારે દરોડામાં વિંછીયા પોલીસે સમઢીયાળા ગામની સીમમાં વાડી પાસે જુગાર રમતા અલ્પેશ જાદવાભાઇ મીઠાપરા (ઉ.વ.૩૫ રહે. સમઢીયાળા ગામ તા.વીંછીયા)ને રૂા.૧૫,૪૫૦ની રોકડ સાથે પકડી ફરાર દિનેશ (રહે.નડાળા તા.સાયલા) ગભરૂ (રહે નડાળા ગામ તા. સાયલા) બુધ્ધા નરશીભાઇ મીઠાપરા (રહે.સમંઢીયાળા તા.વીછીયા) શૈલેષ જાદવભાઇ મીઠાપરા (તા. વીંછીયા) અન પ્રેમજી જેરામભાઇ ગોહીલ (રહે.સમઢીયાળા ગામ તા.વિછીયા)ની શોધખોળ શરૂ કરી છે. પોલીસે રોકડ ઉપરાંત બે બાઇક સહિત કુલ રૂા.૩૫૪૫૦નો મુદામાલ કબ્જે કર્યા હતા. ચોથા દરોડામાં પોલીસે ગંગા ફોર્જીંગ ગેઇટ અંદર તળાવ પાછળ આવેલ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં જાહેરમાં જુગાર રમતા કાસીમ ગુલ્લીમભાઇ બીહાના (ઉ.વ.૪૮, રહે.વેરાવળ શાંન્તીધામ એનસન્સ કારખાનાની ઓરડીમાં ) અભીષેક સુનીલભાઇ અહેરવાલ (ઉ.વ.૨૧, રહે. શાપર ગંગા ગેઇટ અંદર કારખાનામાં ) ધર્મેન્દ્ર જગદિશભાઇ લોધી(ઉ.વ.૩૬, રહે.શાપર ગંગા ગેઇટ અંદર સપના પ્લાસ્ટીક કારખાનાની ઓરડીમાં ) સંતોષ દુર્ગાભાઇ પ્રસાદ(ઉ.વ.૪૨, રહે.ગંગા ગેઇટ અંદર સપના પ્લાસ્ટીક કારખાનામાં) રામશંકર દુલીચંદ લોધી (ઉ.વ.૫૦, રહે. વેરાવળ શાંન્તીધામ સોસાયટી આગળ કાવેરી કંપનીની બાજુમાં તા.કો.સાંગાણી મુળ. ઉ. પ્રદેશ) અને અરૂણ સોમનાથભાઇ જાદવ, (ઉ.વ.૨૪ રહે. અંજની રેસીડેન્સી શાપરગામ)ને રોકડ રૂા.૧૬,૪૬૦ અને મોબાઇલ ફોન નં.૩ કિ.રૂ.૩૦,૦૦૦ મળી કુલ મુદામાલ કિ.રૂ.૪૬,૪૬૦/-ના મુદામાલ સાથે પકડી લીધા હતા.





આ ઉપરાંત દરોડામાં પોલીસે અમરનગર સામે પ્રાઇમરી હેલ્થ સેન્ટર પાસે જાહેરમાં જૂગાર રમતા ધર્મેશ હરદાસભાઇ આલાણી (ઉ.વ.રહે. અમરનગર ગામ, તા. જેતપુર) રવજી કચરાભાઇ સાવલીયા (ઉ.વ.૫૦ રહે. અમરનગર ગામ તા. જેતપુર) સાગરભાઇ બળવંતભાઇ વાઘમસી (ઉ.વ.૩૨ રહે. અમરનગર ગામ તા. જેતપુર) અને પાર્થ જેન્તીભાઇ (ઉ.વ.૨૨, રહે. અમરનગર ગામ તા. જેતપુર)ને રૂા. ૨૫,૦૫૦ ની રોકડ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. છઠ્ઠા દરોડામાં પોલીસે રવજી ઉર્ફે ચીનો મોતીભાઇ સોલંકી (ઉ.૪૪) ના મકાનમાંથી જૂગાર રમતા દિનેશ હર્ષદભાઇ રાવલ ( જેતપુર, ડોબરીયાવાડી), વિજય જીવરાજભાઇ ચાવડા ( જેતપુર, લાખાવાળા દરબાર ગઢ), અશ્વિન ગોબરભાઇ સાવલીયા (રહે. જેતપુર, અમરનગર રોડ, સંજય અનીલભાઇ સુબા (રહે. જેતપુર વીવેકાનંદ સ્કુલ પાછળ) ને રૂા. ૨૩,૯૪૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.

તેમજ સાતમાં દરોડામાં પોલીસે અરણી ગામ, પ્લોટ વિસ્તારમાં જાહેરમાં જૂગાર રમતાં નારણ કાંધાભાઇ ખાંભલા (રહે. અરણી ગામ રબારીવાસ તા. ઉપલેટા), આમદ ઉર્ફે કવો કાસમભાઇ નોઇડા (રહે. ખીરસરા ગામ, અરણી રોડ, તા. ઉપલેટ), પંકજ ગાગજીભાઇ સખીયા ( રહે. અરણી ગામ, પટેલ સમાજ પાછળ તા. ઉપલેટા) ઉમેશ અમરશીગભાઇ લખતરીયા (રહે. અરણી ગામ રામ મંદિર શેરી તા. ઉપલેટા) ને રૂા. ૩૨,૪૭૦ ની રોકડ, ૪ ફોન અને બે બાઇક મળી કુલ રૂા. ૧,૫૭,૪૭૦ ની રોકડ સાથે પકડી લીધા હતાં.

આ ઉપરાંત દરોડામાં જેતપુર ઉદ્યોગનગર પો.સ્ટે. સર્વેલન્સ ટીમે જેતપુર, દેરડીધાર આવાસ યોજના ક.નં. ૯૬૭ પાસે જાહેર રોડ ઉપર રેઇડ કરી જાહેરમાં જુગાર રમતા ભાવીકભાઇ કિશોરભાઇ પરમાર રહે. ખોડપરા ગોપાવાડીમેઇન રોડ જેતપુર, અયાજભાઇ હાજીભાઇ ઠાસરીયા, રહે. દેરડીધાર આવાસ ક.નં. ૫૨૬ જેતપુર, નઇમભાઇ અશરફભાઇ મારફતીયા રહે. જગાવાળા ચોરા મુકાતી શેરી જેતપુર વસીમભાઇ યુનુસભાઇ ગાંધી રહે. ક.નં. ૯૬૮ દેરડીધાર આવાસ જેતપુર, એજાજભાઇ અમીનભાઇ લાખાણી રહે. ખોડપરા જીનપ્લોટ જેતપુર, વત્સલભાઇ સંજયભાઇ સુચર રહે. ખોડપરા જીન પ્લોટ જેતપુર આયુષભાઇ નીતીનભાઇ ગોસાઇ રહે. ખોડપરા જીનપ્લોટ જેતપુર તુફેલભાઇ મુસાભાઇ ખેડારા રહે. ગોંડલ દરવાજા હવેલી પાસે જેતપુર તથા અફજલભાઇ રફીકભાઇ શાહમદાર રહે. ખોડપરા જીન પ્લોટ જેતપુરને કુલ રોકડ રૂપીયા ૧૧,૫૦૦ તથા ગંજીપતા સાથે ઝડપી લીધા હતા.

તેમજ નવમા દરોડામાં કોટડા સાંગાણી પોલીસે વાદીપરા ગામે માયાણીના મઢની બાજુમાં રેઇડ કરી જાહેરમાં જુગાર રમતા પ્રકાશભાદ કાશભાઇ કનુભાઇ સહિતને ૧૦૩૨૦ મળી કુલ ૩૦,૩૨૦ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા. આ કાર્યવાહી કોટડાસાંગાણી પો.સ્ટેના ઇન્ચાર્જ પોલીસ.ઇન્સ. એસ.આર.ગોહીલ , પો.હેડ.કોન્સ રવિરાજસિંહ જાડેજા , પો.કોન્સ હીમતસિંહ પાલ, સિધ્ધાર્થભાઈ જયંતીભાઇ સહિતે કાર્યવાહી કરી હતી. દસમા દરોડામાં સુલતાનપુરપોલીસે વાસાવડ ગામે ખાટવાડા શેરી ખાતે રેઈડ કરી જાહેમાં જુગાર રમતા વિજયભાઇ દેવજીભાઈ મુળીયા , લાલજીભાઇ બાબુભાઇ ભાખોત્રા , ક્રીશનભાઇ રામજીભાઈ ભાખોત્ર, ચેતનભાઇ કાનજીભાઈ પરમાર, ગોપાલભાઇ જેન્તીભાઈ સરવૈયા, અરવિંદભાઇ કડવાભાઇ સરવૈયા, ભરતભાઇ જેન્તીભાઇ સરવૈયા ગોપાલભાઇ, કીશનભાઈ ગોવીદભાઈ બાવળીયા ધધો મંજુરી રહે. તમામ વાસાવડ ગામે રોકડ રકમ રૂ.૫૫,૩૫૦ અને આઠ મોબાઇલ મળી રૂ. ૯૫,૩૫૦/ સાથેઝડપી લીધા હતા. આમ દસ દરોડામાં પંચાવન પત્તાપ્રેમીઓ ઝપટે આવ્યા હતાં.

# ટાબરીયા માટે સ્કૂલ બસ બની કાળ

## એક પરિણીતાનો વાડીએ ઝેર પી આપઘાતઃ એક આધેડ અને એક વૃધ્ધાના બેભાન થયા બાદ મૃત્યુઃ એક પરિણીતાને પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ જીવ ગયો

રાજકોટઃ માસુમ ભુલકાઓ બાળકોની રમત ઘણીવાર તેના માટે જોખમી અને જીવલેણ બની જતી હોય છે. પરમ દિવસે જ એક બનાવમાં ઘર બહાર હીંચકા ખાઇ રહેલી બાળાનું છજુ તૂટી પડતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. ત્યાં હવે વધુ એક ઘટનામાં એક ત્રણ વર્ષનો ટાબરીયો રમતાં રમતાં કાળને ભેટી ગયો હતો. તે ઘર બહાર રમતો હતો ત્યારે એક સ્કૂલ બસ ત્યાંથી પસાર થઇ હતી. આ બસની ઠોકરે તે આવી જતાં તેનું ગંભીર ઇજા થવાથી મોત થઇ ગયું હતું. બીજી એક ઘટનામાં એક પરિણીતાએ વાડીએ ઝેર પી જીવન ટુંકાવી લીધુ હતું. અન્ય બનાવોમાં બેભાન થઇ જતાં આધેડ, વૃધ્ધાના મોત થયા હતાં. પાંચમા બનાવમાં પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ એક પરિણીતાનો જીવ ગયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રાજકોટ જીલ્લાના શાપર વેરાવળમાં ઘર પાસે રમી રેહલા ત્રણ વર્ષના બાળકનું સ્કૂલ બસની ઠોકરે ચડી જતાં મોત થયું છે. મુળ મધ્યપ્રદશેના પરિવારે લાડકવાયો દિકરો ગુમાવતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. શાપર વેરાવળમાં ભૂમિ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં રહેતાં માનસિંગભાઇ જાદવનો ત્રણ વર્ષનો દિકરો મહેન્દ્ર સાંજે છએક વાગ્યે ઘર બહાર રમતો હતો ત્યારે ખાનગી સ્કૂલની બસ નીકળતાં તેની ઠોકરે ચડી જતાં આ બસના ચાલકે જ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. બાળકને વધુ ઇજા પહોંચી હોઇ શાપરથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મહેન્દ્ર એક બહેન અને બે ભાઇમાં બીજો હતો. તેના પિતા માનસિંગભાઇ કંપનીમાં નોકરી કરે છે. શાપર પોલીસે આ મામલે કાર્યવાહી કરી બસ ડિટેઇન કરી ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ કરી હતી. બાળકના મૃતદેહને અંતિમવિધી માટે વતન મધ્યપ્રદેશ લઇ જવાયો હતો.

બીજા બનાવમાં કુવાડવા તાબેના ગવરીદળમાં વાડી વિસ્તારમાં રહેતી ભાવનાબેન રાજેશભાઇ નાયકા નામની ઓગણત્રીસ વર્ષનાી પરિણીતાએ વાડીએ જીવજંતુ મારવાની દવા પી લેતાં ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આપઘાત કરનાર ભાવનાબેન મુળ છોટાઉદેપુરની વતની હતાં. તેણીને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે પતિ સાથે ખેત મજુરી કરતી હતી. ત્રણેક મહિનાથી આ પરિવાર અહિ વાડીમાં રહેવા આવ્યો છે. તેણીએ આ પગલુ શા માટે ભર્યુ? તે અંગે પતિ અજાણ હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. આ બનાવથી બે સંતાન મા વિહોણા થતાં મજૂર પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

અન્ય બનાવ જોઇએ તો કાલાવડ રોડ વૃંદાવન સોસાયટીમાં રહેતાં સુડતાલીસ વર્ષના સંજયભાઇ લલીતચંદ્ર વાઘેલા ઘરે બેભાન થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં એક દિકરી છે. પોતે ટાયર પંચરનું કામ કરતાં હતાં. જ્યારે બીજી ઘટનામાં સંતકબીર રોડ કનકનગર-૭માં રહેતાં ચોસઠ વર્ષના અનસોયાબેન અશ્વીનભાઇ ગરાચ ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ મૃત્યુ થયું હતું. તેમને સુરત ખાતે સારણ ગાંઠનુ.ઓપરેશન કરાવાયા બાદ રજા અપાયા પછી તબીયત બગડતાં મૃત્યુ થયાનું ખુલ્યુ હતું. આ બનાવોમાં તાલકુા અને થોરાળા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

### રાજ્યભરમાં અવાર-નવાર કહેવાતી મંડળીઓ, કંપનીઓ આચરે છે ઠગાઇ

# રોકાણકારોને લલચાવી ૯૭ લાખનો ડામ

## કહેવાતી કંપનીએ રોકાણ પર ઉંચા વ્યાજની લાલચ આપી નાણા ઉસેડ્યાઃ પછી ઓફિસો બંધ કરી બધા થઈ ગયા ગાયબ

રાજકોટઃ ગઠીયાગીરી ઠગાઇ છેતરપીંડીના કિસ્સા રોજબરોજ બનતા રહે છે. રાજ્યના કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં આવી ઘટનાઓ એફઆઇઆર સ્વરૂપે દર્જ થતી જ રહે છે. એક પણ દિવસ આવા બનાવો વગર જતો નથી તેમ પણ કહી શકાય. વધુ એક મોટી ઠગાઇ સામે આવી હતી. જેમાં રોકાણકારોને ઉંચા વ્યાજની લાલચ આપી કહેવાતી કંપનીના સંચાલકો સત્તાણુ લાખ ઉસેડી ગયા હતાં. આંબા આંબલી બતાવી રોકાણકારોને છેતરી લેવાની અનેક ઘટનાઓ અગાઉ પણ બની હતી. જેમાં આ વધુ એક કિસ્સો ઉમેરાયો હતો. ગમે તેવી કંપનીઓ ઉપર આંધળો વિશ્વાસ કરી રોકાણ કરી દેનારા નાના મોટા રોકાણકારોને પછી માથે ઓઢીને રડવાનો વારો આવતો હોય છે.

વિગતો જોઇએ તો વડોદરામાં પાકતી મુદતે ચા વ્યાજ સાથે નાણાં પરત આપવાની લાલચ આપી રોકાણકારો સાથે રૂપિયા ૯૭.૧૧ લાખથી વધુની છેતરપિંડી આચરવાનો મામલો સામે આવ્યો છે. યુનિક મર્કેન્ટાઇલ ઇન્ડિયા લિમિટેડ સહિતની કંપનીઓના સંચાલકોએ રોકાણકારોનો વિશ્વાસ કેળવી લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યા બાદ મુદ્દલ કે વ્યાજ ચૂકવ્યા વિના ઓફિસો બંધ કરી દેતાં વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે ગુનો નોંધાતાં તપાસ શરૂ થઇ છે. ફરિયાદીના ૮૪.૬૬ લાખ અને તેની સાથેના સુરેશચંદ્ર સીતારામ ચૌહાણના ૧૨.૪૫ લાખ મળી કુલ ૯૭.૧૧ લાખનું રોકાણ અલગ અલગ સમય દરમિયાન કરવામાં આવ્યું હતું.

રોકાણકારોએ યુનિક મર્કેન્ટાઇલ ઇન્ડિયા લિમિટેડ, યુનિક સંચય મલ્ટી પર્પઝ કો.ઓ. સોસાયટી તેમજ વિક્ટ્રી સ્કાય ઇન્ટરપ્રાઇઝ એન્ડ ઓપરેટર એલ.એલ.પી. કંપનીમાં નાણાં જમા કરાવ્યા હતા. પાકતી મુદતે નાણાં મેળવવા ફરિયાદીએ કારેલીબાગ સ્થિત હીરાવતી ચેમ્બર્સની ઓફિસમાં અસલ એફ.ડી. પાવતીઓ જમા કરાવી તેની પહોંચ પણ મેળવી હતી, છતાં કંપની દ્વારા રકમ ચૂકવવામાં આવી નહોતી. નાણાં પરત ન મળતાં ફરિયાદી અવારનવાર નાણાંની ઉઘરાણી માટે કારેલીબાગ સ્થિત હીરાવતી ચેમ્બર્સ તેમજ અમદાવાદ આશ્રમ રોડ પર દિનેશ હોલ નજીક આવેલા વિશાલ કોમર્શિયલ સેન્ટર અને યુનિયન બેન્ક સામેના યુનિક હાઉસ સ્થિત ઓફિસો પર ગયા હતા.

પણ તમામ સ્થળોએ કંપનીની ઓફિસો બંધ હાલતમાં મળી આવી હતી અને સંચાલકો દ્વારા નાણાંની ચૂકવણી કરવામાં આવી નહોતી. આ મામલે યુનિક મર્કેન્ટાઇલ ઇન્ડિયા લિમિટેડના ડાયરેક્ટર રાજકુમાર કૈલાશરાય, રાહુલ રાજકુમાર રાય, ઉત્કર્ષ રાજકુમાર રાય, ઉષા રાજકુમાર રાય તેમજ અનુભવ મહેન્દ્ર તિવારી સહિત સંબંધિત કંપનીઓના જવાબદાર વ્યક્તિઓ સામે રોકાણકારોના નાણાં ઓળવી જઈ વિશ્વાસઘાત કરવા બદલ કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તપાસ આગળ ધપાવાઇ હતી. રાજ્યભરમાં આ પ્રકારે અગાઉ પણ અનેક કહેવાતી કંપનીઓ, મંડળીઓ લોકોના લાખો કરોડો ઉસેડી બંધ થઇ ગયાના દાખલા છે. આવા કિસ્સામાં એફઆઇઆર બાદ પોલીસ આરોપીઓને કદાચ પકડી પણ લેતી હોય છે. પરંતુ ગુમાવેલી તમામ રકમો પરત મેળવવામાં પોલીસ સો ટકા સફળ થતી હોય તેવા દાખલા નહિવત જ હોય છે. રાત ગઇ બાત ગઇ જેમ આવા કિસ્સામાં નાણા ગુમાવનારાઓને પછી રડવાનો જ વખત આવતો હોય છે.

### માણસને જિંદગીની સફરમાં સુખ સાથે દુઃખ પણ મળે, પણ ત્યારે હિમ્મત હારી ન જવાય

# છ મહિના પહેલા જ પરણેલી યુવતિએ જીવન ટૂંકાવ્યું

## અપમૃત્યુની અન્ય ઘટનામાં ત્રીસ વર્ષના પરિણીતાને તાવ ભરખી જતાં પરિવારનો માળો વિખેરાયોઃ એક પરિવારના મોભી મંદિરે દર્શન કરવા ગયા અને દિલ દગો દઈ જતાં મૃત્યુ

રાજકોટ, તા.૧૯

રાજકોટઃ મહામુલી જિંદગીને અમુક લોકો અચાનક જ કોઇને કાઇ કારણોસર તરછોડી દેતાં હોય છે. ઘણીવાર આવા આત્મહત્યાના કિસ્સામાં જે તે મૃતક આપઘાતનું કારણ પણ પોતાની સાથે જ લઇ જતાં હોય છે. અનેક એવી ઘટનાઓ બની ગઇ છે જેમાં જે તે લોકોએ આપઘાત શા માટે કર્યો હતો તેની કોઇ હકિકત સામે આવી નહોતી. આ દરમિયાન એક નવોઢા કે જેના લગ્ન હજુ છ મહિના પહેલા જ થયા હતાં તેણે ઝેરી દવા પી લઇ દુનિયાને અલવીદા કહી દીધુ હતું. લગ્નના છ જ મહિનામાં દંપતિ વચ્ચે કજીયા કંકાસ સર્જાયો હતો કે પછી અન્ય કોઇ કારણ જવાબદાર હતું? તેની તપાસ હવે પછી થશે. બીજી એક ઘટનામાં એક ત્રીસ વર્ષિય પરિણીતાને તાવ ભરખી ગયો હતો. ત્રીજા બનાવમાં એક પરિવારના મોભી ઘર પાસે મંદિરે દર્શન કરવા ગયા ત્યારે જ દિલ તેમને દગો દઇ ગયું હતું.

ઘટનાનો વિગતો પર નજર કરીએ તો પહેલો બનાવ આપઘાતનો હતો. ચોટીલાના પીરાળી ગામે નવોઢાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. છ મહિના પહેલા જ તેણીના લગ્ન થયા હતાં. સાયલાના સોખડા ગામે માવતર ધરાવતી આ નવોઢાએ શા માટે પગલુ ભર્યુ તેની તપાસ યથાવત રાખાવમાં આવી હતી. ચોટીલાના પીપરાળી ગામે રહેતી રંજનબેન રણછોડ જાદવ કે જેની ઉમર હજુ અઢાર વર્ષની જ હતી તેણીએ ઝેરી દવા પી લેતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ સારવાર કારગત ન નીવડતાં મૃત્યુ થયું હતું.

આ ઘટનાની જાણ રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને કરી હતી. ચોટીલા પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર રંજનબેનના લગ્ન છ મહિના પહેલા જ થયા હતાં. તેણીના પિતા છગનભાઇ પનસાળા સાયલાના સોખડા ગામે રહે છે. તેણી એક ભાઇ અને ચાર બહેનમાં વચેટ હતી. પતિ રણછોડગોરધનભાઇ જાદવ-કોળી ખેતી કરી ગુજરાન ચલાવે છે. ગઇકાલે રંજનબેને બપોરના સમયે ઝેરી દવા પી લીધી હતી. સારવારમાં મોત થતાં ચોટીલા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ ઘટનાએ પરિવારજનોમાં કલ્પાંત સર્જી દીધો હતો.



બીજા બનાવમાં એક મહિલાને તાવ ભરખી ગયો હતો. આ કારણે પરિવારનો માળો વિખેરાઇ ગયો હતો. હાલમાંચોમાસાની ઋતુમાં રોગચાળો વકરી જતો હોય છે. આ દરમિયાન વિંછીયાના ગુંદાળા ગામે એક મહિલાનું તાવ આવ્યા બાદ મૃત્યુ થતાં થયું હતું. વધુ માહિતી અનુસાર ગુંદાળા ગામે રહેતાં ત્રીસ વર્ષના ગીતાબેન અમરશીભાઇ કટેશીયા બિમાર પડી જતાં તબીયત બગડતાં જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ રાતે તેમનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે વિંછીયા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર ગીતાબેનને સંતાનમાં બે પુત્ર છે. પતિ અમરશીભાઇ કટેશીયા ખેતી કરી ગુજરાન ચલાવે છે. સગાના કહેવા મુજબ ગીતાબેનને એક દિવસ તાવ આવ્યો હતો અને તેની દવા લીધી હતી. બાદમાં ગઇકાલે એકાએક બ્લડપ્રેશર લો થઇ જતાં અને શ્વાસ લેવામાં તકલીફ થવા માંડતા જસદણ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પણ ત્યાંથી રાજકોટ લઇ જવાનું કહેવાતા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. અહિ મૃત્યુ થયું હતું. પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવાયુ હતું.

અન્ય એક ઘટનામાં દિલની દગાખોરી જીવલેણ નીવડી હતી. રાજકોટ શહેરના રેલનગમાં રહતાં ક્ષત્રિય પરિવારના મોભી ઘર નજીક મંદિરે દર્શન કરવા ગયા ત્યારે ત્યાં એકાએક ઢળી પડ્યા બાદ મૃત્યુ થતાં થયું હતું. વધુ વિગતો અનુસાર રેલનગર-૨ શેરી નં. ૧માં બ્લોક નં. ૧૭ ખાતે રહેતાં સતાવન વર્ષિય રાજેન્દ્રસિંહ હેમતસિંહ જાડેજા ગઇકાલે ઘર નજીક આવેલા મહાદેવના મંદિરે દર્શન કરવા ગયા ત્યારે ત્યાં એકાએક બેભાન થઇ ઢળી પડતાં બીજા દર્શનાર્થીઓ હાજર હોઇ એકઠા થઇ ગયા હતાં અને ૧૦૮ બોલાવી તેમના પરિવારજનોને પણ જાણ કરી હતી. બેભાન હાલતમાં રાજેન્દ્રસિંહ જાડેજાને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં કલ્પાંત સર્જાયો હતો.

સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર રાજેન્દ્રસિંહ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. તેઓ મુળ ખાખરાના વતની હતાં અને ખેતીનો વ્યવસાય ધરાવતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાની શક્યતા સગાએ જણાવી હતી. તેઓ નિયમીત મહાદેવના મંદિરે દર્શન કરવા જતાં હતાં. ગઇકાલે પણ મંદિરે ગયા ત્યારે આ બનાવ બન્યો હતો. આમ વધુ ત્રણ અપમૃત્યુની ઘટનાઓ જે તે હતભાગી મૃતકના સ્વજનોને કારમો આઘાત આપી ગઇ હતી.

### વિદેશ સ્થાયી થવાની ગુજરાતીઓની ઘેલછા તેમને લઇ જાય છે લેભાગુ એજન્ટોના દ્વારે

# કેનેડા-યુએસના વિઝાના નામે યુવાન-મહિલા છેતરાયા

## યુવાનને વીસ લાખમાં વર્ક પરમીટ આપવાની લાલચ દઇ છ લાખ પડાવી લીધા, મહિલા પાસેથી પડાવ્યા પોણા પાંચ લાખ: બંને અલગ અલગ કિસ્સામાં પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૨૦

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે ઠગાઇના વધી રહેલા કિસ્સાઓ વચ્ચે વધુ આવા નવા બે બનાવ સામે આવ્યા છે. જેમાં એક એક યુવાનને કેનેડા મોકલવાની લાલચ આપી છ લાખની અને અનય બનાવમાં યુએસના વિઝા અપાવી દેવાના નામે મહિલા સાથે પોણા પાંચ લાખની ઠગાઇ થઇ હતી. આ પ્રકારે વિદેશ જઇ સ્થાયી થવા ઇચ્છુક અનેક યુવક યુવતિઓ પરિવારો અગાઉ પણ લેભાગુ કહેવાતા વિઝા એજન્ટોના ફ્રોડનો ભોગ બની ચુક્યા છે. આવા બનાવો રોજબરોજ બની રહ્યા છે. છતાં લોકોમાં જાગૃકતા આવતી ન હોવાથી આવા બનાવો વધી ગયા છે. જેમાં આ વધુ બે કિસ્સા ઉમરોઇ ગયા હતાં.

પ્રથમ ફ્રોડની ઘટના પર નજર કરીએ તો ગુજરાતીઓમાં વિદેશમાં સેટલ થવાની ઘેલછાનો લાભ લઈ કેટલાક વિઝા કન્સલ્ટન્ટ અને એજન્ટો દ્વારા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવતી હોવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક કિસ્સામાં વસ્ત્રાલના યુવકને કેનેડા મોકલવાની લાલચ આપી છ લાખની ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ હતી. સાયન્સ સિટી રોડ પર ગુરુ ઈન્ટરનેશનલ નામે વિઝા કન્સલ્ટન્સી ઓફિસ ચલાવતા નિતેશ વાસુદેવ રાવલ સામે આ ફરિયાદ દાખલ થઇ હતી. વસ્ત્રાલની આકૃતિ સોસાયટીમાં રહેતા કાર્તિક જીતેન્દ્ર પટેલ સરખેજ રોડની એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે.

વધુ વિગત મુજબ કાર્તિકને કેનેડા જઈને સેટલ થવાની ઈચ્છા હોવાથી તેણે વિદેશ જવાની પ્રક્રિયા અંગે તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન તેના પરિચિત બળવંતભાઈ મારફતે તેની મુલાકાત નિતેશ રાવલ સાથે થઈ હતી. પ્રથમ મુલાકાત ચિલોડા રોડ પર થયા બાદ નિતેશે કાર્તિકને કેનેડા મોકલવા તેમજ વિઝા સહિતની જરૂરી કાર્યવાહી કરી આપવાનું કહી વીસ લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. આ રકમમાંથી શરૂઆતમાં છ લાખ એડવાન્સ પેટે ચૂકવવાના રહેશે તેમ જણાવતાં કાર્તિક અને તેના પરિવારજનો નિતેશની વાતના વિશ્વાસમાં આવ્યા હતા.




આ પછીં કાર્તિક તેના પરિવારજનો સાથે સોલા રોડ પર કારગીલ પેટ્રોલ પંપ પાસે ગ્રેસ બિઝનેસ પાર્કમાં નિતેશની ઓફિસે ગયો હતો અને ત્યાં તેણે ૬ લાખ રોકડા ચૂકવ્યા હતા. નિતેશની ઓફિસ તરફથી આ રકમ સ્વીકાર્યાની પહોંચ પણ આપવામાં આવી હતી. ત્યારબાદ કેનેડા મોકલવાની -ક્રિયા શરૂ કરી દેવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જો કે રુપિયા ૬ લાખ ચૂકવ્યા બાદ પણ લાંબા સમય સુધી કેનેડા મોકલવાની કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી.

ત્યારબાદ કાર્તિકે આ અંગે નિતેશ રાવલ પાસે વારંવાર પૂછપરછ કરતાં તે પ્રક્રિયા ચાલુ હોવાનું જણાવીને સમય પસાર કરતો રહ્યો હતો. લાંબો સમય વીતી જવા છતાં ન તો કાર્તિકને કેનેડા મોકલવાની -ક્રિયા પૂર્ણ કરવામાં આવી કે ન તો તેના છ લાખ પરત આપવામાં આવ્યા. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં કાર્તિક પટેલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરી નિતેશ વાસુદેવ રાવલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે બીજા બનાવ પર નજર કરીએ તો વડોદરામાં અમેરિકાના વર્ક પરમિટના નામે છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવતાં ગોરવા પોલીસે ફરિયાદ નોંધી છે. નારાયણ નગરમાં રહેતા પૂજાબેન દેસાઇએ બ્લોસમ ગ્રુપના હેમલ ઉર્ફે રુદ્ર પટેલનો સંપર્ક કર્યો હતો. વિઝા માટે ૮ લાખ નક્કી થયા હતા, જેમાંથી પૂજાબેને ૫.૭૭ લાખ ચૂકવ્યા હતા. વિઝા ન મળતા ૧ લાખ પરત મળ્યા, પરંતુ બાકીના પૈસા કે વિઝા ન મળતા આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પેટલાદ રોડના નારાયણ નગરમાં રહેતા પૂજાબેન દેસાઇએ પોલીસને કહ્યું છે કે,મારે યુએસના વર્ક પરમિટ જોઇતા હોવાથી બ્લોસમ ગ્રુપની જાહેરાત જોઇ વડોદરાના સારાભાઇ કેમ્પસ ખાતે પ્રિવિલેજ એવન્યૂમાં ઓફિસ સંચાલક હેમલ ઉર્ફે રૂદ્ર ઉર્ફે ભઇલુ નરેન્દ્ર પટેલનો સંપર્ક કર્યો હતો. ઓફિસ સંચાલકે આઠ લાખ નક્કી કર્યા હતા અને તેમાંથી બે લાખ યુએસએ જઇને આપવાના હતા.મેં તેમને રૂપિયા ૫.૭૭લાખ ચૂકવ્યા હતા. પણ ત્યારપછી પણ મને વિઝા મળ્યા નહતા.જેથી મેં તેમને વાત કરતાં રૂ.એક લાખ પરત આપ્યા હતા અને બાકીની રકમ કે વિઝા નહિ આપતાં આખરે પોલીસ ફરિયાદ કરી હતી. આમ વધુ બે કિસ્સામાં એક યુવાન અને એક મહિલા સાથે વિઝાના નામે ફ્રોડ થઇ ગયું હતું.

### રાજ્યભરમાં આ પ્રકારના વધી ગયેલા ફ્રોડ વચ્ચે એક ચોંકાવનારી ફરિયાદ

# અઢી કરોડની ગાડીઓ બારોબાર ગાયબ!

## લેભાગુઓએ ભાડેથી પંદર કાર લઇ જઇ GPS બંધ કરી પાછી જ ન આપી: FIR દાખલ થતાં તપાસનો ધમધમાટ શરૂ થયો

રાજકોટ તા. ૨૦

હાલના સમયમાં સેલ્ફમાં કાર ભાડે આપવાનો વ્યવસાય ખુબ ફુલ્યો ફાલ્યો છે. આવા વ્યવસાય થકી યુવાનો સાઇડ ઇન્કમ પણ ઉભી કરી લે છે. જો કે હવે આ ધંધામાં પણ ગઠીયઓ લેભાગુઓની નજર લાગી ગઇ છે. ભાડેથી લઇ જવાતી કાર બે ત્રણ દિવસનું રોકડુ ભાડુ ચુકવી વિશ્વાસ કેળવી લઇ જવાયા બાદ ઠામુકી ગાયબ કરી દેવામાં આવતી હોવાના કિસ્સા વારંવાર બને છે. ઓનલાઇન પણ ભાડેથી કાર આપતી અનેક કંપનીઓ મોજુદ છે. આ દરમિયાન આવી જ એક ઓનલાઇન કંપનીને એક ગઠીયો છેતરીને સવા બે કરોડથી વધુની કિંમતની પંદર કાર દસ ગઠીયાઓ લઇ ગયાની ઘટના સામે આવતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી.




આ અંગે એફઆઇઆર દાખલ થતાં ગઠીયાઓને શોધી કાઢવા પોલીસ કામે લાગી હતી. વિગતો પર નજર કરીએ તો ઓન લાઇન ગાડી ભાડે આપતી કંપનીમાંથી ૧૦ ગઠીયા રૂ.૨.૩૬ કરોડની કિંમતની ૧૫ ગાડી લઈ ગયા હતા. જો કે ગાડી લઈ ગયા બાદ તેની જીપીએસ સિસ્ટમ કાઢી દીધી હતી. તેમજ ઘરને તાળા મારીને ભાગી ગયા હતા. ભાંડો ફુટતા કાર ભાડે આપતી કંપનીના માલિકે એસઓજીમાં ફરિયાદ નોંધાવી હતી. અમદાવાદમાં મધ્યપ્રદેશના વતની સૌરભ ગુપ્તા હાલમાં ડ્રાઈવ ઈન સિનેમા પાસેના ઈન્દ્ર-સ્થ ટાવરમાં રહે છે અને સિંધુ ભવન રોડ ઉપર ઓફિસ ધરાવીને જો વીથ ઝુપ નામથી ગાડીઓ ભાડે આપવાનું કામ કરે છે.

વધુ માહિતી અનુસાર અમદાવાદમાં તેમની તેર બ્રાંચ આવેલી છે તેમજ ૨ બ્રાંચ ઉદેપુર અને જયપુરમાં આવેલી છે. તેમની પાસે ૩૬૨ ગાડીઓ છે. તેમની કંપનીમાંથી ૨૦૨૫ - ૨૦૨૬ ના વર્ષમાં ૧૦ ગ્રાહકો ૧૫ ગાડી ભાડે લઈ ગયા હતા. ગાડી ભાડે લઈ જતા પહેલા તેમણે કંપનીના તમામ નિતિ નિયમોનું પાલન કરીને આધાર કાર્ડ, પાનકાર્ડ, બાનાખત સહિતની પ્રક્રિયા પૂરી કરીને લઈ ગયા હતા. પરંતુ ભાડા કરારની મર્યાદા પૂરી થયા પછી પણ તેઓ ગાડી પાછી આપી ગયા ન હતા.

જ્યારે ગાડીનું લોકેશન ટ્રેક ન થાય તે માટે તેમણે જીપીએસ પણ કાઢી નાખ્યું હતું. ગાડીઓ ભાડે લઈ ગયેલા લોકોએ ફોન બંધ કરી દીધા હતા. જ્યારે સૌરભભાઈએ તેમની ટીમને આ લોકોના ઘરે મોકલતા તેમના ઘર પણ બંધ હતા. જેથી આ અંગે સૌરભ ગુપ્તાએ પોલીસ કમિશનરને અરજી કરી હતી. જેના આધારે એસઓજીમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે તપાસ કર્યા બાદ આ મામલે લક્ષ્મણ ભરવાડ(માતર, ખેડા) થાર, સ્વીફ્ટ, મુકેશ પ્રજાપતિ (અસારવા) સફારી, થાર, દિપક ખત્રી (નોબલનગર) સ્કોર્પીયો, રુષિલ શાહ(ઘાટલોડિયા) ઓડી, ધ્રુવ પ્રજાપતિ (વિસનગર, મહેસાણા) સ્કોડા બરતૂસ, અબ્દુલ રઝાક (રાજસ્થાન) ફોર્ચ્યુનર, અરવિંદ ,્રજાપતિ (તલોદ) અર્ટિગા, રવિકુમાર મહેતા (પાલડી) થાર, જીતેન્દ્રસિંહ સોલંકી (ગોધરા) ૨ સ્કોર્પીયો, સ્વીફ્ટ,થાર, ઉત્સવ શેઠ (પાલડી) બલેનો ગાડી ભાડેથી લઇ જઇ પાછી નહિ આપવાનો ગુનો નોંધ્યો હતો. સૌરભ ગુપ્તા પાસેથી આરોપીઓ ગાડીઓ ફેરવવા માટે નહીં પરંતુ આગળ ભાડે આપવા માટે લઈ જતા હતા.

પોલીસનું કહેવું છે કે હજુ સુધી એક પણ આરોપી પકડાયો નથી કે એક પણ ગાડી પાછી મળી નથી. ફરિયાદના આધારે આરોપીઓની તપાસ શરૂ કરી હતી. આ પ્રકારના ફ્રોડ રાજ્યભરમાં થતાં રહે છે. ઘણીવાર તો આવી ગાડીઓ ભાડેથી લઇ ગયા બાદ બારોબાર ગીરવે મુકી દઇ કે સસ્તામાં વેંચી મારી રોકડા કરી લેવાતા હોય છે. આ પ્રકારનું કારસ્તાન ચલાવતી એક ટોળકીને અગાઉ પોલીસને પકડી પણ હતી. જો કે આવા કિસ્સા એ પછી પણ સતત બનતા રહે છે. એક ગઠીયા ટોળકી ઝડપાઇ જાય તો બીજી ટોળકી આવા કારસ્તાન આચરવાનું ચાલુ કરી દેતી હોય છે.

# વેપારીને બેંકકર્મીના નામે કોલ કરી ૬ાા લાખ ઉસેડ્યા

## નટરાજનગરમાં રહેતાં કોસ્મેટીકના વેપારી સાથે ક્રેડીટ કાર્ડ અપડેટ કરાવવાના નામે ઠગાઇ: ત્રણ કાર્ડમાંથી નાણા ગાયબ થઇ ગયા: સાયબર ક્રાઇમ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ તા.૨૦

રોજબરોજ સાયબર ગઠીયાઓ કોઇને કોઇ તુક્કો વાપરી લોકોને છેતરતા રહે છે. વધુ એક વખત બેંક કર્મચારીના નામે અને કેવાયસી અપડેટના નામે ફ્રોડ થયું હતું. જેમાં નટરાજનગરમા રહેતાં વેપારીને ગઠીયાએ સાડા છ લાખનો ચૂનો લગાવી દીધો હતો. એચડીએફસી બેંકના કર્મચારીના નામે ફોન કરી હાલમાં ક્રેડીટ કાર્ડ અપડેટની સ્કીમ ચાલુ છે તેમ કહી વેપારીને કેવાયસી અપડેટ કરાવવાના નામે વિડીયો કોલ કરી મોબાઇલ ફોનની સ્ક્રીન શેરીંગ કરાવી ત્રણ ક્રેડીટ કાર્ડના અલગ અલગ એકાઉન્ટમાંથી રોકડા ઉસેડી લીધા હતાં.

સાયબર ક્રાઇમ પોલીસે યુનિવર્સિટી રોડ પર નટરાજનગર વીરગંગા એપાર્ટમેન્ટ શેરી નં. ૨ ખાતે રહેતાં અને શાપર વેરાવળમાં રીમેમ્બર ઇન્ડિયા કોસ્મેડ પ્રોડક્ટ નામે સ્કીનની દવાની અને કોસ્મેટીક પ્રોડક્ટની કંપની ચલાવતાં નિલેશભાઇ પ્રધાનભાઇ ચંદારાણા નામના બાવન વર્ષના વેપારીની ફરિયાદ પરથી અલગ અલગ બે મોબાઇલ નંબરના ધારકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. નિલેશભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે ગત બીજી ઓક્ટોબરના રોજ હું મારા ઘરે સવારના સમયે હતો ત્યારે અજાણ્યા મોબાઈલ નંબર ૮૯૭૨૧ ૩૦૯૭૫ પરથી કોલ



### કોઇને કોઇ તુક્કો અજમાવી કોઇને ને કોઇને તો ફસાવી જ લેતા હોય છે સાયબર ગઠીયા

આવ્યો હતો. સામેના છેડેથી વાત કરનાર વ્યક્તિએ પોતે એચ.ડી.એફ. સી. બેંકનો કર્મચારી હોવાનું જણાવી ક્રેડિટ કાર્ડ અપગ્રેડ કરવાની ઓફર આપી હતી. તે સમયે વેપારીએ સાંજે કોલ કરવા જણાવતા તેણે સાંજના સમયે ફરી કોલ કરીને વિડીયો કે. વાય.સી. પ્રોસેસ માટે તૈયાર રહેવા જણાવ્યું હતું. ત્યારબાદ અન્ય એક નંબર ૭૪૭૭૮ ૯૯૮૦૭ પરથી વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો.

આ કોલ દરમિયાન આ શખ્સે કે.વાય.સી. અપડેટના નામે આધાર કાર્ડ, પાન કાર્ડ, સેલ્ફી ફોટો અને ત્રણ ક્રેડિટ કાર્ડની વિગતો મેળવી લીધી હતી. બાદમાં કે.વાય.સી. કરવામાં એરર આવે છે તેવું બહાનું બતાવી મારી પાસે મારા મોબાઈલની સ્ક્રીન શેર કરાવડાવી હતી અને ફોનનો એક્સેસ મેળવી લીધો હતો. મોબાઈલનો સંપુર્ણ એક્સેસ મેળવ્યા બાદ મને એક ઈ-મેઈલ આવ્યો હતો. જેના આધારે મને ખબર પડી હતી કે મારા ક્રેડીટ કાર્ડમાંથી કોઇએ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતાં. આ પછી ખબર પડી હતી કે ગઠીયાઓએ તા. ૨/૮/૨૬ના રોજ અલગ અલગ ૫૦-૫૦ હજારના ત્રણ અને ૭૦-૭૦ હજારના બે ટ્રાન્જેક્શન કરી રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. આ ઉપરાંત અન્ય ટ્રાન્જેકશન રૂા. ૫૦ હજાર, ૧,૨૨,૦૦૪, ૮૩૯૯૮ મળી કુલ રૂા. ૬,૫૨,૫૯૧ ઉસેડી લીધા હતાં. આ પછી કાર્ડ બ્લોક કરાવી સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ માં ફરિયાદ કરી હતી. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એમ. ડી. ગઢવીએ આ કેસની તપાસ હાથ ધરી હતી.

### પ્રેમના નામે ખેલાઇ રહેલા ખંધા ખેલથી સાવધાન: લાલબત્તી સમાન વધુ એક કિસ્સો

# તબિબ યુવતિને વિધર્મી મેલ નર્સે ફસાવી ભગાડી!

## તબિબ યુવતિએ પિતાને ફોન કરી કહ્યું-હવે મને શોધતા નહિ, ઘરમાંથી હું દાગીના લઇ ગઇ છું: ફૈઝલે તો પોતે લગ્ન કરી લીધા છે એવુ સર્ટી પણ પોલીસને આપ્યું: પણ યુવતિના પિતાએ તપાસ કરાવતાં તે નકલી નીકળ્યું: વિધર્મીની ધરપકડ

ગાંધીનગર, તા.૨૦

અનેક વખત વિધર્મીઓ હિન્દુ સગીરા કે યુવતિ કે પછી છાત્રાને કોઇપણ રીતે મોહજાળમાં ફસાવી લાલચ આપી તેનું શોષણ કરી લેતાં હોવાના અને ક્યારેક ભગાડી જઇ સિતમ ગુજારતા હોવાના કિસ્સા અગાઉ બની ચુક્યા છે. આ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક વિધર્મી મેલ નર્સ એવા શખ્સે એક તબિબ યુવતિને પોતાની મોહજાળમાં ફસાવી લઇ લલચાવીને નકલી મેરેજ સર્ટીફિકેટ ઉભુ કરી લીધુ હતું. જો કે તબિબ યુવતિના પિતાએ સબ રજીસ્ટ્રાર કચેરીમાં જઇ તપાસ કરતાં આ લેભાગુનો ભાંડો ફુટ્યો હતો. પોલીસે તબિબ યુવતિને પ્રેમજાળમાં ફસાવનારા અને નકલી સર્ટી ઉભુ કરનારા આ યુવાન સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.

લાલબત્તી સમાન આ કિસ્સાની વિગતો પર નજર કરીએ તો વડોદરામાં ખાનગી હોસ્પિટલની ડોક્ટર યુવતીને વિધર્મી નર્સે પ્રેમજાળમાં ફસાવી લીધી હતી અને નકલી મેરેજ સર્ટિફિકેટ બનાવી પોલીસ સમક્ષ રજૂ કર્યુ હતું. જો કે તબિબ યુવતિના પિતાએ સબ રજિસ્ટ્રાર કચેરીમાં તપાસ કરાવતા ભાંડો ફૂટ્યો હતો. આ કિસસમાં જંબુસર પોલીસે કરજણના ફૈઝલ દિવાન સામે ગુનો નોંધી, તેની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. પોલીસે બોગસ સર્ટિફિકેટ બનાવી આપનારને શોધવા વિશેષ તપાસ શરૂ કરી હતી. વધુ માહિતી જોઇએ તો વડોદરાની ખાનગી હોસ્પિટલની ડોક્ટર યુવતીને હોસ્પિટલમાં ફરજ બજાવતા વિધર્મી મેલ નર્સે પ્રેમજાળમાં ફસાવી હતી.

આ પછી આ શખ્સે ડોક્ટર યુવતી સાથે લગ્ન કરી લીધા છે તેવું નકલી સર્ટિફિકેટ પણ બનાવી પોલીસ સમક્ષ રજૂ કર્યું હતું જો કે આ સર્ટિફિકેટનો ભાંડો ફૂટતા આખરે પોલીસે કરજણ તાલુકાના વિધર્મી સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. જંબુસર પોલીસ સ્ટેશનમાં એક શિક્ષકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મારી દીકરીએ એમબીબીએસનો અભ્યાસ પૂર્ણ કર્ણ કર્યો બાદ તે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં કામ કરે છે. હું ઘેર હતો ત્યારે મારી પુત્રીનો ફોન આવ્યો હતો અને જણાવેલ કે મેં કોર્ટ મેરેજ કરી લીધા છે, આજ પછી હું ઘેર નહી આવું અને ઘેરથી સોનાનો છ તોલાનો હાર મારી સાથે લીધો છે જે હું બે મહિના બાદ આપી દઇશ, હવે મારી શોધખોળ કરતા નહી.



આ પ્રકારના પુત્રીના ફોનથી હું આઘાતમાં સરી પડયો હતો અને બે દિવસ બાદ જંબુસરમાં રહેતા ફિરોજ દિવાનનો ફોન આવ્યો હતો તેને મારી પુત્રી સાથે વાત કરાવી હતી. આ વખતે મેં પુત્રીને મનાવવાનો -યાસ કર્યો હતો. આ સમયે ફિરોજના ભાણીયા ફૈઝલ મઝીદ દિવાન સાથે કોર્ટ મેરેજ કરી લીધા છે અને તે બાબતની જાણ પોલીસને પણ કરી છે તેમજ મેરેજ સર્ટિફિકેટ પોલીસ સમક્ષ રજૂ કર્યું છે તેમ જણાવ્યું હતું. દરમિયાન મેં વડોદરામાં કુબેર ભવન ખાતે સબ રજિસ્ટ્રાર કચેરીમાં લગ્નના સર્ટિફિકેટની ખરાઇ કરાવતા ફૈઝલ મઝીદ દિવાન તેમજ દિવ્યાના નામે કોઇ લગ્ન નોધણી થઇ નથી તેમજ અત્રેની કચેરીમાંથી કોઇ સર્ટિફેકટ આપવામાં આવ્યું નથી.

બોગસ લગ્ન સર્ટિફિકેટના પર્દાફાશના પગલે નોંધાયેલી ઉપરોક્ત ફરિયાદ બાદ જંબુસર પોલીસે ફૈઝલ દિવાનની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતાં. બીજી તરફ વડોદરાની હોસ્પિટલમાંથી ડોક્ટર હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જનાર વિધર્મી નર્સિંગ સ્ટાફના ફૈઝલ મઝીદ દિવાને યુવતી પાસે એક વીડિયો બનાવ્યો હતો અને તેમાં યુવતીએ કહ્યું હતું કે મેં રાજીખુશીથી મેરેજ કર્યા છે અને મારા પરિવારજનો હિન્દુ સંગઠનો પાસે જઇ રહ્યા છે, જો હવે વધારે ટોર્ચર કરશે તો હું આપઘાત કરીશ. યુવતીએ હાઇકોર્ટ અને પોલીસ સમક્ષ પણ આ બોગસ લગ્ન સર્ટિફિકેટ રજૂ કર્યું હતું.

આમ હિન્દુ ડોક્ટર યુવતીને પ્રેમજાળમાં ફસાવી વિધર્મી નર્સ યુવકે નકલી લગ્ન સર્ટિફિકેટ બનાવ્યું હતું. જો કે શિક્ષક પિતાએ તેનો પર્દાફાશ કરતાં હવે પોલીસ પણ તપાસ માટે કામે લાગી છે. આ લગ્ન સર્ટિફિકેટ કોણે બનાવ્યું, રબર સ્ટેમ્પ ક્યાં બનાવ્યા અને ક્યાં સિક્કા માર્યા, કચેરીમાંથી કોરું મેરેજ સર્ટિફિકેટ કેવી રીતે બહાર ગયું જેવી મુદ્દા પર તપાસ શરૂ કરવામાં આવી હતી. આ પ્રકારે અવાર-નવાર હિન્દુ પરિવારની દિકરીઓને વિધર્મી તત્વો કોઇપણ રીતે પોતાની મોહજાળમાં ફસાવીને ભગાડી જઇ લગ્ન કરી લેતાં હોવાના અને બાદમાં ધર્મ પરિવર્તન કરાવી નાંખતા હોવાના કિસ્સા અગાઉ પણ બન્યા છે. વધુ એક આ કિસ્સાએ લાલબત્તી ધરી છે.

પ્રેમ કરવો, લગ્ન કરવા એમાં ખોટુ નથી. પરંતુ પ્રેમના નામે ફસાવીને લગ્નની જાળ બીછાવી જે તે યુવતિ સગીરાઓની જિંદગીને દોજખમાં ધકેલી દેવાના કિસ્સા બની રહ્યા હોઇ ગમે તેના પર ભરોસો કરવાનું ખુબ જોખમી છે. આ પ્રકારના કિસ્સાઓમાં જે તે હિન્દુ યુવતિ, સગીરાઓના એ પ્રકારે માઇન્ડ વોશ કરી નાંખવામાં આવે છે કે પછી તેને તેના વિધર્મી પ્રેમી સિવાય બીજુ કોઇ દેખાતુ નથી. કુટુંબીઓને પણ આવી છોકરીઓ બાદમાં જાકારો આપી દેતી હોય છે. આ કિસ્સામાં પણ યુવતિ કે જે તબિબ છે તેણે વિડીયો બનાવી પોતાના જ પરિવારજનોને આડકતરી ધમકી આપી હતી કે જો હિન્દુ સંગઠનો પાસે જઇ હેરાન કરવામાં આવશે તો પોતે આપઘાત કરી લેશે. આ વાત દર્શાવે છે કે આટલો વર્ષો સુધી જેની સાથે લોહીના સંબંધ હતાં એ જ હવે આ વિધર્મીને કારણે તેણીના દુશ્મન બની ગયા છે.

## બ્રજેશકુમાર ઝા, નિરલિપ્ત રાય બંને મારા કોન્ટેક્ટમાં છે....બ્રજેશકુમાર સાથે બેઠક કરી લિધી....!

# પત્રકારની ઓળખ આપી સેટિંગના નામે તોડબાજી

### પરાગ પ્રજાપતિ સામે આજીડેમ પોલીસ મથકે ફરિયાદ:૧૫ મિનિટથી વધુનું ઓડિયો રેકોર્ડિંગ પોલીસ સમક્ષ ફરિયાદીએ રજૂ કર્યું

રાજકોટ તા. ૨૦

શહેરના પુનીતનગર વિસ્તારમાં રહેતા અને બાંધકામની સાઇટ પર સુપરવાઇઝર તરીકે કામ કરતા દિનેશભાઈ વલ્લભભાઈ ઠુમ્મર નામના નાગરિક સાથે કથિત પત્રકાર પરાગ પ્રજાપતિ અને વિરેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા લાખો રૂપિયાની ઉઘરાણી અને સેટિંગના નામે તોડબાજી કરવાનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે ફરિયાદીએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી દિનેશભાઈના જણાવ્યા મુજબ, મૂળ કોટડા સાંગાણીના અને પોતાની જાતને પત્રકાર તરીકે ઓળખાવતા પરાગ પ્રજાપતિ સાથે તેમની અગાઉ મિત્રતા થઈ હતી. આશરે સાતેક મહિના પહેલાં પરાગે વિરેન્દ્રભાઈ ચૌહાણ (યુ.પી. વાળા) સાથે ઓળખાણ કરાવી હતી. વિરેન્દ્રને પૈસાની જરૂર હોવાનું કહી બેંક એકાઉન્ટ અને રોકડા મળી કુલ રૂ. ૫ લાખ હાથઉછીના અપાવ્યા હતા. ત્યારબાદ બહેનના લગ્નનું બહાનું બતાવી વધુ રૂ. ૨ લાખ ટ્રાન્સફર કરાવતા કુલ રૂ. ૭ લાખ આપ્યા હતા.

ત્રણ મહિનાનો સમય પૂર્ણ થયા બાદ વિરેન્દ્ર પાસે પૈસા માંગતા તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. બાદમાં ફરિયાદીને જાણવા મળ્યું હતું કે વિરેન્દ્રએ પૈસાની ઉઘરાણી બાબતે પોલીસમાં અરજી કરી છે. ફરિયાદી દિનેશભાઈ જ્યારે ગોંડલ ચોકડી પાસે પહોંચ્યા ત્યારે તેમણે પરાગ પ્રજાપતિને ફોન કરી આ અરજી અંગે પૂછપરછ કરી હતી, જે વાતચીત મોબીલમાં રેકોર્ડ થઈ ગઈ હતી. આ કોલ રેકોર્ડિંગ દરમિયાન પરાગે અનેક ચોંકાવનારા અને ગંભીર દાવાઓ કર્યા હતાઃ પરાગે વાતચીતમાં મુકેશભાઈ ગઢવી અને શક્તિભાઈના નામનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે કાલે રાતે ગઢવીને બોલાવ્યા હતા પરંતુ તેઓ આવ્યા નહોતા.પરાગે એવો દાવો કર્યો હતો કે



વિરેન્દ્રનું નામ વટાવવા અને આ બધું ગોઠવવા માટે પોતે એકલો જ છે અને તે બ્રિજેશ કુમાર ઝા પાસે રૂબરૂ જઈને આવ્યો છે. તેણે એવો રોફ જમાવ્યો હતો કે, ''મેં તો ઉપર ઉ.ઈ.ઙ. અને ઈ.ઙ. બેય હારે સેટિંગ કરેલું છે, ન્યાં કોઈનું સેટિંગ નો થાય... કારખાનું મારા હાથ રેશે દશ લાખનું છે... મેં ગોઠવ્યું હોયને એમાં કોઈનું નો હાલે.''

આ ઉપરાંત તેણે ધમકીભર્યા અને નાણાકીય લેવડદેવડના સુરે સેટિંગના બહાને કહ્યુ હતું કે, ''તમારા ઘરનો ઙ.ઈ. હોય તોય નો હાલે... આપણે ગોઠવ્યું છે ઈ રીત... સાહેબને દેવા પડે... સાહેબને પણ ધમકી મારે... છેડા તો બધાના હોય ને પાંચ પાંચ લાખ રૂપિયા દેવા તૈયાર... ઈ.ઙ.ને કેય તોય પણ નય હા... દેવા પડે ને... ત્રણ જગ્યાએ દેવાના થશે ઙ.ઈ. સાહેબ... બધાએ ભેગા મળીને કરવું પડે... ઈ.ઙ. સાહેબ સાથે મીટીંગ થઈ ગઈ... ઈ.ઙ. બ્રિજેશ કુમાર ઝા અને નિલીમ્પરાય બંને આપણા કોન્ટેકમાં છે.''

જ્યારે દિનેશભાઈએ આ અરજી બાબતે સંપર્ક કર્યો, ત્યારે પરાગ પ્રજાપતિએ આજીડેમ પોલીસ સ્ટેશનના ઙ.ઈ. સાહેબ તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓના નામે પોતાની લાગવગ હોવાનું બતાવીને કાયદાકીય કાર્યવાહીમાંથી બચાવવા માટે અને અરજીમાં પતાવટ કરાવવાના નામે મોટી રકમ પડાવવાનો પ્રયાસ કર્યો હતો. ફરિયાદી દિનેશભાઈ પાસે પરાગ પ્રજાપતિ સાથે થયેલી આ તમામ વાતચીતનું ૧૫ મિનિટ અને ૫૨ સેકન્ડનું સ્પષ્ટ કોલ રેકોર્ડિંગ મોજૂદ છે, જે તેમણે પેન ડ્રાઇવ મારફતે પોલીસ સમક્ષ પુરાવા તરીકે રજૂ કર્યું છે. પોતે પત્રકાર હોવાની ખોટી ઓળખ આપી, પોલીસ ખાતાના ઉચ્ચ અધિકારીઓના નામે ભય અને લાલચ ઊભી કરી તોડબાજી કરવાનો પ્રયાસ કરનાર પરાગ પ્રજાપતિ સામે કાયદેસરનો ગુનો નોંધી આજીડેમ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ભાવનગરના લઠ્ઠાકાંડની અસરઃ રાજકોટમાં દેશી દારૂના ધંધાર્થીઓ પર પોલીસ તૂટી પડીઃ ચોત્રીસ પકડાયા

### તમામ પોલીસ સ્ટેશનની ટીમો અને બ્રાંચ દ્વારા અલગ અલગ સ્થળો પર દરોડા

રાજકોટ તા. ૨૦

નકલી વિદેશી દારૂને કારણે ભાવનગરમાં ટપોટપ મોત થયાની ઘટનાને પગલે રાજ્યભરની પોલીસ હરકતમાં આવી છે અને દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલાવી દીધી છે. આ દરમિયાન રાજકોટ શહેર પોલીસે પણ દેશીના ધંધાર્થીઓ પર તૂટી પડી આઠ મહિલાઓ સહિત ચોત્રીસને દેશી દારૂ સાથે દબોચી લઇ કાર્યવાહી કરી હતી.

વિગતો જોઇએ તો બી-ડિવીઝન પોલીસે મોરબી રોડ પર રેલ્વે બ્રીજ નીચેથી રાધીકા પાર્કના વિજય સવજીભાઇ પીપળીયાને ૧ હજારના દારૂ સાથે, જુનાયાર્ડ પાસેથી મનહર સોસાયટીના વેરશી પાંચાભાઇ રાજપરાને ૧ હજારના દારૂ સાથે, ભગવતીપરા પુલ પાસેથીભગવતીપરાનાં વિજય મનસુખભાઇ ચાવડાને ૮૦૦ના દારૂસાથે ઝડપી લીધા હતા. તેમજ કુવાડવારોડ પોલીસે માલિયાસણ નજીક બેડી બાયપાસ રોડ પાસેથી સમુધ્ધીનગર આવાસ કવાર્ટરમાં રહેતા મેહુલ વિનુભાઇ ચનાબાબરાને ૩૨૦૦ ના દારૂ સાથે, અમદાવાદ હાઇવે પરથી મોચીનગરના ઇશુબ હબીબભાઇ ખેભરને ૩૪૦૦ ના દારૂ સહિત ૬૬,૪૦૦ ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

આ ઉપરાંત ભકિતનગર પોલીસે કોઠારીયા કોલોની કવાર્ટરમાં રહેતા કિશન પ્રવિણભાઇ પરમારને ૩ હજારના દારૂ સાથે અને લલુડી વોકળી ઝુપડપટ્ટીમાં રહેતા સંતોષ હમીરભાઇ ગોસારવાને ૧૪૦૦ ના દારૂ સાથે ઝડપી લીધા હતા. તેમજ



થોરાળા પોલીસે આજી નદીના કાઠે સત્યમ પાર્ક પાસેથી તેજ વિસ્તારમાં રહેતી મધુ કિશોરભાઇ ભોજીયાને ૩૧ હજારના દારૂ સાથે, ભારતનગરમાં રહેતા રાજેશ ઉર્ફે રાજુ નારણભાઇ ડાભીને ૧ હજારના દારૂ સાથે, કુબલીયાપરાની ભાવના પીન્ટુભાઇ સોલંકીને ૨ હજારના દારૂ સાથે, ખોખડદળ નદીના કાઠેથી હંસા જગદીશભાઇ સીતાપરાને બે હજારના દારૂ સાથે ઝડપી લીધા હતા. આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટ પાસેથી શિતલ કિશોરભાઇ સનુરા (રહે. ગુલાબનગર)ને ૩ હજારના દારૂ સાથે, તેજ વિસ્તારમાંથી રાધેકૃષ્ણ સોસાયટીનાં વિપુલ નાનજીભાઇ હીરપરાને ૧૬૦૦ ના દારૂ સાથે, સાગરનગર મેઇન રોડ પર રહેતી સરોજ રમેશભાઇ રાઠોડને ૧૪૦૦ના દારૂ સાથે, સરગામનાં નરશી નાથાભાઇ રાઠોડને ૨૨૦૦ના દારૂ સાથે ઝડપી લીધા હતા. તેમજ પ્ર.નગર પોલીસે કિટીપરમાંથી પરસાણાનગરના નરેશ દામજીભાઇ મકવાણાને ૬૦૦ના દારૂ સાથે પકડ્યો હતો.

તેમજ જામનગર રોડ પર સાંઢીયા પુલ પાસેથી સાંઇબાબા સોસાયટીના કેતન નાગજીભાઇ વરાણીયાને ૪૦૦ ના દારૂ સાથે, જંકશન મેઇન રોડપર ગાયકવાડી પાસેથી, સોનીબજારના સુજીત સુધાગસુ ધાતકને ૪૦૦ ના દારૂ સાથે અને સંતોષીનગર રોડ પરથી ગાયકવાડીના લાલચંદ મનુભાઇ હરવાણીને ૬૦૦ ના દારૂ સાથે ઝડપી લીધા હતા. જયારે ગાંધીગ્રામ પોલીસે છોટુનગર મફતીયાપરામાં રહેતા કિશન વેલજીભાઇ ઝખાણીયાને ૧૬૦૦ના દારૂ સાથે,ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતા પ્રવિણ ભુપતભાઇ ચૌહાણને ૮૦૦ ના દારૂ સાથે, તેજ વિસ્તારના પંકેશ ઉપેન્દ્રભાઇ રાઠોડને ૬૦૦ ના દારૂ સાથે, છોટુનગર મફતીયાપરના કનુ બચુભાઇ અઘારીયાને ૬૦૦ ના દારૂ સાથે, તેજ વિસ્તારની નીરા સોમાભાઇ વાજેલીયાને ૬૦૦ ના દારૂ સાથે ઝડપી લીધા હતા. તો યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મફતીયાપરામાં રહેતી વસંત બાબુભાઇ વાજેલીયાને ૩ હજારના દારૂ સાથે ઝડપી લીધી હતી.

તેમજ એલ.સી.બી. ઝોન-૨ ની ટમે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકરનગરના છગન કિશોરભાઇ મુછડીયાને ૧૦ હજારના દારૂ સાથે ઝડપી લીધો હતો. અને પી.સી.બી.એ. કે.કે.વી. હોલ પાછળ મફતીયાપરાના અનીલ હંસરાજભાઇ સોલંકીને ૩૬૦૦ ના દારૂ સાથે પકડી લીધો હતો. બીજી તરફ માલવીયાનગર પોલીસે કે.કે વી.પાછળ રહેતી કુમકુમ પિયુષભાઇ સોલંકીને ૩ હજારના દારૂ સાથે, દેવનગરના જયેશ જગાભાઇ રાઠોડને ૧ હજારના દારૂ સાથે, આંબેડકરનગરની પુષ્પા જયંતિભાઇ પરમારને ૧ હજારના દારૂ સાથે પકડી કાર્યવાહી કરી હતી. તેમજ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ગોકુલનગરના નયન નાગજીભાઇ રાઠોડને બે હજારના દારૂ સાથે પકડી, ફરાર મંગા મયાભાઇ મુછડીયા (રહે. આંબેડકરનગર) ની શોધીખોળ શરૂ કરી છે. તેમજ તાલુકા પોલીસે નાનાવા રોડ પર ભીમનગરના મનોજ ભીખાભાઇ ભાદરવાડાને ૧૮૦૦ ના દારૂ સાથે, ગોવિંદરત્ન બંગ્લોઝની સામે આવાસ કવાર્ટર પાસેથી ધરમનગરના રૂત્વીક શાંતિભાઇ સોલંકીને બે હજારના દારુ સાથે, વાવડીનાં જોરૂ ઉમરભાઇ સાડમીયાને ૨૪૦૦ ના દારૂ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. આમ ચોત્રીસને દેશી દારૂ સાથે પકડી લેવાયા હતાં.

### ગાંધીગ્રામ, માલવીયાનગર અને આજીડેમ પોલીસે દરોડા પાડ્યા

# બે મહિલા સંચાલીત જૂગારધામ અને જાહેરમાં પત્તા ટીચતા ૨૭ પકડાયા

રાજકોટ તા.૨૦

શહેરમાં વધુ ત્રણ સ્થળોએ મકાનમાં અને જાહેરમાં ચાલતા શ્રાવણીયા જુગાર પર પોલીસે દરોડા પાડયા હતાં. યુનિવર્સિટી રોડ પર પેરેમાઉન્ટ સોસાયટીમાં ગાંધીગ્રામ પોલીસે અને અંકુરનગર મેઇન રોડ પર દ્વારકાધીશ સોસાયટીમાં માલવીયાનગર પોલીસે દરોડા પાડી ૧૭ મહિલાઓને રૂપિયા ૧,૦૨,૨૦૦ની રોકડ સાથે ઝડપી લીધી હતી. તેમજ નવાગામમાં જાહેરમાં બેઠેલા દસને પકડી લેવાયા હતાં. આમ ત્રણ દરોડામા સત્યાવીસ ઝડપાયા હતા.

વિગતો જોઇએ તો યુનિવર્સિટી રોડ પર પેરેમાઉન્ટ સોસાયટી શેરીનં ૩માં રહેતા કિરણબેન પંકજભાઇ ખાંટના મકાનમાંથી યુનિવર્સિટી પોલીસે જુગાર રમતાં કિરણબેન ઉપરાંત જુહીબેન નિમેશભાઇ ગોધા (, રહે વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ), વસંતબેન કિશોરભાઇ કાલાવડ રોડ), વસંતબેન કિશોરભાઇ થડેશ્વર (રહે શિલ્પન નોવા એપાર્ટમેન્ટ, ગંગોત્રી પાર્ક), અર્ચનાબેન મુકેશભાઇ દત્તાણી (રહે. ૨૪ કેરેટ એપાર્ટમેન્ટ, જયોતીનગર), ઇલાબેન મહિપતસિંહ રાઠોડ (ઉ.વ. ૫૮, રહે. તુલસીબાગ સોસાયટી રૈયા ટેલીફોન એકસચેન્જ), તેજલબેન મનોજભાઇ બેચરા (રહે. અંબીકા ટાઉનશીપ) રસીલાબેન ઉર્ફે રસીલાબેન લલીતભાઇ સુતરીયા (રહે. ગાર્ડન સીટી એપાર્ટમેન્ટ, સાધુ વાસવાણી રોડ), મનિષાબેન યોગેશભાઇ વાછાણી ( રહે. હરીનગર, રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે), આરાધનાબેન સંદીપગીરી ગોસ્વામી (રહે. પામસીટી એપાર્ટમેન્ટ, સાધુ વાસવાણી રોડ) અને ભાવનાબેન શાંતીભાઇ સંતીકુંવર (રહે. વેસ્ટવ્યુ સોસાયટી, પાટીદાર ચોક)ને રૂા. ૮૪ હજારની રોકડ સાથે ઝડપી લીધા હતા. તેમજ નવાગામમાં હિસોરીયુ સીમમાં વાડીની ઓરડી પાસે જાહેરમાં જુગાર રમતા ૧૦ પતાપ્રેમીને આજીડેમ પોલીસે ૪૦ હજારની રોકડ સાથે પકડી લીધા હતા. આજી ડેમ પોલીસ સ્ટેશનમાં એએસઆઇ સાગરભાઇ પ્રધાન, હેડ કોન્સ્ટેબલ મેહુલભાઇ મુંધવા, કોન્સ્ટેબલ ધર્મેશભાઇ મુંધવા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે નવાગામમાં હિસોરીયુ તરીકે ઓળખાતી સીમમાં વાડીની ઓરડી પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે દરોડો પાડયો હતો. પોલીસે આ સ્થળેથી જુગાર રમતા વનરાજ લક્ષ્મણભાઇ ડાંગર (ઉ.વ.૩૫ રહે.મોટાદડવા, તા.ગોંડલ), ભુપત કરમણભાઇ જળુ , રાહુલ લાભુભાઇ બાલસરા, પ્રભાત મેરામભાઇ ડવ, અનક મેરામભાઇ ડવ ( રહે. બધા નવાગામ), રવિ વિનુભાઇ મકવાણા (રહે.શિવધારા શેરી નં.૧, કોઠારીયા ચોકડી પાસે), વિપુલ મેરામભાઇ હેરભા (રહે. ઋષી પ્રસાદ સોસાયટી શેરી નં.૨, કોઠારીયા રોડ), આંબા ખોડાભાઇ મેવાસીયા, તળશી દાનાભાઇ મેણીયા અને વિપુલ ધીરૂભાઇ મેવાસીયા (રહે.બધા ચીત્રાવાવ તા.રાજકોટ)ને પકડી રૂા.૪૦,૫૦૦ની રોકડ કબ્જે કરી હતી

# વિદેશી દારૂના ચપલા, બોટલ સાથે પાંચ પકડાયા

રાજકોટ તા. ૨૦

શહેરમાં ઠેકઠેકાણે વિદેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા હતાં. પોલીસે પાંચ સ્થળે દરોડા પાડી દારૂના જથ્થા સાથે પાંચને ઝડપી લીધા હતા. થોરાળા પોલીસે આજી વસાહતમાં, સાંઇબાબા સર્કલ પાસે, યુનિવર્સિટી પોલીસે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર તાલુકા પોલીસે કાલાવડ રોડ પાસે અને એલ.સી.બી. ઝોન-૨ ની ટીમે આંબેકડરનગર ખાતે દરોડા પાડી કાર્યવાહી કરી હતી. આજી વસાહત મેઇન રોડ પર શેરી નં. ૭/૮ ના ખુણોથી થોરાળા પોલીસના કોન્સ્ટેબલ શૈલેષભાઇ નેચડા સહિતના સ્ટાફે બાતમીના આધારે ભરત રણછોડભાઇ મકવાણા (ઉ.વ.૨૦) રહે. ખોડીયારપરા, આજી વસાહતા ને પકડી રૂા. ૩૦૬૦ ની કિંમતના ૧૭ ચપલા, ફોન અને એકટીવા મળી કુલ રૂા. ૫૩,૦૬૦ ના મુદ્દામાલ સાથે પકડી લીધો હતો. હેડ કોન્સ્ટેબલ એચ.ડી. પરમારે વધુ તપાસ હાથ ધરી છે.

તેમજ સાંઇબાબા સર્કલ નજીક હુસૈની ચોક પાસેથી આજી ડેમ પોલીસનાં હેડ કો. દેવાંગભાઇ પાલા અને બી. એ. જોગીયા સહિતના સ્ટાફે ગીરીશ રમેશભાઇ પરમાર (ઉ.વ.૨૬) રહે. અયોધ્યા પાર્ક સોસાયટી, કોઠારીયા સોલવન્ટને ઝડપી લઇ રૂા. ૨ હજારની દારૂની ૧૦ બોટલ કબ્જે કરી હતી. નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર મુંજકા ચોકડી પાસે રોડ ઉપરથી યુનિવર્સિટી પોલીસનાં હેડ કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ, સવજીભા કો. દિવ્યરાજ ટેમભા જાડેજા સહિતના સ્ટાફે કર નિલકંઠભાઇ બંજારા (ઉ.૨૧ રહે. મુંબઇ, ગલી નં. ૧૨, ગણપત પાટીલનગર, ન્યુલીંક રોડ, બોરીવલી વેસ્ટ, મુળ કર્ણાકટ) ને રૂા. ૧૨,૫૭૬ ની કિંમતની દારૂની ૪૮ બોટલ સાથે ઝડપી લીધો હતો. ઉપરાંત કાલાવડ રોડ નજીક વામ્બે આવાસથી ભીમનગર તરફ જતા રસ્તેથી તાલુકા પોલીસનાં હેડ કો. અજયભાઇ ભુંડીયા, કો. પાર્થભાઇ સોજીત્રા સહિતના સ્ટાફે શિવદયાલ રામજીત સહાજા (ઉ.વ.૩૩ રહે. મારવાડી સોસાયટી, રૈયાધાર મફતીયાપરા, યુ.પી.) ને દારૂના બે ચપલા સાથે ઝડપી લીધો હતો. તેમજ કાલાવડ રોડ પર આંબેડકરનગરમાંથી એલસીબી ઝોન-૨ ની ટીમે હેડ કો. સત્યજીતસિંહ જાડેજા, હેમેન્દ્રભાઇ વાઢીયા, સહિતના સ્ટાફે વિજય મનસુખભાઇ પરમાર, (ઉ.વ.૨૬ રહે. આંબેડકનગર, કાલાવડ રોડ) ને રૂા. ૧૦,૦૫૦ ની કિંમતની દારૂની ૩૦ બોટલ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

### દારૂની જેમ ડ્રગ્સના બંધાણીઓ વધી ગયા હોઈ માદક પદાર્થોની હેરાફેરી પણ વધી ગયા

# કોઠારીયા રોડનો રિક્ષાચાલક MD ડ્રગ્સ સાથે ઝડપાયો

### વધુ એક વખત માદક પદાર્થનું પગેરૂ રાજસ્થાન તરફ નીકળ્યુંઃ નશાનો બંધાણી શખ્સ ત્યાંથી આ પદાર્થ લાવ્યો હતોઃ વેંચે એ પહેલા પકડાયો

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં દારૂની જેમ ડ્રગ્સના બંધાણીઓ વધી ગયા હોઇ માદક પદાર્થોની હેરાફેરી પણ વધી ગઇ છે. જો કે એસઓજી સતત આવા પેડલરો, સપ્લાયરો, ધંધાર્થીઓને પકડતી રહે છે. વધુ એક દરોડામાં એસઓજીની ટીમે એમડી ડ્રગ્સ સાથે એક રિક્ષાચાલકને દબોચ્યો હતો. આ શખ્સ પોતે આવા પદાર્થનું સેવન કરવાનો બંધાણી છે અને આવો પદાર્થ તે રાજસ્થાનથી લાવ્યાનું રટણ કરી રહ્યો હોઇ સાચી હકિકત ઓકાવવા રીમાન્ડની તજવીજ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ પરથી કોઠારીયા રોડ વિસ્તારનો રિક્ષાચાલક શખ્સ બાઇક પર બેસી એમડી ડ્રગ્સ સાથે નીકળતાં તેને રૂા. ૧.૬૪ લાખના ૫૪.૭૩૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી લીધો છે. રાજસ્થાન તરફથી આ શખ્સ ડ્રગ્સ લાવ્યાનું અને પોતે પણ બંધાણી હોઇ ખર્ચો કાઢવા એક-એક ગ્રામની પડીકી બનાવી વેંચતો હોવાનું રટણ કરતો હોઇ તેની વિશેષ પુછતાછ માટે રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી. સે નો ટુ ડ્રગ્સ મિશન અંતર્ગત નશાના રવાડે યુવાધન ન ચડે તે માટે આવા પદાર્થનું ખરીદ-વેંચાણ અટકાવવા ટીમ પેટ્રોલીંગમાં હતી.

આ વખતે એએસઆઇ ફિરોઝભાઇ રાઠોડ, હેડકોન્સ. હાર્દિકસિંહ પરમારને બાતમી મળી હતી કે અગાઉ ચોરીના કેસમાં પકડાઇ ચુકેલો કોઠારીયા રોડ વિસ્તારનો તૌફિક નામનો શખ્સ કાલાવડ રોડ રામેશ્વર પાર્ટી પ્લોટના ખુણા પાસે જીજે૦૩પીએલ-૫૯૧૬ નંબરના બાઇક પર પસાર થવાનો છે અને તેની પાસે માદક પદાર્થ છે. આ બાતમીને આધારે વોચ રાખી તોસીફને પકડી લેવાયો હતો. તેની તલાશી લેતાં તેની પાસેથી શંકાસ્પદ પદાર્થ




મળ્યો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયા પાસે પરિક્ષણ કરાવતાં આ પદાર્થ એમડી હોવાનું ખુલ્યું હતું. વજન કરાવતાં આ પદાર્થ ૫૪.૭૩૦ ગ્રામ હોવાનું જણાયું હતું. જેની કિંમત રૂા. ૧,૬૪,૧૯૦ ગણી કબ્જે કરી તૌસીફ આરીફભાઇ તુરીયા-કાઝી (રહે. ગોકુલનગર શેરી નં. ૩, કોઠારીયા રોડ, નીઝામબાપુના મકાનમાં ભાડેથી) સામે તાલુકા પોલીસમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી હતી.

વધુ માહિતી અનુસાર આ શખ્સ પાસેથી માદક પદાર્થ ઉપરાંત મોબાઇલ ફોન, બાઇક મળી કુલ રૂા. ૨,૫૯,૫૧૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. તે અગાઉ એ-ડિવીઝનમાં ચોરીના ગુનામાં અને અન્ય એક ગુનામાં પકડાયો હતો. હાલ તે છુટક રિક્ષા ડ્રાઇવીંગ કરે છે અને પોતે માદક પદાર્થનો બંધાણી પણ છે. તે પહેલી જ વખત કોઇ વચેટીયાનો સંપર્ક કરી રાજસ્થાન તરફથી આ એમડી લાવ્યાનું રટણ કરતો હોઇ સાચી વિગતો ઓકાવવા રીમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચેતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એન. બી. ચૌધરી, પીએસઆઇ વી. વી. ધ્રાંગુ, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, ફિરોઝભાઇ રાઠોડ, ઇન્દ્રસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ ઝાલા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ. હાર્દિકસિંહ પરમાર, મૌલિકભાઇ સાવલીયા, કોન્સ. યોગેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ વાળા, કોન્સ. મોનાબેન બુસા, ડ્રા. કોન્સ. મહાવીરસિંહ જાડેજા, નિર્મળસિંહ ઝાલાએ આ કામગીરી કરી હતી. વધુ એક વખત માદક પદાર્થનું પગેરૂ રાજસ્થાન તરફ નીકળ્યું હતું.



### કમિશનખોરીના રિપોર્ટ સામે ભાજપ-કોંગ્રેસના નગરસેવકો એક થઈને તૂટી પડ્યા

# ભ્રષ્ટાચાર પર 'સબ સલામત'નો સિક્કો?

## ૫ વર્ષની ગેરંટી છતાં બગડેલા રોડનો બોગસ રિપોર્ટ અપાતા જનરલ બોર્ડમાં ભડકો; વિપક્ષના વિરોધમાં શાસક પક્ષના કોર્પોરેટરોએ પણ સૂર પુરાવતા તંત્ર ઉઘાડું પડ્યું

રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે શહેરના રસ્તાઓના નિર્માણ અને ડામર કામ માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે, છતાં પણ સામાન્ય વરસાદ કે થોડા જ સમયમાં નવા બનેલા રસ્તાઓ પણ તૂટી જવા, મોટા ગાબડાં પડવા અને બિસ્માર બની જવા એ રાજકોટવાસીઓ માટે દર વર્ષની કાયમી મુશ્કેલી બની ગઈ છે. મનપાના રસ્તાના કામોમાં કોન્ટ્રાક્ટરો, નીચલા સ્તરના કર્મચારીઓથી માંડીને ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય સ્તર સુધી ચોક્કસ ટકાવારીનું કમિશન વહેંચાતી હોવાના આક્ષેપો વર્ષોથી થતા આવ્યા છે. આ સિસ્ટમના કારણે બજેટમાંથી મોટો હિસ્સો વહિવટી મલાઇમાં જતો રહેતાં, કોન્ટ્રાક્ટરો પોતાના નફાનું માર્જિન જાળવી રાખવા માટે ડામર, કપચી અને અન્ય રોડ મટીરીયલની ગુણવત્તામાં ભારે કાપ મૂકે છે. જવાબદાર ઇજનેરો અને અધિકારીઓ પણ પોતાના સ્વાર્થ ખાતર નબળી ગુણવત્તાવાળા કામને સરળતાથી મંજૂરી આપી દેતા હોય છે, જેના પરિણામે પ્રજાના ટેક્સના નાણાં પાણીમાં જાય છે.

ટેકનીકલ દ્રષ્ટિએ જોઈએ તો ડામર રોડની હલકી ગુણવત્તા અને બનાવટ દરમિયાન રખાતી બેદરકારી જ રસ્તાના વહેલા ધોવાણ માટે મુખ્ય જવાબદાર છે. રોડ બનાવતી વખતે ડામરનું પ્રમાણ ઓછું રાખવું, યોગ્ય ગ્રેડની કપચી ન વાપરવી તેમજ રોડ બનાવતા પહેલાં નીચેનું સ્તર બરાબર મજબૂત ન કરવુ એ સામાન્ય બાબત બની ગઈ છે. સાથોસાથ રસ્તા પરથી વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે ઢાળ કે ડ્રેનેજની વ્યવસ્થા ન હોવાથી પાણી રોડ પર જમા રહે છે અને ડામરને ઝડપથી તોડી નાખે છે.

કોન્ટ્રાક્ટના નિયમો મુજબ રસ્તો બનાવ્યા બાદ ત્રણથી પાંચ વર્ષનો ગેરંટી પિરિયડ હોય છે, જે દરમિયાન રોડ તૂટે તો કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે જ રિપેરિંગ કરી આપવાનું હોય છે. પરંતુ મનપા દ્વારા નબળું કામ કરનાર કોન્ટ્રાક્ટરો સામે કડક પગલાં લેવા કે તેમને બ્લેકલિસ્ટ કરવાને બદલે પ્રજાના જ નાણાંમાંથી ફરી પેચવર્ક કે નવા બજેટ મંજૂર કરી દેવામાં આવે છે. આ ભ્રષ્ટ વહીવટને કારણે વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે, વાહનોને ભારે નુકસાન થાય છે અને નાગરિકોને આર્થિક તથા શારીરિક યાતનાઓ ભોગવવી પડે છે. આ સ્થિતિ બદલવા માટે રોડના કામનું થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન, કડક દંડની જોગવાઈ અને તમામ વિગતો જાહેર જનતા સમક્ષ પારદર્શક બનાવવી અત્યંત જરૂરી છે.

રાજકોટ મહાનગરપાલિકાની જનરલ બોર્ડ બેઠકમાં રાત્રિ સફાઈની કામગીરીમાં ચાલી રહેલી ગંભીર લાપરવાહી અને ધાંધિયાને લઈને નગરસેવકોએ સવાલોનો મારો ચલાવતા ભારે હંગામો મચ્યો હતો. શહેરમાં રાજમાર્ગોની સફાઈ માટે હાલ ૧૨ સ્વીપિંગ વાન મશીન કાર્યરત છે, પરંતુ આશ્ચર્યજનક રીતે ₹૭૦.૨૦ લાખની કિંમતનું એક એવા ₹૧ કરોડ ૪૦ લાખના બે અધતન સ્વીપર વાન છેલ્લા છ મહિનાથી વર્કશોપમાં ધૂળ ખાઈ રહ્યા હોવાની વિગતો સામે આવી હતી. આટલી મોટી રકમના મશીનો અડધા વર્ષથી બંધ પડ્યા હોવા છતાં અધિકારીઓ દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી ન કરવામાં આવી હોવાનું સામે આવતા વાતાવરણ ગરમ થઈ ગયું હતું.

સભા દરમિયાન જ્યારે આ મામલે પૂછપરછ કરવામાં આવી ત્યારે મશીનો રિપેર થવામાં હજુ પણ વધુ બે મહિના જેટલો સમય લાગી જશે તેવો બેજવાબદાર જવાબ સાંભળીને મેયર ગુસ્સે ભરાયા હતા અને સભામાં જ જવાબદાર અધિકારીઓનો આકરો ઉધડો લીધો હતો. કરોડો રૂપિયાના જાહેર નાણાંથી ખરીદાયેલા સાધનો આ રીતે મહિનાઓ સુધી બિનકાર્યક્ષમ પડી રહે તે સફાઈ ઝુંબેશ સામે મોટા સવાલો ઊભા કરે છે. મેયરે આ ગંભીર બેદરકારી બદલ કડક વલણ અપનાવતા સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે જો આ સ્વીપર વાન મશીનો તાત્કાલિક અસરથી રિપેર કરીને ચાલુ કરવામાં નહીં આવે, તો સંબંધિત એજન્સી સામે આકરી પેનલ્ટી ફટકારીને દંડાત્મક પગલાં લેવામાં આવશે. મોટાભાગના નગરસેવકો તરફથી એવી ફરિયાદ સાંભળવા મળી છે કે, જનરલ બોર્ડમાં થતી ચર્ચા સભા પુરી થાય પછી અધિકારીઓ અભેરાઇએ ચડાવી દે છે. કોઇ પગલાં કે સુચન મુજબના કામ થતા નથી. આવી વ્યાપક ફરિયાદોને ધ્યાને લઇને મેયર ડો.નેહલ શુક્લે એવો કડક આદેશ કર્યો હતો કે, સભામાં જે ચર્ચા થાય, સુચનો થાય તેનુ નિરાકરણ નેક્સ્ટ બોર્ડ સુધીમાં લાવવુ. પ્રોગેસ રિપોર્ટ નેક્સ્ટ બોર્ડમાં ફરજિયાત મુકવાનો રહેશે.

## સિવિલથી એઇમ્સ સુધી ખાસ સિટી બસ સેવા શરૂ

રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્રભરના દર્દીઓ માટે અત્યંત સસ્તા દરે વિદેશ જેવી અધતન તબીબી સારવાર આપતી એઇમ્સ હોસ્પિટલ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. એઇમ્સમાં ક્રમશઃ તમામ વિભાગો શરૂ થઈ રહ્યા છે અને વિશ્વસ્તરીય નિષ્ણાત તબીબોની ભરતી કરવામાં આવી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને વધુ અધતન સારવાર માટે એઇમ્સમાં ટ્રાન્સફર કરવા પડે અથવા તો ખાનગી લેબોરેટરીમાં થતા મોંઘાદાટ રિપોર્ટ એઇમ્સમાં સસ્તા દરે કરાવવા જવાની જરૂર પડે, તેવા દર્દીઓ અને તેમના સગાંઓની સુવિધા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિવિલ હોસ્પિટલથી એઇમ્સ સુધી ખાસ સિટી બસ સેવા શરૂ કરવામાં આવી છે.

## આજી નદીમાં ગાંડીવેલનો ઉપદ્રવ : દર વર્ષે લાખોના ખર્ચ છતાં મચ્છરોનો ત્રાસ યથાવત

રાજકોટની જીવાદોરી સમાન આજી નદીમાં ફેલાયેલી ગાંડીવેલ હવે શહેર માટે અસાધ્ય બીમારી સમાન બની ગઈ છે. નદીના પટમાં પથરાયેલી આ વેલના તળિયાના ભાગે મચ્છરોની એક આખી અલગ વસાહત ઊભી થઈ છે, જેના કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં મચ્છરોનો ભારે ઉપદ્રવ અને રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. મહાનગરપાલિકાની જનરલ બોર્ડ બેઠક દરમિયાન નદી સફાઈ અને ગાંડીવેલના મુદ્દે વિપક્ષી સભ્ય મકબુલ દાઉદાણીએ તંત્ર સામે સવાલોનો મારો ચલાવ્યો હતો. તેમણે ઉગ્ર રજૂઆત કરતા પૂછ્યું હતું કે, દર વર્ષે આજી નદીમાંથી ગાંડીવેલ હટાવવા પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરવા છતાં આ સમસ્યાનો જડમૂળથી ઉકેલ શા માટે લાવવામાં આવતો નથી?

### રાજકોટ સહિત રાજ્યભરમાં સ્ટેટ ફૂડ વિભાગના દરોડા

# ૧૮૭ રેસ્ટોરન્ટ્સમાં દરોડા ૬ સીલ અને ૧૩૭ એકમો બંધ

### દૂષિત ખોરાક પીરસતી હોટલ-રેસ્ટોરન્ટ્સ સામે તંત્રની લાલ આંખ




રાજકોટ, તા. ૨૦

ગુજરાતમાં નાગરિકોનાં આરોગ્ય સાથે ચેડાં કરતા અને બિનઆરોગ્યપ્રદ ખોરાક પીરસતા ભેળસેળિયા તત્વો સામે રાજ્ય તંત્રએ લાલ આંખ કરી છે. રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી ખાસ સમીક્ષા બેઠક બાદ સમગ્ર રાજ્યભરમાં એક 'સ્પેશિયલ ડ્રાઈવ' અંતર્ગત વ્યાપક દરોડા પાડવામાં આવ્યા છે. આ ઝુંબેશ હેઠળ ફૂડ વિભાગની અલગ-અલગ ટીમો દ્વારા રાજ્યના વિવિધ શહેરોમાં આવેલી કુલ ૧૮૭ જેટલી રેસ્ટોરન્ટ્સ અને હોટલોમાં અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મુખ્યત્વે રસોડાની સ્વચ્છતા, વપરાતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, વાસી ખોરાક અને સ્ટોરેજ વ્યવસ્થાની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન ગંભીર ક્ષતિઓ અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ જણાતા ફૂડ વિભાગે કડક વલણ અપનાવીને કુલ ૬ રેસ્ટોરન્ટ્સને સ્થળ પર જ સીલ કરી દીધી છે, જ્યારે ૧૩૭ જેટલી રેસ્ટોરન્ટ્સમાં અત્યંત અસ્વચ્છ વાતાવરણ અને નિયમોનું ઉલ્લંઘન જોવા મળતા તેમને સંપૂર્ણપણે બંધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત, અનેક સ્થળોએથી શંકાસ્પદ ખાદ્ય સામગ્રીના સેમ્પલ લઈને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રીએ બેઠકમાં સ્પષ્ટ સૂચના આપી છે કે લોકોના આરોગ્ય સાથે રમત કરનાર કોઈપણ વેપારી કે સંચાલકને બક્ષવામાં આવશે નહીં અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટનું પાલન ન કરનારા સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. તંત્રની આ અચાનક અને કડક કાર્યવાહીથી સમગ્ર રાજ્યના હોટલ અને રેસ્ટોરન્ટ સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# રા.લો સંઘના ૨ ડાયરેક્ટર બિનહરીફ

### પૂર્વ ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા, તથા નીતિન ઢાકેચા બિનહરીફ : ૧૩ પદો માટે સ્પર્ધાનું ચિત્ર રસપ્રદ બન્યું








રાજકોટ, તા. ૨૦

સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રમાં અતિ મહત્વપૂર્ણ ગણાતા એશિયાના સૌથી મોટા રાજકોટ લોધિકા ખરીદ-વેચાણ સંઘની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારી પત્રોની પ્રક્રિયા પૂર્ણ થતાં જ ચિત્ર વધુ સ્પષ્ટ બન્યું છે. બે બેઠકો પર ઉમેદવારો બિનહરીફ થયા છે. ઉમેદવારી ફોર્મ ચકાસણી અને ભરાયેલા ફોર્મની સ્થિતિ મુજબ બે જૂથમાં સિંગલ ફોર્મ આવતા બે ડિરેક્ટરો બિનહરીફ જાહેર થયા છે. નરેન્દ્રસિંહ જાડેજાનું પણ એકમાત્ર ફોર્મ ભરાતાં તેઓ બિનહરીફ બિનહરીફ ચૂંટાયા છે. નિતીન ઢાકેચાનું એકમાત્ર ફોર્મ ભરાતાં તેઓ ડિરેક્ટર પદ માટે બિનહરીફ થયા છે.

બિનહરીફ થયેલી ૨ બેઠકો સિવાયની બાકીની ૧૩ ડિરેક્ટર પદની બેઠકો પર ચૂંટણીનો ત્રિપાંખિયો જંગ જામવાના એંધાણ છે. આ જૂથોમાં પ્રતિ બેઠક બે થી લઈને ચાર ફોર્મ ભરાયા છે. સહકારી ક્ષેત્રના મોટા ગણાતા માથાઓના પોતાના જૂથમાં પણ બહુવિધ ફોર્મ ભરાતાં બિનહરીફ થવાની શક્યતાઓ પર વિરામ મુકાયો છે. ફોર્મ ભરાવાની મુદત પૂર્ણ થયા બાદ હવે સૌની નજર ભાજપ હાઇકમાન્ડ તરફ ટકેલી છે. મોવડીમંડળ કયા ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળે છે અને કોને અધિકૃત મેન્ડેડ આપે છે તે જોવું મહત્વનું રહેશે.

દરમિયાન ભાજપના મેન્ડેટ પહેલાં જ દાવેદારોની રાજકીય દોડધામ વધી છે. પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી સહિતના દાવેદારો ભાજપ કાર્યાલયે પહોંચ્યા હતા. રૈયાણીએ સ્પષ્ટ કર્યું કે પક્ષના આદેશ અને મેન્ડેટ મુજબ જ ચૂંટણી લડવામાં આવશે. બળવાની કોઈ વાત નથી અને પક્ષ જે નિર્ણય કરશે તેને સૌએ સ્વીકારવો પડશે. રાજકોટ લોધિકા ખરીદ-વેચાણ સંઘને એશિયાના સૌથી મોટા સંઘ તરીકે ઓળખાવવામાં આવે છે અને સહકારી ક્ષેત્રમાં તેનું વિશેષ મહત્વ છે. જૂથવાદ અંગે નરેન્દ્રસિંહ જાડેજાએ પણ સંકેત આપતા કહ્યું કે પરિવાર હોય ત્યાં વાસણ ખખડે. હવે મેન્ડેટ બાદ ચૂંટણીનું ચિત્ર વધુ સ્પષ્ટ થશે.

ભાજપના નેતા અલ્પેશ ઢોલરીયાએ જણાવ્યું કે પક્ષનો નિર્ણય આવ્યા બાદ જે ઉમેદવારોને ચૂંટણી નહીં લડવાની સૂચના મળશે તેઓ પોતાની ઉમેદવારી પરત ખેંચશે. તેમણે કહ્યું કે ઉમેદવારોએ સંકલન બાદ જ દાવેદારી નોંધાવી છે અને પક્ષના નિર્ણય મુજબ આગળની પ્રક્રિયા થશે. બીજી તરફ રાજકોટ લોધિકા સંઘના બાકીના ૧૩ પદો માટે સ્પર્ધાનું ચિત્ર રસપ્રદ બન્યું છે. આ પદો માટે બે થી ચાર ફોર્મ ભરાયા હોવાનું સામે આવ્યું છે. જેના કારણે આગામી તબક્કામાં ઉમેદવારીની ચકાસણી અને અંતિમ યાદી બાદ ચૂંટણીનો માહોલ વધુ સ્પષ્ટ થશે.

હાલ તમામની નજર ફોર્મની ચકાસણી અને ત્યારબાદની ચૂંટણી પ્રક્રિયા પર છે. કયા ઉમેદવારો અંતિમ મેદાનમાં રહેશે અને કયા પદો પર સીધી ટક્કર જોવા મળશે તે આગામી તબક્કામાં સ્પષ્ટ થશે. રાજકોટ લોધિકા સંઘની ચૂંટણીને લઈને સહકારી ક્ષેત્રના રાજકીય સમીકરણો પર પણ સૌની નજર મંડાયેલી છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in
(મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
FIXED DEPOSIT ના
નવા આકર્ષક વ્યાજદર
વ્યાજદર ૭.૭૫ %
૩ વર્ષથી વધુ ૫ વર્ષ સુધી
સિનીયર સીટીઝન તેમજ બલ્ક ડિપોઝિટ માટે
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં
મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક
સહકારથી સમૃદ્ધિ